# અહલે સુન્નત વ જમાઅત

યા'ને

મસ્લકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર.......

બફયઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ

બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

# બરકાતે ખ્વાજા (માસિક)

**"બરકાતે ખ્વાજા"** (માસિક)

**૧–એપ્રિલ–૨૦૦૬**

સફરૂલ્ મુઝફ્ફર-રબીઉલ અવ્વલ શરીફ

**હિજરી સન : ૧૪૨૭**

**વર્ષ : ૦૩ અંક : ૦૪, સળંગ અંક : ૨૮**

★ સ્થાપક અને પ્રકાશક ★

**ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા**



★ પત્ર વ્યવહારનુ સરનામું ★

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. **ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મોબાઈલ : ૯૪૨૭૪ ૬૪૪૧૧**

Email User ID : islamic@sancharnet.in


★ લવાજમ ★

| | | |
|---|---|---|
| ★ છુટક નકલ | રૂા. | ૧૦–૦૦ |
| ★ વાર્ષિક લવાજમ | રૂા. | ૧૦૦–૦૦ |
| ★ વિદેશ માટે | £ | 15–00 |
| ★ પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૦૦૦–૦૦ |
| ★ આજીવન | રૂા. | ૨૫૦૦–૦૦ |
| ★ વિદેશ માટે પેટ્રન | £ | 150–00 |
| ★ વિદેશ માટે આજીવન | £ | 250–00 |

## કૌન જાએ દર તુમ્હારા છોળ કર

(અઝ : ઉસ્તાદે ઝમન હસન રઝા બરેલ્વી رحمۃ اللہ علیہ)

સૈરે ગુલશન કૌન દેખે દશ્તે તય્બહ્ છોળ કર
સૂએ જન્નત કૌન જાએ દર તુમ્હારા છોળ કર

સર ગુઝિશ્તે ગ઼મ કહૂં કિસ સે તેરે હોતે હુએ
કિસ કે દર પર જાઉં તેરા આસ્તાના છોળ કર

બેલિફ઼ાએ યાર ઉન કો ચૈન આ જાતા અગર
બારબાર આતે ન યૂં જિબ્રઈલ સિદરહ્ છોળ કર

કૌન કહતા હય દિલે બે મુદ્દઆ હય ખૂબ ચીઝ
મંય તો કોળી કો ન લૂં ઉન્કી તમન્ના છોળ કર

મર હી જાઉં મૈં અગર ઉસ દરસે જાઉં દો કદમ
ક્યા બચે બીમારે ગ઼મ કુર્બે મસીહા છોળ કર

કિસ તમન્ના પે જીયેં યા રબ અસીરાને નફ઼સ
આ ચૂકી બાદે સબા બાગે મદીના છોળ કર

બખ્શવાના મુઝ સે આસી કા રવા હોગા કિસે
કિસ કે દામન મેં છુપૂં દામન તુમ્હારા છોળ કર

ખુલ્દ કૈસા નફ઼સ સર કશ જાઉંગા તય્બહ્ કો મૈં
બદ ચલન હટકર ખળા હો મુઝ સે રસ્તા છોળ કર

હશ્ર મેં એક એક કા મુંહ તકતે ફિરતે હંય અદૂ
આફતોં મેં ફંસ ગએ ઉનકા સહારા છોળ કર

મર કે જીતે હંય જો ઉનકે દર પે જાતે હંય **"હસન"**
જીકે મરતે હંય જો આતે હંય મદીના છોળ કર


★ માનદ તંત્રી ★

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** (B.sc)

# બરકાતે ખ્વાજા (માસિક) એપ્રિલ-૨૦૦૬

★ વર્ષ : 03 ★ અંક : 0૪ ★ સળંગ અંક : ૨૮


| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૦૧. | તંત્રી લેખ : **નબી વલીની અદાવત સાથે કુર્આન પઢવાથી હિદાયત નહીં ગુમરાહી મળે છે !** | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી | ૦૩ |
| ૦૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | **લેખક** : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યાલય) | ૦૮ |
| ૦૩. | બાળકોનો તર્બિયતી ગુલશન | **કાર્યાલય** | ૧૧ |
| ૦૪. | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | **અઝ** : મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ | ૧૨ |
| ૦૫. | ફતવા વિભાગ | **કાર્યાલય** | ૧૪ |
| ૦૬. | દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ એટલે **કાનૂને શરીઅત** | **લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ **અનુવાદક** જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી | ૧૬ |
| ૦૭. | ઈસ્લામ અને આધુનિક શોધો | **લેખક** : અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની (ગુજરાતી અનુવાદક) પટેલ શબ્બીર અલી રઝવી | ૧૮ |
| ૦૮. | ઈસ્લામમાં ઈદે મીલાદુન્નબીનું મહત્વ | **અઝ** : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ મિસ્બાહી | ૧૯ |
| ૦૯. | ગારે ઓહદને તોડી પાડવાનો નાપાક મનસૂબો ! | **કાર્યાલય** | ૨૨ |
| ૧૦. | નબી પાક ﷺના શરીરની દરેક વસ્તુ પાક છે ! | **અઝ** : ફખ્રે ગુજરાત હઝરત અલ્લામા મૌલાન યૂનુસ મિસ્બાહી–પ્રેસ્ટન (યુ.કે.) | ૨૪ |
| ૧૧. | ઈસ્લામી જેહાદ વાસ્તવિક્તાના આઈનામાં | **કાર્યાલય** | ૩૧ |
| ૧૨. | દીને હક્ક માટે સહાબાની કુર્બાનીઓ અને આપણે | **રજૂ.** : મુહમ્મદ ફૈઝ કાસિમ પઠાણ–મલાડ (મુંબઈ) | ૪૨ |
| ૧૩. | બરકાતે ખ્વાજાની ટપાલ | **કાર્યાલય** | ૪૭ |


**સ્થળ સંકોચને કારણે આ અંકમાં શિફા શરીફ, ગુનાહોનો ઈલાજ, રહમતે દૌરન ﷺના શયદાઈ, ઔરતોની હિકાયતોનો સમાવેશ કરી શકાયો નથી. આવતા અંકે રાબતે મુજબ આવશે. (ઈન્શાઅલ્લાહ !)**

મુસ્લિમ એકતામાં એક અધિક ફાયર !!

# નબી વલીની અદાવત સાથે કુર્આન પઢવાથી હિદાયત નહીં ગુમરાહી મળે છે !

તંત્રી લેખ....

અત્યારે મારી સમક્ષ એક કિતાબ ગુજરાતીમાં "શિર્ક ક્યા હૈ ? કુર્આનસે પૂછો ?" એવા (રૂપાળા !) નામની જેના સંપાદક તથા પ્રકાશક ઉષ્માનભાઈ મેમણ પાટણવાલા (ઉ.ગુ.) કોઈ છે જેમણે કુર્આની આયતોના તર્જુમા લખ્યા છે કે જે આયતો કાફિરોના હક્કમાં તથા તેમના જૂઠા મઅબૂદોના હક્કમાં નાઝિલ થઈ હતી તેને મુસલમાનો તથા અંબિયા, ઔલિયા પર ફીટ કરીને કુર્આનના તર્જુમા નીચે જાતે જાતે જ તેનો ખુલાસો દીધે રાખ્યો છે ! એ આયતો વિશે સહાબાની કે આગલા મહાન બુઝુર્ગોની તફસીરોની વિરૂધ્ધ કુર્આની આયતોના મનમાન્યા ભાવાર્થો કરીને પોતાના બાતિલ દેવબંદી તબ્લીગી મઝહબને સત્ય ઠરાવવા ફાંફાં માર્યાં છે. જો કે આવી જ કિતાબો અગાઉ પણ દા. ઉ. કંથારીયા (ભરૂચ)થી છપાતી રહી છે જેમ કે "તૌહીદ અને શિર્કની ભેદરેખા" તેમજ "નૂરે ઈમાનનું રક્ષણ" તેમજ કોસંબા (જિ. સૂરત)થી "શિર્ક યાને ઈમાનની સમાપ્તિ" આવા લપસણા ભ્રામક નામો વડે છપાતી રહી છે જેનો સંપૂર્ણ દલીલબદ્ધ જવાબ "તૌહીદ તથા શિર્ક વિશે સાચી સમજ" નામની કિતાબ દ્વારા અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા (જિ. ભરૂચ) થકી આપવામાં આવેલો છે, અને કિતાબના છેવટમાં એમના જ રચેલા શિર્કના કાયદા હેઠળ એમના જ મોલ્વીઓ મુશ્રિક ઠરી રહ્યા છે, તે પ્રસંગો તેમની કિતાબોમાંથી રજૂ કરી તેમને પ્રશ્નો પણ કર્યા છે, છતાં આજ સુધી એનો જવાબ આપવાને બદલે તેઓ એ જ જૂનુ ગાણુ "શિર્ક શિર્ક"નું આંખો મીચીને ગાતા રહે છે. તેમાંનું જ એક ગાણુ આ મેમણ પાટણવાળાની કિતાબ "શિર્ક કયા હૈ ?" છે.

સાચે જ કુર્આને પાકમાં અલ્લાહ રબ્બુલ ઈઝઝત ફર્માવે છે કે :– يُضِلُّ بِهٖ كَثِيْرًا ۙ وَّيَهْدِىْ بِهٖ كَثِيْرًا ؕ "અલ્લાહ ઘણા લોકોને એનાથી ગુમરાહ કરે છે અને ઘણાઓને હિદાયત ફર્માવે છે." *(પારા–૧, સૂ. બકરહ્–૨૬)*

## ★ શું આ ગુમરાહીના શબ્દો નથી ? ★

જે આયતો મૂર્તિઓ તથા કાફિરો સંબંધે ઉતરી તેને મુસલમાનો તથા અંબિયા, ઔલિયા પર ફિટ કરવું શું ગુમરાહી નથી ?! વાંચો ! કિતાબ "શિર્ક ક્યા હૈ ?"માં ઉષ્માનગની મેમણ પાટણવી લખે છે કે :–

"અબ જો લોગ પીર, ફકીરો, અવલિયા અલ્લાહ કો પુકારતે હૈં, ઉન્સે મદદ માંગતે હૈં. આખિર ઉન્કો ઈ'લાહ યાની આલેમુલ ગયબ, મા કાન વમા યકૂન, ઔર મુતસર્રફ ફિલ અમ્ર સમજતે હૈં તો ઉન્કો પુકારતે હૈ....અગર યે એ'તેકાદ ન હો કે મૈં જિસ અલ્લાહ કે વલીકો પુકાર રહા હૂં (વો ચારે ઝિંદા હો યા ઉસ પર મૌત આ ગઈ હો) વો સુનતા નહીં ઔર મેરી મુશ્કિલ હલ કરને કી કુદરત નહીં રખ્તા, તો પુકારેગા ક્યૂં ? લેહાઝા ઝાહિર હુવા કે ઉસકા યે અકીદા હોતા હૈ કે મૈં જિસ અલ્લાહ કે વલી કો પુકાર રહા હૂં વો માફવ કુલ અસ્બાબ હર જગા હર વક્ત સુન્તા હૈ જાન્તા હૈ ઔર મેરી મુશ્કિલ હલ કરનેકી કુદરત ભી રખ્તા હૈ. તો ક્યા ઉન્મેંસે કિસીને ભી કોઈ છોટા ભી ટુકડા આસ્માન કા બનાયા હૈ ? શાયદ અપની કબ્રવાલી જગા હી બનાયા હો ? ક્યા ખયાલ હૈ ! અરે ! જો અપની મૌત કો ન ટાલ સકે, ફિર નહલાનેમેં હમારે મોહતાજ, કફન પહનાનેમેં હમારે મોહતાજ, કંધો પર ઉઠાકર કબ્ર તક લે જાનેમેં હમારે મોહતાજ, જનાઝા પઢકર હમ બખ્શવાને કી દુઆ કરતે હૈં, કબ્ર હમ ખોદતે

हैं, कब्र में हम रखते हैं, कब्र पर मिट्टी हम डालते हैं, जब मिट्टी नीचे दब जाते है, फिर मुश्किल कुशा और बच्चे देनेके काबिल बन जाते हैं ? अरे ! वो तो अपनी कब्र खूद नहीं बना सक्ते वो किसीकी मुश्किल क्या हल करेंगे ? वो तो एक मख्खी का पर भी नहीं बना सक्ते किसी को बच्चा क्या देंगे ?" **(આગળ લખે છે......)**

**અલ્લાહ તઆલાને કુર્આનમેં ફર્માયા : (તર્જુમો) : "બેશક ! વો લોગ જિનકો તુમ પુકારતે હો અલ્લાહ કે સિવા વો હરગિઝ મખ્ખી નહીં બના સકેંગે અગર યે સારે જમા હો જાએં." (સૂ. હજ્જ–૭૩)**

**(પછી લખે છે....)** "अगर तमाम अंबिया, अवलिया जमा हो कर एक मख्खी बनाना चाहे तो नहीं बना सक्ते वो किसीको बच्चा क्या देंगे ? ईस लिये मुसलमानो अपने अकीदेकी ईस्लाह कर लो के अल्लाह के सिवा कोई ईलाह नहीं, वरना नजात छूटकारे का कोई रास्ता नहीं है आखेरतमें आगे." *(શિર્ક ક્યા હૈ, પેજ–૧૭, ૧૮)*

## ★ શું કુર્આન શિર્ક શીખવાડે છે ?! ★

દોસ્તો ! તમે વાંચી લીધું કે મેમણ પાટણવીના ઉપરોક્ત લખાણોમાં કુર્આનની આયતો જે કાફિરો માટે ઉતરી તેને સીધી જ અંબિયા ઔલિયા પર ફિટ કરી દેવામાં આવી અને લોકોને ગુમરાહ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. **જો મેમણ પાટણવી કુર્આનની દરેક આયત પર ઈમાન ધરાવતા હોય તો** નીચેની કુર્આની આયતોનો અભ્યાસ કરે અને દર્શાવે કે **શું કુર્આન પણ શિર્કની તા'લીમ આપે છે ?"** કુર્આનમાં અલ્લાહના નબી હઝરત ઈસા عليه السلام નું કથન છે કે :–

اَنِّیۡۤ اَخۡلُقُ لَکُمۡ مِّنَ الطِّیۡنِ کَهَیۡـَٔةِ الطَّیۡرِ فَاَنۡفُخُ فِیۡهِ فَیَکُوۡنُ طَیۡرًۢا بِاِذۡنِ اللّٰهِ ۚ "હું તમારા માટે માટીમાંથી પક્ષી જેવી મૂરત બનાવું છું પછી તેમાં ફૂંક મારું છું તો તે તુરત જ પક્ષી બની જાય છે અલ્લાહના હુકમથી. અને હું સાજા કરું છું પેદાઈશથી આંધળા તથા કોઢીઓને. અને હું મુડદાં જીવતાં કરું છું અલ્લાહના હુકમથી. અને તમને બતાવું છું જે તમે ખાવ છો અને જે તમારા ઘરોમાં જમા રાખો છો. બેશક ! આ વાતોમાં તમારા માટે મહાન નિશાની છે જો તમે ઈમાન ધરાવો છો." *(સૂરએ આલે ઈમ્રાન, આયત–૪૯, પારા–૩)*

**નોંધ** : ઉપરોક્ત કુર્આન શરીફની આયતના મતલબને સમજતાં પહેલાં એક વાત સમજી લો કે **કોઈ જાહિલથી જાહિલ માણસ પણ કોઈ નબી કે વલી માટે ઈલ્મે ગયબ હોવાની માન્યતા કે મદદનો કે અન્ય ઈખ્તિયાર માને છે તો તે અલ્લાહના આપવાથી જ માને છે, કોઈ પણ એવું નથી માનતો કે અલ્લાહના આપ્યા વગર જ એમનામાં આ પાવર છે. એવું જો કોઈ માને તો તે ક્યાંથી મુસલમાન રહેવાનો ?!** જ્યારે અલ્લાહના આપવાથી તેમનામાં અધિકાર માનવામાં આવે તો આ વહાબી દેવબંદીને શો વાંધો પડે છે ? કુર્આનમાં રબ તઆલા જ વર્ણન ફર્માવે છે જેમ કે આપે ઉપર વાંચ્યું.

કુર્આનમાં છે કે હઝરત ઈસા عليه السلام **માટીના બનાવેલા પક્ષીને ફૂંક મારીને જીવતું કરી દે છે, જન્મજાત આંધળા તથા કોઢીઓને સાજા કરી દે છે, મુડદાં જીવતાં કરે છે અને ઘરમાં જે કાંઈ ખાય તથા છુપાવે છે તે ગયબની વાત જાણી લે.**

હવે મેમણ પાટણવી કહે કે **શું કુર્આન શિર્કની તા'લીમ આપે છે ?** મેમણજી આ આયતનો ઈન્કાર કરી શકવાના જ નથી ! ભાઈઓ ! હકીકત એ છે કે એમણે જે આયતો શિર્કનો અર્થ સમજાવવા રજૂ કરી તેના ગલત અર્થો જ રજૂ કર્યા અને **કાફિરો સંબંધી આયતોને મારી મચડી મુસલમાનો પર ફિટ કરવાની કોશિશ કરી છે.** નહીં તો કુર્આનમાં રબ તઆલા જગા જગા એલાન કરે છે કે **અલ્લાહે નબી**

**વલીને ગયબનો ઈલ્મ તથા કેવા કેવા અધિકારો આપ્યા છે.**

વળી મેમણ પાટણવીના ઉપરોક્ત લખાણમાં નબી વલીને તદ્દન લાચાર અને મજબૂર દર્શાવ્યા છે કે, "કફન આપણે આપ્યું, કબર આપણે ખોદી, દફનાવ્યા આપણે......વગેરે તે આપણી શું મદદ કરી શકે?" તો અહીં હું કુર્આનની જ આયત રજૂ કરું છું જેનાથી સમજાઈ જશે કે નબી વલીનો મર્તબો રબ તઆલાએ કેટલો ઉચ્ચ રાખ્યો છે કે તેમનો કેવળ વસીલો લેવાથી જ કામયાબી મળી જાય છે.

وَكَانُوا مِنْ قَبْلُ يَسْتَفْتِحُونَ عَلَى الَّذِينَ كَفَرُوا ج "અને આનાથી પહેલાં તેઓ એ જ નબીના વસીલાથી ફતહ (જીત) માંગતા હતા. તો જ્યારે તશરીફ લાવ્યા તેમની પાસે તે જાણીતો પેહચાનેલો તેનાથી મુન્કિર થઈ ગયા. તો અલ્લાહની લઅનત મુન્કિર પર." *(સૂરએ બકરહ, આયત–૮૯, પારા–૧)*

**શાને નુઝૂલ** : સૈયદે અંબિયા ﷺના આગમન તથા કુર્આનના ઉતરાણ પહેલાં યહૂદીઓ પોતાની હાજતોના માટે હુઝૂરના પાક નામના વસીલાથી દુઆ કરતા અને કામયાબ થતા હતા અને આ રીતે દુઆ કરતા હતા કે, યા રબ! અમને ઉમ્મી નબીના સદકામાં ફતહ અતા ફર્માવ.

**મસ્અલા** : એનાથી જાણવા મળ્યું કે અલ્લાહના મકબૂલ બંદાઓના વસીલાથી દુઆ કબૂલ થાય છે. એ પણ જાણવા મળ્યું કે **હુઝૂર ﷺના દુનિયામાં આગમન પહેલાં હુઝૂર ﷺના નામની ખ્યાતિ હતી અને ત્યારે પણ હુઝૂર ﷺના વસીલાથી લોકોની હાજતો પૂરી થતી હતી.** *(ખઝાઈનુલ ઈર્ફાન, પેજ–૨૧)*

હવે મેમણ પાટણવી બતાવે કે કુર્આન તો કહે છે કે હજી તો નબી દુનિયામાં તશરીફ પણ નથી લાવ્યા છતાં લોકોની મદદ થઈ રહી છે !! તો તશરીફ લાવ્યા પછીનો આલમ શો હશે ?! અને પાટણવી જણાવે કે **શું આ આયતથી કુર્આન શિર્કની તા'લીમ આપે છે ?!** દોસ્તો ! આટલેથી સમજી લો કે પોતાના બાતિલ મઝહબને સાબિત કરવા પાટણવી પોતાના ગુરૂ ઈસ્માઈલ દહેલ્વીની નકલ કરીને કુર્આની આયતોનો ગલત માયનો દર્શાવીને લોકોને ગુમરાહ કરી રહ્યા છે ! નહીં તો કુર્આનમાં નબી વલીથી મદદ પામવાના અસંખ્ય દાખલા જોવા મળશે.

આ ટૂંકા લેખમાં વિસ્તારપૂર્વક ચર્ચા શક્ય નથી, ટૂંકમાં કુર્આનથી જ એક અધિક પ્રસંગ જોઈ લો અને ફરીથી પાટણવીનું લખાણ વાંચો અને ઈન્સાફથી ફૈંસલો કરો કે પાટણવી કુર્આનની આયતોના ગલત ભાવાર્થ રજૂ કરી રહ્યા છે કે નહીં ?!

પાટણવી તો કહે છે કે એ નબી વલી મૃત્યુ પામ્યા તેઓની કબર આપણે બનાવી, દફન માટે આપણા મોહતાજ તે શું આપણી મદદ કરે ?! જ્યારે કુર્આન કહે છે કે, જુઓ ! :–

## ★ તબર્રુકોની બરકત કુર્આનમાં ★

وَقَالَ لَهُمْ نَبِيُّهُمْ اِنَّ اٰيَةَ مُلْكِهٖٓ اَنْ يَّاْتِيَكُمُ التَّابُوْتُ الخ.. એટલે કે "બની ઈસ્રાઈલને તેમના નબી (હઝરત શમુઈલ عليه الصلوٰة والتسليم)એ ફર્માવ્યું કે તાલૂતની સલ્તનતની નિશાની એ છે કે તમારી પાસે તાબૂત (સંદૂક) આવે જેમાં તમારા રબની તરફ સકીના છે અને હઝરત મૂસા તથા હારૂન عليه الصلوٰة والتسليم ના બાકી રહેલાં તબર્રુકો છે તેને ફરિશ્તાઓ ઉઠાવી લાવશે તેમાં તમારા માટે નિશાની છે જો તમે મોમિન હોઉ." *(સૂરએ બકરહ, આયત–૨૪૮)*

આ તાબૂત હઝરત આદમ عليه الصلوٰة والتسليم ના સમયથી અંબિયા عَلَيْهِمُ السَّلَام માં પેઢી દર પેઢી ચાલ્યું આવ્યું હતું. હઝરત યાકૂબ عليه الصلوٰة والتسليم પછી બની ઈસ્રાઈલના અંબિયામાં એક પછી એકને પહોંચતું રહ્યું પછી બની ઈસ્રાઈલમાં રહ્યું. જ્યારે બની ઈસ્રાઈલને કોઈ જંગ કરવી પડતી અને દુશ્મનોથી સખત સામનો કરવાનો

થતો તો **તેઓ આ તાબૂતને આગળ રાખતા હતા અને તેની બરકતથી દુશ્મન સામેના મુકાબલામાં ફતહ માંગતા હતા અને તેઓને ફતહ (જીત) મળતી**, તેઓ કામયાબ થતા. તફસીરે ખાઝિનમાં છે (અર્થ) : અને જ્યારે લડાઈની તૈયારી હોય ત્યારે **તેને (તાબૂત) પોતાની સામે રાખતા અને તેના વસીલાથી ફતહની દુઆ કરતા તો તેઓ ફતહ પામતા હતા.**

તે તાબૂતમાં શું હતું ? એક ચીજ તો એ હતી જેને કુર્આને પાકમાં સકીનહ્ ફર્માવવામાં આવેલ છે તેની તફસીરમાં મુફસ્સિરોના ઘણાયે અકવાલ (કથનો) છે. હઝરત કતાદાએ તેની તફસીર જલાલત તથા વકાર (મહાનતા તથા બુઝુર્ગી) કરી છે, હઝરત રબીઅએ 'રહમત' કરી છે, હઝરત અતાએ 'આત્મસંતોષ' (ઈત્મિનાને કલ્બ) કરી છે એ ઉપરાંત અન્ય પણ ઘણા અકવાલ (કથનો) છે. (તફસીરે ઈબ્ને કષીર, તફસીરે લુબાબુત્તાવીલમાં એ જ પ્રમાણે છે.)

બીજી ચીજ તે તાબૂતમાં હતી જે કુર્આને કરીમે ફર્માવી તે હઝરત મૂસા તથા હઝરત હારૂન علیہ السلام ની બાકી રહેલી ચીજો જે આપ છોડી ગયા છે. મુફસ્સિરો ફર્માવે છે કે તેમાં હઝરત મૂસા علیہ السلام નો **અસા** (લાઠી) મુબારક અને હઝરત હારૂન علیہ السلام નો **અસા મુબારક** અને બંને હઝરાતના **પવિત્ર પોષાક** અને એક કથનમાં છે કે હઝરત મૂસા علیہ السلام નો **અમામા શરીફ** અને હઝરતના **નાલૈન શરીફ** (પગરખાં મુબારક) પણ હતાં.

હવે મેમણ પાટણવી જણાવે કે **હઝરત મૂસા તથા હારૂન તો કબરમાં જતા રહ્યા તેમની લાઠીમાં શું તાકત રહી ? તેમના અમામા તથા પગરખાં તથા પોષાકોથી શો ફાયદો થાય ? અરે !** કુર્આનમાં આ તબર્રુકાતોની બરકતો તથા તેના ફાયદાનું વર્ણન છે તો **શું કુર્આન શિર્કની તા'લીમ આપે છે ?** જાણવા મળ્યું કે પાટણવીની કિતાબ ''શિર્ક કયા હૈ ?'' એ શિર્કની સાચી સમજ આપનાર નથી પણ **ગમુરાહ કરનારી કિતાબ** છે.

સમજદાર માટે આટલી વાતો પૂરતી છે. **હવે અંતમાં અમે મેમણ પાટણવી સમક્ષ અમુક પ્રસંગો રજૂ કરીએ છીએ જેના વિશે એઓ બતાવે કે તેમના કાયદા પ્રમાણે આને લખનારા તથા માનનારા મુશ્રિક થયા કે નહીં ?!**

## ★ શું પાટણવી આ લોકોને મુશ્રિક માને છે ?! ★

મેમણ પાટણવીના દેવબંદી તબ્લીગી વર્ગના પેશવાઓ મોલ્વી કાસિમ નાનોત્વી, રશીદ અહમદ ગંગોહી, મોલ્વી અશરફઅલી થાનવી વગેરેના રિવાયત કરેલ બનાવોથી ભરપૂર કિતાબ "કરામાતે ઈમ્દાદિયા", "કુતુબખાના હાદી" દેવબંદથી છપાઈ જેમાંનો એક પ્રસંગ જોતા ચાલીએ :–

હાજી ઈમ્દાદુલ્લાહ સાહબના એક "મુરીદ" કોઈ દરિયાઈ–જહાઝમાં સફર કરી રહ્યા હતા, કે અચાનક દરિયામાં ભયાનક તોફાન શરૂ થઈ ગયું. જહાઝ ટકરાઈ ગયું, અને એવી પરિસ્થિતિ થઈ કે, ભયાનક મોજાંઓના વમળમાં જહાઝ ફસાઈને ડૂબી જશે, ત્યાર પછી શું બન્યું એ તેમની જબાનથી સાંભળો :–

**અર્થ** : તેમણે જ્યારે જોયું કે હવે ડૂબી મરવા સિવાય બીજો કોઈ ઉપાય નથી, આવી નિઃસહાય હાલતમાં ગભરાઈને તેમણે પોતાના પીર રોશન ઝમીર (હઝરત હાજી સાહબ) પ્રત્યે "ધ્યાન" કર્યું. આવા સમયથી બીજો કયો સમય હશે મદદે પહંચવાનો ! અલ્લાહ પાક જોવા અને સાંભળવાવાળો છે. એ જ વખતે આગબોટ ડૂબવાથી બચી ગઈ અને બધા માણસો પણ બચી ગયા.

અહીં તો બનાવ બનવા પામ્યો, ત્યાં બીજે દિવસે મખદૂમે જહાંએ (હાજી સાહબે) પોતાના નોકરને કહ્યું કે, "જરા મારી કમર દબાવો, ખૂબ જ દર્દ થાય છે. નોકરે કમ્મર દબાવતાં દબાવતાં ઝભ્ભો મુબારક ઉઠાવ્યો અને જોયું તો (હઝરતની) કમ્મર છીલાએલ હતી, કેટલાંક ઠેકાણેથી ચામડી છોલાઈ ગઈ હતી. પૂછયું કે, "હઝરત ! આ શું છે ? કમર કેવી રીતે છોલાઈ ગઈ ?" તો ફર્માવ્યું કે, "કંઈ જ નથી !" ફરી વાર પૂછયું તો આપ ચૂપ રહ્યા, જ્યારે ત્રીજીવાર પૂછયું કે, "હઝરત આ તો ઘસાઈ ગઈ છે અને આપ તો બીજે ક્યાંય ગયા પણ નથી !" ત્યારે હઝરતે ફર્માવ્યું કે, એક આગબોટ ડૂબી રહી હતી તેમાં એક તમારા દીન અને "સિલસિલા"ના ભાઈ (પીરભાઈ)ના કરૂણતાભર્યા અવાજે મને બેચેન કરી દીધો અને આગબોટને કમરનો સહારો દઈને ઉપર ઉઠાવી જ્યારે આગળ ચાલી, અને ખુદાના બંદાઓ બચી ગયા, તેથી કમર છીલાઈ ગઈ હશે અને એ જ કારણે દર્દ થાય છે, પરંતુ તમે બીજા કોઈને આ વાત કરશો નહીં !"

દેવબંદીઓના પેશ્વાઓ થકી પોતાના "શયખ"ની "ગયબી શક્તિ" અને "ખુદાઈ અખત્યાર"નું વર્ણન આ શબ્દોમાં કરવામાં આવે છે કે, તેમણે હજારો માઈલ દૂરથી દિલની જબાનની ખામોશ ઈલ્તિજાને સાંભળી લીધી, માત્ર સાંભળી લીધી તેવું પણ નથી બલ્કે, તરત જ એ પણ જાણી લીધું કે સમુદ્રની વિશાળતામાં આ "અકસ્માત" ક્યા સ્થળે બન્યો છે, એ પણ જાણી લીધું ! એટલું જ નહીં બલ્કે પલવારમાં ત્યાં પહોંચી ગયા અને જહાઝને બહાર કાઢીને પાછા ફરી "દેવબંદ" આવી ગયા ! હજાર અફસોસ ! રસૂલે કોનૈન ﷺના હક્કમાં પાટણવીની માન્યતા શું છે તેને તો આપે જોઈ લીધી. હવે જાતે જ ઈન્સાફ કરો ! આ બધા મુશ્રિક કે નહીં ?!"

## ★ ગંદા અકીદાવાળાનાં તબર્રુક પણ ગંદા ! ★

વળી મેમણ પાટણવી જણાવે કે ઉપરના તથા આ નીચેના પ્રસંગમાં કેટલાં શિર્કો તેમના કાયદા હેઠળ સમાયેલાં છે ? : **તબ્લીગી જમાઅત**ના જન્મદાતા અને **ફિત્નાના ફજર ફાળકા**ના સંશોધક મૌલ્વી ઈલ્યાસ કાંધલ્વી સાહબની નાનીને હઝરત રાબીઆ બસરી સીરત વર્ણવેલ છે. *(દીની દઅવત, પેજ–૪૧)* તેમની મૃત્યુ વેળા જે હાલત થઈ હતી તૌબા ! તૌબા ! અલ્લાહની પનાહ ! **તેમની જ ઝબાની સાંભળો :–**

"બી ઉમ્મી (ઈલ્યાસ કાંધલ્વીનાં નાની)ની ઉમ્ર ઘણી લાંબી થઈ અને તેમણે નવાસાઓની ઔલાદને જોઈ. આખર ઉમ્રમાં આંખથી તથા ચાલવા ફરવાથી મજબૂર થઈ ગઈ હતી. મૌત સમયની બીમારીમાં ત્રણ વરસ લાંબો સમય પથારીવશ રહી, પરંતુ ન દિલ અને ઝબાની ઝિક્રુલ્લાહમાં ફરક પડયો અને ન સબ્ર તથા ખૂશી છૂટી જવામાં કમી અનુભવી. જે દર્દીને ત્રણ વરસ મરડા, જુલાબના દર્દમાં એવી રીતે પસાર થાય કે પડખું ફેરવવું પણ મુશ્કેલ હોય તેના બારામાં એ ખયાલ **શંકા વિનાનો હતો કે પથારીની દુર્ગંધ ધોબીને ત્યાં પણ ન જશે.** પરંતુ જોવાવાળાઓએ જોયું કે ગુસલ માટે ખાટલા ઉપરથી ઉતારતાં પોતડાં (ગંદા ગાભા) કાઢવામાં આવ્યા તો તેમાં **દુર્ગંધની જગાએ ખૂશ્બૂ અને એવી નિરાલી મહેંક ફૂટતી કે એકબીજાને સુંઘાડતા અને દરેક મર્દ તથા ઔરત આશ્ચર્ય કરતાં હતાં.** એટલે વગર ધોવડાવ્યે તેને **(પોતડાંને) તબર્રૂક બનાવી રાખી લેવામાં આવ્યાં.** *(કિતાબ 'તઝકેરતુલ ખલીલ, પેજ–૯૬, ૯૭)*

**ઈન્સાફને અવાજ આપો ! કયાં છે ? હે દેવબંદીઓ ! ઈસ્લામની મુકદ્દસ હસ્તીઓના તબર્રુકાતની તાઝીમ તથા ફઝીલત શરીઅતથી સાબિત હોવા છતાં** તેનાથી નફરત કરવું અને તેને રાખવું શિર્ક કહેવું અને તમારા મૌલાનાની નાનીની મળમૂત્રથી તરબતર ગોદડી પર ઈતરાવું, ગર્વ લેવો, તબર્રુક બનાવવું એ કયાંનો ઈન્સાફ છે ?! હવે મેમણ પાટણવી જણાવશે કે વગર ધોવડાવ્યે તબર્રુક તરીકે આ ગંદા પોતડાંને રાખનારા શું થયા ?! સાચું જ છે કુર્આનમાં કે : **"ખબીષ (ગંદી) ચીજ ગંદા (ખબીષ) લોકો માટે."**

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન

ضیاء القرآن

અઝ: ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## ★ સૂરએ બકરહ્‌ની તફસીર ★

فَاَيْنَمَا تُوَلُّوْا فَثَمَّ وَجْهُ

اللّٰهِ ؕ اِنَّ اللّٰهَ وَاسِعٌ عَلِيْمٌ ﴿۱۱۵﴾ وَقَالُوا اتَّخَذَ اللّٰهُ وَلَدًا ۙ سُبْحٰنَهٗ ؕ

بَلْ لَّهٗ مَا فِی السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ كُلٌّ لَّهٗ قٰنِتُوْنَ ﴿۱۱۶﴾ بَدِيْعُ

السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ وَاِذَا قَضٰۤی اَمْرًا فَاِنَّمَا يَقُوْلُ لَهٗ كُنْ

فَيَكُوْنُ ﴿۱۱۷﴾ وَقَالَ الَّذِيْنَ لَا يَعْلَمُوْنَ لَوْلَا يُكَلِّمُنَا اللّٰهُ اَوْ تَاْتِيْنَاۤ

اٰيَةٌ ؕ كَذٰلِكَ قَالَ الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ مِّثْلَ قَوْلِهِمْ ؕ تَشَابَهَتْ

قُلُوْبُهُمْ ؕ قَدْ بَيَّنَّا الْاٰيٰتِ لِقَوْمٍ يُّوْقِنُوْنَ ﴿۱۱۸﴾ اِنَّاۤ اَرْسَلْنٰكَ بِالْحَقِّ

بَشِيْرًا وَّنَذِيْرًا ۙ وَّلَا تُسْـَٔلُ عَنْ اَصْحٰبِ الْجَحِيْمِ ﴿۱۱۹﴾ وَلَنْ

تَرْضٰی عَنْكَ الْيَهُوْدُ وَلَا النَّصٰرٰی حَتّٰی تَتَّبِعَ مِلَّتَهُمْ ؕ قُلْ

اِنَّ هُدَی اللّٰهِ هُوَ الْهُدٰی ؕ وَلَئِنِ اتَّبَعْتَ اَهْوَآءَهُمْ بَعْدَ

الَّذِیْ جَآءَكَ مِنَ الْعِلْمِ ۙ مَا لَكَ مِنَ اللّٰهِ مِنْ وَّلِیٍّ وَّلَا نَصِيْرٍ ﴿۱۲۰﴾

اَلَّذِيْنَ اٰتَيْنٰهُمُ الْكِتٰبَ يَتْلُوْنَهٗ حَقَّ تِلَاوَتِهٖ ؕ اُولٰٓئِكَ يُؤْمِنُوْنَ

بِهٖ ؕ وَمَنْ يَّكْفُرْ بِهٖ فَاُولٰٓئِكَ هُمُ الْخٰسِرُوْنَ ﴿۱۲۱﴾ يٰبَنِیْۤ اِسْرَآءِيْلَ

اذْكُرُوْا نِعْمَتِیَ الَّتِیْۤ اَنْعَمْتُ عَلَيْكُمْ وَاَنِّیْ فَضَّلْتُكُمْ عَلَی

الْعٰلَمِيْنَ ﴿۱۲۲﴾ وَاتَّقُوْا يَوْمًا لَّا تَجْزِیْ نَفْسٌ عَنْ نَّفْسٍ شَيْـًٔا وَّلَا يُقْبَلُ

مِنْهَا عَدْلٌ وَّلَا تَنْفَعُهَا شَفَاعَةٌ وَّلَا هُمْ يُنْصَرُوْنَ ﴿۱۲۳﴾ وَاِذِ ابْتَلٰۤی

اِبْرٰهٖمَ رَبُّهٗ بِكَلِمٰتٍ فَاَتَمَّهُنَّ ؕ قَالَ اِنِّیْ جَاعِلُكَ لِلنَّاسِ اِمَامًا ؕ

قَالَ وَمِنْ ذُرِّيَّتِیْ ؕ قَالَ لَا يَنَالُ عَهْدِی الظّٰلِمِيْنَ ﴿۱۲۴﴾

**તર્જુમો** : જેથી જે તરફ પણ તમે મોઢુ કરો તે તરફ ખુદાવંદીની ઝાત છે. બેશક ! અલ્લાહ તઆલા ઉદાર (પુષ્કળ) રહમતવાળો ખૂબ જાણનાર છે. અને એઓ કહે છે કે બનાવી લીધો છે અલ્લાહે (પોતાનો) એક બેટો. પાક છે તે (આ આક્ષેપથી)[૧૩૩] બલ્કે તેની જ છે જે ચીજ આસ્માનોમાં છે અને જમીનમાં સૌ એનાં જ ફર્માંબરદાર છે અને મૂજિદ (સર્જક)[૧૩૪] આસ્માનો અને જમીનનો. અને જ્યારે ઈરાદો કરે છે કોઈ કામનો તો કેવળ એટલો હુકમ આપે છે કે થઈ જા ! તો તે થઈ જાય છે. અને કહે છે તે લોકો જેઓ કાંઈ નથી જાણતા કે કેમ નથી વાત કરતો અમારી સાથે ખૂદ (અલ્લાહ) અથવા કેમ નથી આવતી અમારી પાસે કોઈ નિશાની ? આ જ પ્રમાણેની વાત (ધડ માથા વિનાની) કહી હતી એ લોકોએ જેઓ એમનાથી પહેલાં (ગુજર્યા) હતા[૧૩૫], મળતાં જુલતાં છે એ સૌનાં દિલ. બેશક ! અમે સાફ સાફ બયાન કરી દીધી છે (અમારી) નિશાનીઓ એ કૌમના માટે જેઓ યકીન ધરાવે છે[૧૩૬]. બેશક ! અમે મોકલેલ છે[૧૩૭] તમને (હે હબીબ !) હક્કની સાથે (રહમતની)

ખુશખબરી આપનાર (અઝાબથી) ડરાવનાર. અને આપનાથી પૂછતાછ નહીં થાય તે દોઝખીઓના વિશે અને હરગિઝ ખુશ નહીં થાય તમારાથી **યહૂદી** અને ન **ઈસાઈ**[૧૩૮] ત્યાં સુધી કે તમે અનુસરણ કરવા લાગો તેમના દીનનું. તમે (તેમને) કહી આપો કે અલ્લાહનો દર્શાવેલ માર્ગ જ સીધો માર્ગ છે. અને જો (ધારો કે) તમે પેરવી (અનુસરણ) કરો તેમની ખ્વાહિશોની એ ઈલ્મ પછી પણ જે તમારી પાસે આવી ચૂક્યો છે (તો પછી) નહીં થશે તમારા માટે અલ્લાહ (ની પકડ)થી બચાવનાર કોઈ યાર અને ન કોઈ મદદગાર[૧૩૯]. જેમને અમે કિતાબ આપી તેઓ તેની તિલાવતનો હક્ક અદા કરે છે તેઓ જ ઈમાન લાવ્યા છે તેની સાથે, અને જે કોઈ ઈન્કાર કરે છે તેનું તો તે જ નુકસાન ઉઠાવનાર છે. હે બની ઈસ્રાઈલ ! યાદ કરો મારી નેઅમત જે મેં તમને આપી, અને (ખાસ તો એ કે) મેં તમને ફઝીલત આપી (એ જમાનાના) સર્વ લોકો પર[૧૪૦]. અને ડરો તે[૧૪૧] દિવસથી કે ન પકડવામાં આવશે કોઈ માણસ કોઈના બદલામાં અને ન કબૂલ કરવામાં આવશે તેનાથી માલી બદલો અને ન નફો આપશે તેને કોઈ સિફારિશ અને તેમની ન મદદ કરવામાં આવશે. અને યાદ કરો જ્યારે[૧૪૨] અજમાવ્યો ઈબ્રાહીમને[૧૪૩] તેના રબે અમુક વાતોથી તો તેને પૂર્ણપણે બચાવી લીધો[૧૪૪] અલ્લાહે ફર્માવ્યું, બેશક ! હું બનાવનાર છું તમને તમામ ઈન્સાનોનો પેશ્વા[૧૪૫] અર્ઝ કરી, મારી ઔલાદથી પણ ?[૧૪૬] ફર્માવ્યું, નથી પહોંચતો મારો વાયદો જાલિમ સુધી.

## ★ તફસીર ★

**૧૩૩.** યહૂદી હઝરત ઉઝૈર علیہ السلامને અને ઈસાઈ હઝરત હઝરત ઈસા علیہ السلامને અલ્લાહ તઆલાના પુત્ર માનતા અને મુશ્રિકો ફરિશ્તાઓને અલ્લાહની પુત્રીઓ યકીન કરતા. (નઊઝુબિલ્લાહ !) આ આયતમાં એ ફાસિદ (ખરાબ) અકીદાઓની રદ છે. પૃથ્વીની વિશાળતાઓ અને આસ્માનની ગુપ્ત જગાઓમાં જે ચીજ છે, નૂરી હોય કે નારી, ખાકી હોય કે અફલાકી, નિર્જીવ હોય કે જીવંત, તુચ્છ હોય કે અઝીઝ, સૌના પર તેના માલિકીપણાની મોહર લાગી છે. અને દરેક ચીજ કોઈપણ અપવાદ વિના તેના હુકમની સમક્ષ સર ઝુકાવેલી છે.

**૧૩૪.** નથીમાંથી છેમાં લાવવા, અનઅસ્તિત્વમાંથી અસ્તિત્વમાં લાવવાને અરબીમાં "ઈબ્દાઅ" કહે છે, એટલે કે ન કોઈ પહેલાં તેનો માદ્દો હોય ન નમૂનો, અને ન બનાવવાનાં ઓજારો મૌજૂદ હોય. આ એક શબ્દથી રદ થઈ ગઈ તે લોકોની (દા.ત. આર્ય સમાજી વગેરે) જેઓ કહે છે, "રૂહ પણ હમેશાંથી મૌજૂદ છે અને માદ્દો પણ, અલ્લાહ તઆલાએ વધુમાં વધુ કેવળ એટલુ કર્યું કે એક નિષ્ણાત કારીગરની જેમ માદ્દાના વિવિધ ભાગોને એક ખાસ લગાવથી આપસમાં મિલાવી દીધા અને વિવિધ રંગી ચીજો જાહેર થઈ ગઈ." કુર્આન એલાન કરે છે કે અલ્લાહ તઆલા કેવળ કારીગર જ નથી બલ્કે બદીઅ (સર્જનહાર) છે. તેણે આસ્માન અને જમીનને કેવળ પોતાના ઈરાદાથી કોઈ તૈયાર માદ્દા વિના પેદા કર્યા.

**૧૩૫.** અહીંથી હુઝૂર صلی اللہ علیہ وسلمની દિલજોઈ (ખુશ કરવા)નો હેતુ છે કે જો એ કાફિરો ઉઘાડા મો'જિઝાઓ તથા સ્પષ્ટ દલીલો છતાં આપના પર ઈમાન નથી લાવતા તો એ કોઈ વાત નથી કે જેનાથી આપ દિલગીર થાવ, બલ્કે એ તો હમેશાંથી એવું જ કરતા આવ્યા છે.

**૧૩૬.** આ આયતના પ્રથમ હિસ્સામાં એ નાદાનોની બે માંગણીઓનો ઉલ્લેખ છે : એક એ કે ખુદા જાતે પોતે તેમની સાથે વાત કરે, અથવા તેમને કોઈ એવી નિશાની બતાવે જેના પછી શંકાને સ્થાન

ન રહે. પ્રથમ વાત તો નોંધપાત્ર જ ન હતી એટલા માટે એનો તો જવાબ સુદ્ધાં ન આપ્યો. બીજી વાતના સંબંધે ફર્માવ્યું કે તમે કેવળ એક નિશાનીની માંગણી કરી રહ્યા છો અને અમે તમને અસંખ્ય નિર્ણયાત્મક નિશાનીઓ દેખાડી છે, અને તેમ છતાં પણ બાતિલ પર અડેલા છો. એ ઉઘાડી નિશાનીઓ પછી તમને અન્ય કઈ નિશાનીઓનો ઈન્તેઝાર છે જેને જોયા પછી તમે ઈમાન લાવશો.

**૧૩૭.** સાથોસાથ ફર્માવ્યું કે ઈસ્લામની હક્કાનિયતની સૌથી મોટી દલીલ ખૂદ આપ ﷺની ઝાત છે, જે આપની સર્વક્ષેત્રિય ખૂબીઓવાળી તથા બાકમાલ હસ્તીને જોઈને હિદાયત કબૂલ નથી કરતા તેમને કોઈ અન્ય મો'જિઝો તથા દલીલ કઈ રીતે હિદાયતનો માર્ગ દેખાડી શકે છે ?!

**૧૩૮.** આ જે મો'જિઝાઓ તથા નિશાનીઓ દેખાડવાની જાત જાતની માંગણીઓ કરી રહ્યા છે એનાથી એમનો મકસદ ઈસ્લામ સ્વીકારવાનો નથી પણ એ તો કેવળ દલીલબાજીઓ છે, તેઓ તો કેવળ એને પસંદ કરે છે કે આપ પોતાનો દીન ત્યજીને તેમના બાતિલને કબૂલ કરી લો, જે અશક્ય છે.

**૧૩૯.** આ સંબોધન ઉમ્મતે મુહમ્મદિયાને છે કે જ્યારે તમે જાણી લીધું કે સૈયદે અંબિયા ﷺ તમારી પાસે હક્ક તથા હિદાયત લાવ્યા તો તમે હરગિઝ કાફિરોની ઈચ્છાઓને અનુસરશો નહીં, જો તમે એવું કર્યું તો તમને કોઈ અલ્લાહના અઝાબથી બચાવનાર નથી. *(ખઝાઈનુલ ઈર્ફાન)*

**૧૪૦.** બની ઈસ્રાઈલની ફઝીલતના વિશે વિસ્તારપૂર્વક ચર્ચા થઈ ચૂકી છે. વાંચો આગલા લખાણો.

**૧૪૧.** એનો ઉલ્લેખ પણ થઈ ચૂક્યો છે. (આગલા લખાણો વાંચો)

**૧૪૨.** આ આજમાઈશ એટલા માટે ન હતી કે અલ્લાહ તઆલાને હઝરત ઈબ્રાહીમ علیہ السلامની હકીકતનો ઈલ્મ ન હતો, તે તો અલીમો ખબીર છે, બલ્કે પોતાના મકબૂલ બંદાના સત્ય તથા નિખાલસ જઝબા થકી લોકોને માહિગાર કરવાનો હેતુ હતો. કદાચ એમાં એ હિકમત હોય કે અજાણ લોકો ક્યાંક એવું ન કહેવા માંડે કે એમના પર જે ફઝલો કરમ થઈ રહ્યો છે તે આમ જ થઈ રહ્યો છે, તેનું કોઈ ખાસ કારણ નથી, બલ્કે તેમને ઈલ્મ થઈ જાય કે તેઓ આ તમામ લુત્ફના દરેક રીતે હક્કદાર છે. તેમજ એટલા માટે પણ કે દરેક અતિલાલચી આ ઉચ્ચ સ્થાનોની પ્રતિ લલચામણી નજરો વડે ન જુએ, બલ્કે તેને માલૂમ થાય કે આજમાઈશ તથા કસોટીનો આતિશી સમુદ્ર મોજાં મારી રહ્યો છે અને એ બુલંદીઓ તરફ જનાર માર્ગ તેમાં થઈને નીકળે છે.

**૧૪૩.** અબુલ અંબિયા હઝરત ઈબ્રાહીમ علیہ السلامના મુબારક નામથી અરબનો દરેક બાળક વાકેફ હતો એટલા માટે કુર્આને હકીમે પ્રથમ વખતે જ કોઈ પ્રસ્તાવના કે ઓળખ વિના તેમનો ઉલ્લેખ કર્યો. તૌરાતમાં આપનું નામ ઈબરામ અને ઈબ્રાહીમ બંને રીતે આવ્યું છે. અતિ અર્વાચીન આધુનિક સંશોધનો પ્રમાણે આપના જન્મની સાલ ૨૧૬૦ ق-م છે. તૌરાતમાં ઉમ્ર શરીફ ૧૭૫ વરસ લખેલી છે. આપનુ બાપદાદાનું વતન બાબિલ છે જેને આજકાલ ઈરાક કહે છે. જે શહેરમાં આપનો જન્મ થયો તેનું નામ તૌરાતમાં "ઉર" (UR)છે. લાંબા અરસા સુધી આ શહેર નકશાથી ગાયબ રહ્યું હવે નવેસરથી દશ્યમાન થઈ ગયું છે. ખોદકામનો પાયો ઈ.સ. ૧૮૯૪માં જ થઈ ગયો હતો. ઈ.સ. ૧૯૨૨માં બ્રિટન તથા અમેરિકાના અર્વાચીન નિષ્ણાતોની એક સંયુક્ત સંશોધનાત્મક ટુકડી ઈરાક રવાના થઈ અને ખોદકામ પૂરા સાત વરસ ચાલુ રહ્યું. ક્રમે ક્રમે આખુ શહેર થયું. વર્તમાન ફેરફાર પામેલ બાઈબલમાં ઐતિહાસિક પુષ્કળ ભૂલોથી તંગ આવીને અમુક મુહક્કિકોએ ૧૯મી સદીના અંતમાં એવું કહેવાનું શરૂ કરી આપ્યું હતું કે

ઈબ્રાહીમ નામની કોઈ ઐતિહાસિક વ્યક્તિ થઈ જ નથી. બલ્કે એ કેવળ એક મનઘડત નામ હતું, અથવા દરેક કબીલાના શૈખનો લકબ હતો. પરંતુ હવે દરેક સંશોધનની દિશા બદલાઈ અને ૨૦મી સદીના પ્રારંભમાં જ ફરી (યૂરોપે) આપની ઐતિહાસિક શખ્સિયતનું પૂર્ણપણે સ્વીકારનાર બનવું પડયું. *(તફસીરે માજિદીમાંથી ટૂંકાવીને)*

**૧૪૪.** તે કસોટીઓ જેનાથી હઝરત ઈબ્રાહીમ عليه السلامને અજમાવવામાં આવ્યા હતા તે શું હતી ? ઈસ્માઈલ عليه السلام ને ઝબહ કરવું, નમરૂદની આગ અને અરબના દાણાપાણી વિનાના રણોમાં પોતાની પત્ની તથા નાના પુત્રને રબના હુકમાનુસાર છોડી આવવું અને એ સિવાય તમામ શરીઅતના હુકમો પર કાર્યરત રહેવું છે, જેમાં નખોને કાતરવા, દાંતોને મિસ્વાકથી સાફ કરવાથી લઈને હજ્જ તથા ઝકાતના સર્વ મનાસિક સામેલ છે.

**૧૪૫.** ઈમામ તેને કહે છે જેનું અનુસરણ કરવામાં આવે. એટલે તમામ અંબિયા અને તેમની ઉમ્મતો આપનુ અનુસરણ તથા ઈત્તેબાઅ કરશે, એટલે સુધી કે સૈયદુલ અંબિયા صلى الله عليه وسلمને પણ હુકમ મળ્યો اتبع ملة ابراهيم حنيفا.

**૧૪૬.** પોતાની ઔલાદના માટે હઝરત ઈબ્રાહીમ عليه السلامનું દુઆ કરવું એક સ્વભાવિક ચીજ છે. અલ્લાહ તઆલાએ ફર્માવ્યું કે મારો આ વાયદો જાલિમો માટે નથી. હા ! જેઓ નેક તથા આજ્ઞાંકિત હશે તેમનામાંથી અમુકને નબુવ્વતની મહાનતાથી ઉચ્ચતા બખ્શવામાં આવશે, પરંતુ જાલિમ તથા બદ્કાર આ નેઅમતના હક્કદાર નથી.

આ આયતથી ઉલ્માએ ઈસ્મતે અંબિયા પર દલીલો કરી છે, તેમજ રાષ્ટ્રના પ્રમુખમાં જે ખૂબીઓ હોવી જરૂરી છે એના સંબંધે ઉલમાએ કિરામે સ્પષ્ટતા કરી છે.

**ان الامام يكون اهل العدل والاحسان والفضل مع القوة على القيام بذلك وهوالذى امرالنبى صلى الله عليه وسلم الاينازعوا الامراهله وامااهل الفسوق والجور فليسواله باهل** *(કુર્તબી)*

એટલે કે પ્રમુખ (સરદાર, ઈમામ) તે હોય છે જેનો દામન કબીરા ગુનાહોથી ખરડાયેલ ન હોય, એહસાન તથા ફઝલના ગુણથી ભરેલ હોય, એની સાથોસાથ તેનામાં હુકૂમતની જિમ્મેદારીઓ નિભાવવાની ક્ષમતા પણ હોય. આ ખૂબીઓવાળા ખલીફા (અથવા રાષ્ટ્ર પ્રમુખ)ના વિશે જ હુઝૂર صلى الله عليه وسلمએ ફર્માવ્યું કે, "તેમની સાથે ન ઝઘડો." પણ જેઓ ફાસિક તથા ફાજિર હોય તેઓ ખિલાફત તથા સરદારીને લાયક નથી.

**બાળકોનો તર્બિયતી ગુલશન**

| ★ મશ્હૂર ફરિશ્તાઓનાં નામ ★ | ★ મશ્હૂર ખલીફાનાં નામ ★ |
|---|---|
| ૧. હઝરત જિબ્રઈલ عليه السلام | ૧. હઝરત અબૂબક્ર સિદ્દીક رضی الله عنه |
| ૨. હઝરત મીકાઈલ عليه السلام | ૨. હઝરત ઉમર ફારૂક رضی الله عنه |
| ૩. હઝરત ઈઝરાઈલ عليه السلام | ૩. હઝરત ઉસ્માન ગની رضی الله عنه |
| ૪. હઝરત ઈસ્રાફીલ عليه السلام | ૪. હઝરત અલી મુર્તઝા رضی الله عنه |

| ★ મશ્હૂર કિતાબોનાં નામ તથા કોના ઉપર ઉતરી ★ | ★ મશ્હૂર ઇમામોનાં નામ ★ |
|---|---|
| ૧. **તૌરાત** : હઝરત મૂસા عليه السلامપર | ૧. ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی الله عنه |
| ૨. **ઝબૂર** : હઝરત દાઉદ عليه السلامપર | ૨. ઈમામ શાફઈ رضی الله عنه |
| ૩. **ઇન્ઝીલ** : હઝરત ઈસા عليه السلام પર | ૩. ઈમામ માલિક رضی الله عنه |
| ૪. **કુર્આન શરીફ** : હઝરત મુહંમદ મુસ્તફા صلى الله عليه وسلم | ૪. ઈમામ અહમદ બિન હમ્બલ رضی الله عنه |

## દર્સે હદીષે પાક

### મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

(એટલે)

# મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان

(કાર્યાલય)

## ★ હદીષ : ૩૭ ★

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે, નબી કરીમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે ત્રણ ચીજો ઈમાનનો પાયો છે[૧]. જે **લાઈલાહ ઈલ્લાહ** કહે તેનાથી જીભને રોકવી[૨], એટલે કે કેવળ ગુનાહને લીધે તેને કાફિર ન કહે[૩] અને ન તેને ઈસ્લામથી બહાર થનાર સમજે કેવળ અમલને લીધે[૪]. અને જેહાદ સતત ચાલુ છે જ્યારથી મને રબે મોકલ્યો[૫], ત્યાં સુધી કે આ ઉમ્મતની અંતિમ જમાઅત દજ્જાલ સાથે જેહાદ કરે[૬]. જેહાદને જાલિમનો જુલ્મ મુન્સિફનો ઈન્સાફ બાતિલ નથી કરી શક્તો[૭]. અને તકદીરો પર ઈમાન[૮].

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે ફર્માવ્યું નબી કરીમ صلی اللہ علیہ وسلمએ કે જ્યારે કોઈ બંદો ઝિના કરે છે તો તેનાથી ઈમાન નીકળી જાય છે, તેના માથા પર શામિયાના જેમ (અધ્ધર) થઈ જાય છે[૯]. પછી જ્યારે બંદો તે બદ્અમલથી અલગ થઈ જાય છે તો ઈમાન પણ એના પ્રતિ પાછુ વળે છે[૧૦].

## ★ સમજૂતી ★

**૧**. એટલે કે જેના પર ઈમાનની ઈમારત કાયમ છે, જેના વિના ઈન્સાન મુસલમાન નથી થઈ શક્તો.

**૨**. એને કાફિર ન કહેશો. **કલમો પઢવાથી મુરાદ સર્વ ઈસ્લામી અકીદાઓને માનવું છે** જેવું કે અમે ઘણીવાર દર્શાવી ચૂક્યા છીએ. ઈમામ અબૂ હનીફા ફર્માવે છે કે અમે અહલે કિબ્લાને કાફિર નથી કહેતા, એનો પણ એ જ મતલબ છે, કેવળ કલ્મો પઢી લેવો પછી કા'બા તરફ મોઢું કરી લેવું ઈમાનના માટે પૂરતુ નથી. મુનાફિકો આ બંનેવ કામો કરતા હતા પણ કાફિર હતા. હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે, "મારી ઉમ્મતના ૭૩ ફિર્કા થશે, એકના સિવાય સર્વ જહન્નમી છે. ખારજી વિશે ખબર આપી કે ખૂબ નમાઝી અને કુર્આન પઢનારા થશે, પણ દીનથી એવા દૂર હશે જાણે કમાનથી છૂટેલુ તીર." આ તફસીરનું સમર્થન આગળના લખાણથી પણ થઈ રહ્યું છે.

**૩**. એમાં ખારજીની રદ છે જેઓ કબીરા ગુનાહને કુફ્ર અને ગુનેહગારને કાફિર કહે છે. આ વાક્ય પાછલા લખાણની તફસીર (ખુલાસો) છે એટલે કે ગુનોહ બદ્અમલી છે કુફ્ર નથી. યાદ રાખશો કે અમુક ગુનાહો કુફ્રની નિશાની છે એટલા માટે ફકીહો એને કુફ્ર ઠરાવે છે. જેમ કે જનોઈ બાંધવી, મૂર્તિને સિજદો કરવો, કુર્આન કરીમને ગંદકીમાં ફેંકવું, હુઝૂર صلی اللہ علیہ وسلمની કોઈ ચીજની મઝાક ઉડાડવી, બેઅદબી કરતાં હુઝૂર صلی اللہ علیہ وسلمના અવાજથી ઊંચો અવાજ કરવો. રબ ફર્માવે છે :– لَا تَعْتَذِرُوْا قَدْ كَفَرْتُمْ بَعْدَ اِيْمَانِكُمْ અને ફર્માવે છે : فَلَا وَرَبِّكَ لَا يُؤْمِنُوْنَ الخ.. તેમજ ફર્માવે છે : اَنْ تَحْبَطَ اَعْمَالُكُمْ الخ.. આ ગુનાહો એટલા માટે કુફ્ર છે કે તે કુફ્રની નિશાનીઓ છે. જેથી હદીષ કુર્આનથી વિમુખ નથી.

**૪**. એમાં "મોઅતઝલા"ની રદ છે જેઓ કહે છે કે ગુનાહે કબીરાવાળો ન મુસલમાન છે ન કાફિર છે બલ્કે ફાસિક છે. જ્યારે કે કુફ્ર તથા ઈસ્લામની વચ્ચે અન્ય કોઈ દરજ્જો નથી.

**૫**. મદીના તયબહ્ની તરફ. કેમ કે હિજરતથી પહેલાં જેહાદ ફર્ઝ ન હતો.

**૬**. હઝરત ઈસા અને ઈમામ મહદી મુસલમાનોની સાથે દજ્જાલ તથા તેની જમાઅત પર

તલ્વારનો જેહાદ કરશે, કેમ કે ઈસા علیہ السلام હુઝૂર ﷺના ઉમ્મતી હશે. કેમ કે દજ્જાલ પછી તમામ દુનિયા મુસલમાન થઈ જશે, કોઈ કાફિર રહેશે નહીં અને હઝરત ઈસા તથા ઈમામ મહેદીની વફાતના અમુક અરસા પછી દુનિયામાં કુફ્ર જ હશે કોઈ મુસલમાન રહેશે નહીં, એટલા માટે એ જેહાદ અંતિમ હશે, એના બાદ કોઈ જેહાદ થશે નહીં. યાદ રાખશો કે અમુક પાછલી શરીઅતોમાં પણ જેહાદ હતો પણ ઈસ્લામી જેહાદ અને તેના કાનૂનો હુઝૂર ﷺથી શરૂ થઈને દજ્જાલની કત્લ સુધી રહેશે. જેથી હદીષ પર કોઈ વાંધો નથી.

**૭.** એટલે કે દરેક મુન્સિફ (ન્યાયપ્રિય) તથા જાલિમ બાદશાહની સાથે મળીને કાફિરો પર જેહાદ કરો. એમાં બે મસ્અલાઓનો નિર્દેશ કરવામાં આવ્યો છે. એક એ કે જેહાદના માટે ઈસ્લામી સુલ્તાન કે અમીરુલ મુસ્લિમીનની શરત વાજિબ નથી. બીજુ એ કે ફાસિક તથા ફાજિર બાદશાહના હેઠળ પણ કાફિરો સાથે જેહાદ લાઝિમ છે. સહાબાએ કિરામે હજ્જાજ ઈબ્ને યૂસુફ જેવા ફાસિક હાકિમની સાથે રહી કાફિરો સાથે જેહાદ કર્યા છે. એમાં કાદયાનીઓની રદ છે જેઓ કહે છે કે મિર્ઝા કાદયાનીએ જેહાદ મન્સૂખ (રદ) કરી આપ્યો. જેહાદ એ નમાઝની જેમ મોહકમ તથા રદ ન થનારી ઈબાદત છે. જેહાદ વિના કોઈ કૌમ જીવંત નથી રહી શકતી. રબ ફર્માવે છે :– وَلَكُمْ فِى الْقِصَاصِ حيات

**૮.** તકદીરની સંપૂર્ણ ચર્ચા અમારી કિતાબ તફસીરે નઈમી, પારા–૩માં જુઓ. અહીં કેવળ એટલું જ સમજી લો કે જે કાંઈ થઈ રહ્યું છે તે અલ્લાહના ઈલ્મ તથા તેના ઈરાદાથી છે, આપણે આપણા અમલોના નિમિત્ત છીએ ખાલિક નથી, જેથી આપણે કસબમાં મુખ્તાર અને ખલ્કમાં મજબૂર છીએ. ન મુત્લક કાદિર છીએ ન તદ્દન લાચાર. એ જ મઝહબ અહલે સુન્નતનો છે.

**૯.** એની તફસીર અગાઉ થઈ ચૂકી છે કે અહીં ઈમાનનું નૂર અથવા ઈમાની ગૈરતનું નીકળવું મુરાદ છે અસલ ઈમાન નહીં.

**૧૦.** એટલે કે જયારે તૌબા કરી લે છે તો તૌબાની બરકતથી ઈમાનનું નૂર અને ગૈરત પાછી આવી જાય છે.

## ભરૂચમાં ડેન્માર્કના દુષ્કૃત્ય વિરૂધ્ધ ભવ્ય મૌન રેલી !

-કાર્યાલય

ડેન્માર્ક તથા યૂરોપના અખ્બારોએ સરકારે દોજહાં ﷺની શાનમાં બેઅદબી કરવા છાપેલાં કાર્ટુનોનો વિરોધ જગતભરમાં થયો એના અનુસંધાનમાં ગુજરાતમાં પણ સૂરત, વડોદરા, નમર્દા જિલ્લો, અમદાવાદ, સૌરાષ્ટ્રનાં શહેરો તથા કસ્બાઓમાં પણ રેલીઓ કાઢીને કલેકટર, મામલતદારને આવેદનપત્રો આપીને કરવામાં આવ્યો હતો.

ભરૂચ શહેરમાં પણ તા. ૨૦–૦૨–૨૦૦૬ના રોજ સવારે નવ કલાકે દારુલ ઉલુમ ગુલશને અજમેરના નેજા હેઠળ ભરૂચના સમગ્ર મુસ્લિમો તેમજ બહાર ગામના પણ રસૂલે પાક ﷺના દીવાનાઓ રેલીમાં જોડાયા. જે રેલી જુમ્આ મસ્જિદથી નીકળી ફાટા તળાવ, પાંચબત્તી થઈ શાલીમાર ટોકીઝ સામેના માર્ગે કલેકટર ઓફિસે પહોંચી. ભરૂચના ઈતિહાસમાં સૌથી મહાન આ રેલીમાં હાજર રહેનારા હજારો આશિકાને રસૂલે શિસ્તપૂર્વક મૌન રહીને રેલીને કામયાબ બનાવી અને કલેકટર ઓફિસ સુધી પહોંચ્યા. જયાં કલેકટર સાહબને રૂબરૂ મળી આવેદન પત્ર જનાબ હાફેઝ મુહમ્મદ હનીફ રિફાકતી, જનાબ સૈયદ અશરફીબાવા, પટેલ શબ્બીર અલી રઝવી, યૂસુફ ભાઈ માંચવાલા, ગુલામ હાફેઝ નબીપુરી વગેરેએ... સુપ્રત કર્યું હતું. જનાબ હાફેઝ અબ્દુર્રહીમ ભોલાવવાલાએ કલેકટર ઓફિસ બહાર મેદનીનો આભાર માની ડેન્માર્કની બનાવટોનો બહિષ્કાર કરવા મુસ્લિમોને તાકીદ કરી હતી.

# फतवा विभाग

-कार्यालय

## મઝારોના તુગરાની તા'ઝીમ તથા ઘરમાં દીવો કરવા વિશે

**મસ્અલા** : કા'બા શરીફ તથા ગુંબદે ખદરા તથા ઔલિયાના મઝારોના ફોટાવાળા તખ્તા પર હાર ચઢાવવો તથા દરરોજ અગરબત્તી કરવી, તેમજ ઔલિયા અલ્લાહના નામ પર ઘરોમાં દીવો સળગાવવો કેવો છે ?

*[પ્રશ્નકર્તા : મૌલાના અબ્દુલહલીમ, જન. સેક્રેટરીઃ નૂરી એકડેમી–ઈંદોર, એમ.પી.]*

**જવાબ** : કા'બા શરીફ, ગુંબદે ખદરા અને ઔલિયાના મઝારોના તખ્તા પર હાર ચઢાવવો અને તેની નજીક અગરબત્તી સળગાવવી તે પવિત્ર સ્થળોની તા'ઝીમ તથા અદબના માટે છે તો જાઈઝ તથા દુરૂસ્ત છે, કારણ કે દીનના ઉલમાએ આ નકશાઓનો એહતેરામ તથા અદબ એ જ દર્શાવ્યો છે જે અસલનો છે, નહીં તો ફુઝૂલ કામ તથા માલને વેડફવું છે. ફતાવા રઝવિય્યહ્માં છે : અલ્લામા તાજ ફાકહાની ફજરે મુનીરમાં ફર્માવે છે :–

من فوائد ذلك ان من لم يمكنه زيارة الروضة الخ---

"રોઝા મુબારકનો નક્શો લખવામાં એક ફાયદો એ છે કે જેને મૂળ રોઝાની ઝિયારત નસીબ ન થઈ હોય તો તેની ઝિયારત કરે અને દિલના શોખપૂર્વક તેને બોસો આપે કે આ મિષાલ (નક્શો) તે અસ્લના સ્થાને છે જેના પર સહીહ અનુભવ આદિલ ગવાહ છે, તથા ઉલમાએ દીને નક્શાની તા'ઝીમ એ જ રાખી જે અસલની રાખે છે." *(પેજ–૧૫૦, ભાગ–૯, રિસાલા શિફાઉલવાલા)*

અને **ઔલિયાના નામ પર ઘરોમાં દીવો સળગાવવો** જો એનો હેતુ એ હોય કે ઘરવાળાઓને અથવા રસ્તે ચાલનારાઓને પ્રકાશ મળે અને અંધારાના ભય તથા તકલીફથી મેહફૂઝ રહે અને એનો સવાબ ઔલિયા અલ્લાહને મળે, તો જાઈઝ છે, બલ્કે નિય્યત મુસ્તહસન હોવાને કારણે મુસ્તહસન પણ છે. અને જો એવો કોઈ હેતુ ન હોય પણ ત્યાં દીવાની જરૂરત છે તો પણ દુરુસ્ત છે. અને **જો ત્યાં કાંઈ જ જરૂરત નથી તો એ એક રીતે ફુઝૂલ ખર્ચી છે જે મના છે.** અલ્લાહ બેહતર જાણનાર છે.

**લખનાર**: ગુલામનબી નિઝામી અલીમી *(૨૫–રબીઉલ ગૌષ, હિ.સ. ૧૪૨૬)*

**અલ્જવાબ સહીહૂન** : (મુફતી) મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી, (મુફતી) મુહમ્મદ અબરાર અમજદી બરકાતી *(હવાલો : ફતાવા મર્કઝે તર્બિયતે ઈફતા–૧૦, પેજ–૬૫)*

## વોશિંગ મશીનથી કપડાં પાક થાય છે કે નહીં ?

**સવાલ** : કપડાં ધોવાની મશીન વિજ્ઞાનની ઉપજ છે જેમાં એકી સાથે ઘણાયે કપડાં ધોવાની શક્તિ હોય છે. આ જ કારણે પાક તથા નાપાક કપડાં તેમાં એક સાથે નાખી ધોવામાં આવે છે. ધોબીને ત્યાં પણ પાક અને નાપાક કપડાં એક સાથે ધોવામાં આવે છે. પાણીની હાલતની પણ આપણને ખબર નથી હોતી. આવા સંજોગોમાં મશીન તથા ધોબીએ ધોયેલ કપડાં પાક માનવાં આવશે કે નહીં ? શું આ કપડામાં નમાઝ જાઈઝ છે ? સ્પષ્ટ જવાબ આપવા મહેરબાની કરશો.

*[પ્રશ્નકર્તા : ઉષ્માનગની બાપુ–ધ્રોલ, ગુજરાત ]*

**જવાબ** : કપડાં ભલે વોશિંગ મશીનનાં ધોયેલાં હોય કે ધોબીનાં તેને ત્યાં સુધી પાક માનવામાં નહીં આવે જ્યાં ધોયા પછી પણ નાપાકી દૂર થવાનું યકીન ન હોય. અને જ્યારે નજાસત (નાપાકી) દૂર થવાનું યકીન થઈ જાય તો પાકીનો હુકમ કેમ ન આપી શકાય ? માટે આવાં કપડાંને પહેરી નમાઝ પઢવું સહીહ અને જાઈઝ છે. અને આમ કરનારને કોઈ જ અઝાબ કે સજા નહીં થાય. જે કપડાંને ધોવામાં આવ્યું છે તે આખુ

નાપાક હોય કે એથી ઓછું, છતાં તેને નાપાકીનો હુકમ આપવામાં નહીં આવે, કારણ કે વોશિંગ મશીનમાં વારંવાર કપડાંને પાણી પહોંચાડવામાં આવે છે પછી તેને કાઢી નાખવામાં આવે છે જેના કારણો કપડાંની સફાઈ સાથે સાથે નાપાકીના દૂર થવાની પણ પાકી ખાત્રી થઈ છે. આ જ પ્રમાણે ધોબીનાં કપડાં ધોવાનું પણ છે. પરંતુ બેહતર એ છે કે નાપાક કપડાં પાક કરી ધોબીને અથવા વોશિંગ મશીનમાં માત્ર સફાઈ માટે જ નાખવામાં આવે. ઉલમાએ નજાસત વિશે આ મુખ્ય કાયદો બયાન કર્યો છે કે જ્યાં સુધી વસ્તુનું નાપાક હોવું, જાણી લેવામાં ન આવે ત્યાં સુધી નજાસત (નાપાકી)નો હુકમ લગાડવામાં નહીં આવે. કારણ કે વસ્તુની અસલ હાલત પાકી છે. અલ્લામા અબ્દુલ ગની رحمۃ اللہ علیہ હદીકતુન્નદીય્યહ શરહે તરીકએ મુહમ્મદિયહ્‌માં લખે છે :

الا صل فی الا شیاء الطهار فاذا شك اوظن فی طهارة ماء او طعام او غیر ذالك ما لیس بنجس الخ...

"વસ્તુની અસલ હાલત તહારત (પાક હોવું) છે માટે પાણી, ખાવા અથવા આ સિવાયની કોઈપણ વસ્તુની પાકીમાં શક પેદા થાય તો તે વસ્તુ (પાણી) વુઝૂ કરવા માટે પાક જ ગણાશે અને તેનું ખાવુ પણ જાઈઝ તેમજ અન્ય વપરાશમાં વાપરવું જાઈઝ, આ રીતે એની નાપાકીનું અધિક્તર ગુમાન હોય તો પણ પાક છે."

તાતાર ખાનિયહ્‌ અને રદ્દુલ મુહતારમાં છે :–

من شك فی اناء ه اوثوبه او بدنه اصابته نجاسة اولا فهو طاهر مالم یستیقن

"પોતાના વાસણ, કપડાં કે શરીર વિશે માણસને શક હોય કે તેને નજાસત લાગી છે કે નહીં તો જ્યાં સુધી પાકી ખાતરી ન થઈ જાય ત્યાં સુધી કપડું નાપાક નહીં પણ પાક જ માનવામાં આવશે." *(રદ્દુલ મુહતાર, ભાગ–૧, પેજ–૧૧, કિતાબુત્તહારત)*

હા ! જો કપડાં નાપાક હોય અને ધોવાવાળા સંપૂર્ણ સાવચેતીથી સફાઈ જ ન કરતા હોય તો તે કપડાંથી બચવું બેહતર અને અફઝલ છે. જરૂરત વિના તેને પહેરી નમાઝ પઢવી મકરૂહે તન્ઝીહી છે. હદીકતુન્નદિય્યહ્‌માં છે : لكن هنا أى فی غلبة الظن من غير ان يأخذبه...

માત્ર આવો શક કે મારાં પાક કપડામાં બીજાનાં નાપાક કપડાં મિલાવી ધોવામાં આવ્યા હશે, અથવા મારાં કપડાં તો નાપાક હતાં અને ધોબી કે મશીનમાં ધોવાથી પણ પાક નહીં થયાં હોય, આવી શંકાને ધ્યાનમાં લેવામાં નહીં આવે. શકથી વસ્તુના નાપાક હોવા કે સાફ ન થવાનો હુકમ લગાડવામાં નહીં આવે.

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફર્માવે છે :– "શરીઅતમાં વસ્તુનું પાક તથા હલાલ હોવું અસલ અને મુખ્ય છે, જેની સાબિતી છે જેમાં કોઈ દલીલની જરૂર નથી. અને નાપાક તથા હરામ હોવું સમયસર છે અને તેના માટે સ્પષ્ટીકરણ તથા દલીલની જરૂર પડશે. માટે માત્ર શકના કારણે નાપાકી તથા હરામ હોવું સાબિત નહીં થાય. *(ફતાવા રઝવિય્યહ્‌, ભાગ–૨, પેજ–૯૭)*

ઉપરોક્ત વર્ણનોની રોશનીમાં પણ સ્પષ્ટ થયું કે વોશિંગ મશીન તથા ધોબીનાં ધોયેલ કપડાં જે પહેલાં પાક હતાં તે ધોયા પછી પણ પાક ગણાશે અને જે કપડાં નાપાક હતાં અને ધોવા માટે ધોબી કે વોશિંગ મશીનમાં આપ્યાં તે પણ ધોવાયા પછી પાક ગણાશે. કારણ કે ધોવાની હાલત એવી હોય છે કે નાપાકી દૂર થઈ જાય. પરંતુ નાપાક કપડાંને પાક કરી સફાઈ માટે મશીન કે ધોબીને આપવામાં આવે. સદરુશ્શરીઅહ્‌ હઝરત અલ્લામા અમજદ અલી આ'ઝમી علیہ الرحمۃ والرضوان ને સવાલ કરવામાં આવ્યો કે ધોબીને નાપાક કપડાં આપવામાં આવે તો પાક થશે કે નહીં ? તો જવાબ આપ્યો કે, બેહતર એ જ છે કે ધોબીને કપડાં પાક કરી સફાઈ માટે આપવામાં આવે. અને નાપાક કપડાં આપ્યાં તો તે ધોવાયા પછી પાક થઈ જશે. પણ જો નાપાકી એવી હતી જે જોઈ શકાય અને ધોયા પછી પણ તે ન ગઈ અને જોવામાં આવી તો પાક નહીં થાય. આ રીતે પોતે પણ ધૂએ તો પણ કપડુ પાક નહીં થાય. (ભાગ–૧, પેજ–૩૧) માટે વોશિંગ મશીન કે ધોબીનાં ધોયેલાં કપડાં પાક છે તેને પહેરી નમાઝ પઢવામાં કોઈ જ વાંધો નથી, પણ બચવું બેહતર છે.

**લખનાર** : મુફતી આલે મુસ્તફા મિસ્બાહી, ફોન : ૦૫૪૭૪–૨૨૨૦૪૬ *(જામિઆ અમજદિયા રઝવિય્યહ્‌, ઘોસી જિ. મઉ, યુ.પી.) ઓગસ્ટ–૨૦૦૫, જામેનૂર–દિલ્હી)*

# દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ એટલે કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

## ઈમાન અને કુફ્રનું બયાન

ઈમાન એ છે કે અલ્લાહ અને તેના રસૂલ ﷺએ બતાવેલી તમામ વાતોનું યકીન કરે અને દિલથી સાચુ સમજે. કોઈ એવી એક બાબતનો પણ નકાર કરવો કે જેના વિશે એવી જાણ હોય કે આ ઈસ્લામની બાબત છે તો એ **કુફ્ર** છે. (એટલે કે ઈસ્લામની બુનિયાદી વાતોમાંથી એક પણ બુનિયાદી બાબતનો ઈન્કાર કરવો કુફ્ર છે.) જેવી રીતે કે કયામત, ફરિશ્તા, જન્નત, દોઝખ, હિસાબનો ઈન્કાર અથવા નમાઝ, હજ્જ, ઝકાત, રોઝાને ફર્ઝ ન સમજવું અથવા કુર્આનને અલ્લાહનું કલામ ન સમજવું. કુર્આન શરીફ અથવા કોઈ નબી કે ફરિશ્તાની તૌહીન (બેઅદબી) કરવી અથવા કોઈ સુન્નત કામને હલકુ (તુચ્છ) સમજવું કે બતાવવું, શરીઅતના કોઈ હુકમની ઠેકડી ઉડાડવી અને એવી જ ઈસ્લામની કોઈ પ્રખ્યાત અને જાણીતી વાતનો નકાર કરવો, કે એમાં શક, વહેમ કરવો ચોક્કસ કુફ્ર છે. મુસલમાન થવા માટે ઈમાન અને યકીનની સાથે ઈકરાર (જીભથી કબૂલ કરવું) પણ જરૂરી છે. જ્યાં સુધી કે કોઈ લાચારી ન હોય, જેવી રીતે ગુંગાપણું અથવા જીભથી બોલવામાં મારી નાખવાની બ્હીક હોય અથવા કોઈ અવયવ કાપી નાખવાનો ડર હોય તો એવા સમયે જીભથી બોલીને કબૂલ કરવું જરૂરી નથી. બલ્કે જીવ બચાવવા માટે જીભથી ઈસ્લામની વિરૂદ્ધ વાત પણ બોલી શકે છે, પરંતુ ન બોલવી ઉત્તમ અને સવાબનું કારણ છે. આવી મજબૂરીના સિવાય જયારે પણ કુફ્ર થાય તેવા શબ્દ જીભેથી બોલશે તો તે કાફિર કહેવાશે, પછી ભલે તે એવું કહે કે, "મેં તો ખાલી જીભથી કહ્યું, દિલથી નહીં."

એવી જ રીતે તે વાતો કે જે કુફ્રની નિશાની રૂપ છે જ્યારે પણ તેને કરશે તો કાફિર કહેવાશે. દા.ત. તરીકે જનોઈ પહેરવી, ચોટલી રાખવી, ક્રોસ લટકાવવો.

મુસલમાન બનવા માટે એટલું બસ છે કે તે ફક્ત ઈસ્લામને જ સાચો માને અને કોઈ જરૂરી દીની બાબતનો ઈન્કાર ન કરતો હોય, વળી દીનની જરૂરી બાબતોમાંથી કોઈ એક પણ બાબતના માટે ખોટો અકીદો ન રાખતો હોય પછી ભલે તેને દીનની બધીય જરૂરી બાબતોનો ઈલ્મ ન હોય. જેથી બિલકુલ જાહિલ, અભણ તદ્દન ગામડીયા લોકો કે જે ઈસ્લામ અને પૈગંબરે ઈસ્લામ ﷺને સાચા માને અને ઈસ્લામી અકીદાઓની ખિલાફ કોઈ અકીદાઓ ન ધરાવતા હોય, પછી ભલે તેઓ કલમો પણ સહીહ–ઠીક ઠીક ન પઢી શક્તા હોય છતાં તે મુસલમાન છે. મો'મિન (ઈમાનદાર) છે કાફિર નથી. હા ! નમાઝ, રોઝા, હજ્જ વગેરે અમલો છોડવા બદલ ગુનેહગાર થશે, પરંતુ મો'મિન (મુસલમાન) રહેશે. એટલા માટે કે આમાલની ઈમાનમાં ગણત્રી થતી નથી.

**અકીદો** : જે ચીજ કોઈ પણ જાતના શક વિના ઈસ્લામમાં **ચોક્કસ હરામ ગણાય છે, તેને હલાલ સમજવી** અને જે **ચોક્કસ હલાલ હોય તેને હરામ સમજવી કુફ્ર છે.** જ્યારે કે એનું હરામ અને હલાલ હોવું મશ્હૂર અને જાણીતું હોય અથવા એ માણસ પોતે જાણતો હોય.

## શિર્ક

શિર્કનો અર્થ છે "અલ્લાહના સિવાય બીજા કોઈને ખુદા સમજવો, અથવા ઈબાદતને લાયક સમજવો" અને આ કુફ્રનો સૌથી ખરાબ પ્રકાર છે. આ સિવાય ગમે તેવી સખ્ત કુફ્રી બાબત હોય ખરેખર શિર્ક નથી.

કોઈ પણ કુફ્રની બખ્શિશ (માફી) નહીં થાય, કુફ્રની સિવાય સર્વ ગુનાહો અલ્લાહ તઆલાની મરજી ઉપર આધાર રાખે છે, તે જેને ચાહે તેને માફ કરી દે.

**અકીદો** : કબીરા ગુનોહ કરવાથી મુસલમાન કાફિર થઈ જતો નથી, મુસલમાન જ રહે છે. ભલે પછી તૌબા કર્યા વિના મરી જશે તો પણ તેને પોતાના ગુનાહની સજા ભોગવીને કે માફી મેળવીને જન્નત મળશે. આ માફી અલ્લાહ તઆલા તેને ફક્ત પોતાની મહરબાનીથી કે હુઝૂર ﷺની શફાઅતથી આપે.

**મસ્અલો** : જો કોઈ માણસ મૃત્યુ પામેલા કાફિર માટે મગફિરત (માફી)ની દુઆ કરે અથવા કોઈ કાફિરને મર્હૂમ કે મગફૂર કે જન્નતી કહે અથવા કોઈ હિંદુને વૈકુંઠવાસી કહે (સદગત, સ્વર્ગસ્થ) તો તે પોતે કાફિર છે.

**અકીદો** : મુસલમાનને મુસલમાન અને કાફિરને કાફિર સમજવો જરૂરી છે. પરંતુ હા કોઈ ખાસ વ્યક્તિ માટે (વ્યક્તિગત રીતે) તેનું કાફિર હોવા કે મુસલમાન હોવાનું યકીન ત્યાં સુધી નથી કરી શકાતું કે જ્યાં સુધી શરીઅતના નિયમ પ્રમાણેની દલીલોથી તેના મૃત્યુ સમયના હાલાત (ખાતેમા)ની જાણ ન થઈ જાય, કે તે કુફ્ર ઉપર મર્યો છે કે ઈસ્લામ પર. પરંતુ એનો એ અર્થ નથી કે જેણે ચોક્કસ કુફ્ર કર્યું હોય તેના કાફિર હોવામાં શક કરવામાં આવે, એટલા માટે કે જે માણસ ચોક્કસ યકીન સાથે કાફિર હોય તેના કુફ્રમાં શક કરવાથી પોતે કાફિર થઈ જવાય છે કારણ કે શરીઅતનો હુકમ જાહેરના આધારે હોય છે. પરંતુ હા, કયામતમાં જે ફેંસલો થશે તે હકીકત (દિલની હકીકત)ના આધારે થશે. એને એવી રીતે સમજો કે કોઈ કાફિર યહૂદી, નસરાની (ઈસાઈ), હિંદુ મરી ગયો તો એ યકીન સાથે નથી કહી શકાતું કે તે કુફ્ર પર મર્યો. પરંતુ આપણને અલ્લાહ અને રસૂલનો હુકમ એ જ છે કે તેને કાફિર સમજીએ, અને કાફિર જેવો જ વર્તાવ કરીએ. જેવી રીતે કોઈ જાહેરી રીતે મુસલમાન છે અને એનો કોઈ કૌલ (વાત) અને કાર્ય (અમલ) ઈસ્લામની ખિલાફ નથી તો આપણા માટે ફર્ઝ છે કે આપણે તેને મુસલમાન જ સમજીએ, જો કે આપણને તેના ખાતેમાની પણ ખબર નથી.

**અકીદો** : કુફ્ર અને ઈસ્લામ સિવાય ત્રીજો વિભાગ નથી, માણસ મુસલમાન હશે કે કાફિર, એવું નથી બની શકતું કે તે કાફિર પણ ન હોય અને મુસલમાન પણ ન હોય. બલ્કે બેમાંથી એક જરૂર હશે જ.

**અકીદો** : મુસલમાન હમેશાં જન્નતમાં રહેશે. એમને એમાંથી કદી પણ બહાર કાઢવામાં નહીં આવે અને કાફિર હમેશાં દોઝખમાં રહેશે, તેમને કદી પણ બહાર કાઢવામાં નહીં આવે.

**મસ્અલો** : અલ્લાહ તઆલા સિવાય બીજાને ઈબાદતનો સિજદો કરવો **કુફ્ર** છે અને તા'ઝીમી સિજદો કરવો **હરામ** છે.

આલમગીરીમાં છે કે કોઈ માણસને તા'ઝીમી સિજદો કર્યો તો તે કાફિર ન થયો. (એટલે કે હરામ કાર્ય કરવાથી ગુનાહમાં પડયો.)

## બિદઅત

જે વાત રસૂલુલ્લાહ ﷺથી સાબિત ન હોય તે બિદઅત છે અને એના બે પ્રકાર છે. એક **બિદઅતે હસના** (સારી બિદઅત) બીજી **બિદઅતે સય્યેઅહ્** (બુરી બિદઅત).

**બિદઅતે હસના** (સારી) તે છે જે કોઈ સુન્નત તરીકાથી વિરૂધ્ધ ન હોય અને ટકરાતી ન હોય. જેવી રીતે કે પાકી મસ્જિદો બનાવવી, કુર્આન શરીફ સોનેરી સુંદર અક્ષરોથી લખવું, જીભથી નિય્યત કરવી, ઈલ્મે કલામ, સર્ફ–નહવ (વ્યાકરણ), ઈલ્મે રિયાઝ, ઈલ્મે હયઅત અને હિંદસા પઢવુ, પઢાવવું, આજકાલના મદ્રસા, દારુલ ઉલૂમો, વાઈઝના જલસા, સનદ અને પાઘડી બાંધવી વગેરે સેંકડો એવી ચીજો છે જે હુઝૂરના સમયમાં ન હતી, તે બધીય બિદઅતે હસના (સારી બિદઅતો) છે. અને તે એવી કે એમાં કેટલીક તો વાજિબનો દરજ્જો ધરાવે છે. જેમ કે, તરાવીહ માટે હઝરત ઉમર رضی اللہ عنہનો ઈર્શાદ છે કે, **નિઅમલ બિદઅતે હાઝેહી** અર્થાત આ સારી બિદઅત છે.

**બિદઅતે સય્યેઅહ્** (બુરી બિદઅત) તે છે કે જે કોઈ સુન્નત કામથી વિરૂધ્ધ હોય અને તેનાથી ટકરાતી હોય. આ બિદઅતમાં અમુક મકરૂહ છે અમુક હરામ છે.

# ઈસ્લામ અને આધુનિક શોધો

લેખક : અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

## અંગ્રેજી બાલ

તિબ્રાની કબીરે આખર હદીષમાં વર્ણન કર્યુ કે, "એ લોકો પોતાની બોચીઓને મુંડાવશે." જેમ કે આજકાલ સામાન્ય છે, એટલે કે અંગ્રેજી કટ બાલ રાખે છે માથા પર વાળ રહેવા દે છે અને બોચીના વાળ મુંડાવે છે અને આ સર્વ પોતાના તે અંગ્રેજ આકાઓના અનુસરણમાં કરે છે જેમનાથી એનો ડર છે કે તેઓ જંગ કરશે અને તેમનાથી નારાજ થઈ જશે. એ રીતે લોકોને અંગ્રેજ પસંદ બનાવે છે. અલ્લાહ એવા લોકોને બેઈજ્જત કરે, એ લોકોની શર્મ તથા હયા તદન ખત્મ થઈ ગઈ.

નબી કરીમ ﷺ એ બોચીના વાળ મુડાવવાથી મના ફર્માવ્યું છે, હાં કોઈ જરૂર હોય તો વાત અલગ છે. હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ એટલા માટે મના ફર્માવ્યું કે જેઓ દીનના દુશ્મન છે તેમની સાથે મુશાબેહત (મળતાપણુ) ન થાય.

અબૂ નુઐમે તારીખે અસ્બહાનમાં નકલ કર્યુ. હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ થી રિવાયત છે : રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ બોચીની ઉપરના ભાગના વાળો જરૂરત વિના મુંડાવવાથી મના ફર્માવ્યું છે. *(મુસ્લિમ, બુખારી)* તિબ્રાની સગીરમાં એ પ્રમાણે છે.

ઈબ્ને અસાકિરે એને મરફૂઅ વર્ણવી કે રસૂલુલ્લાહ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો :–

وحلق القفا من غير حاجة مجوسية

**"જરૂરત વિના બોચી મુંડાવવી મજૂસી (અગ્નિપૂજકો)ની નિશાની છે."** એટલે કે મજૂસીઓની આદત છે. હુઝૂરના ફર્માનના પ્રમાણે જે કોઈ જે કૌમ સાથે મુશાબેહત (મળતાપણુ) કરશે તે તેઓમાંથી છે.

જે હદીષો એ બેદીનોના બારામાં આવી છે તે એ હદીષો સાથે સામ્યતા ધરાવે છે, જે ખારજીઓના બારામાં આવી છે, જે સૌ લોકો દીનથી ખારિજ છે અને તમામે તમામ "જહન્નમના કૂતરા" છે. જેમ કે હુઝૂર ﷺ એ ફર્માવ્યું. પરંતુ તેમ છતાં તેમના બે પ્રકાર છે : એક એ પ્રખ્યાત પ્રકાર જે પોતાના નામથી મશહૂર છે જેવી કે તેની ખાસિયતો આવી છે, એટલે કે દીનમાં અતિશયોક્તિ કરવી એટલે સુધી કે આપણામાંથી દરેક પોતાની નમાઝોને તેમની નમાઝની સરખામણીમાં હલકી સમજે છે, પોતાના રોઝાઓને તેમના રોઝાઓ કરતાં કમ સમજે છે. (બહુ જ નમાઝો પઢનારા તથા બહુ જ રોઝા રાખનારા) અને બીજો પ્રકાર એ છે કે જે આ જમાનાના અધર્મીઓ પર આધારિત છે અને તેમાં એ જ લોકો છે જેમના બારામાં હદીષમાં આવ્યું કે તેઓ નવયુવાન ઓછી અક્કલના છે અને તેમની નિશાની "મુંડાવવું" છે. જ્યારે નજદમાં ૧૨ મી સદીમાં શૈતાનનું શીંગડુ નીકળ્યું અને તેનો ફિત્નો ફેલાયો તો એ સમયના ઉલમાએ એ તમામ હદીષોને તેમના પર (વહાબીઓ પર) અને તેમના સાથીઓ પર ફીટ કરી, તે એટલા માટે કે કોઈ ખારજી તથા બેદીન એ પ્રકારનો તે વખતે ન હતો અને ઉલમાએ "તહલીક"ને માથુ મુડાવવા સંબંધે ધારી લીધું. જ્યારે માથુ મુંડાવવું કેવળ તેમની જ નિશાની નથી, વળી માથુ મુંડાવવું હરામ પણ નથી. હા ! મકરૂહ અથવા ખિલાફે ઉલા કહી શકીએ છીએ બલ્કે એક રાજેહ કૌલના પ્રમાણે મુબાહ છે. જો દલીલો બંને બાજુની શક્યતા ધરાવે છે પરંતુ રાજેહ્ કૌલ પહેલો જ છે. નજદમાં તે વખતે કોઈ કદીક જ માથુ મુંડાવતો હતો. જે ચીજ આ બેદીનોની નિશાની બને તે દાઢી મુંડાવવું છે જે આ પહેલાં ઈસ્લામમાં રિવાજ પામેલ ન હતી. હુઝૂર ﷺએ પોતાની ઉમ્મતને એમાં એનાથી અને એમાં કાફિરો તથા મજૂસીઓની સાથે મુશાબેહત (મળતાપણુ) કરવાથી મના ફર્માવ્યું છે. બીજી હદીષો જે બોચીના બારામાં છે એની તાકીદ કરનારી છે જેમ કે દાઢી મુંડાવવું તથા બોચી મુંડાવવું બંને એક સાથે જ રિવાજ પામ્યું છે.

# ઈસ્લામમાં ઈદે મીલાદુન્નબી ﷺ નું મહત્વ

**અઝ : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ મિસ્બાહી**
(દા. ઉ. કાદરિયા ગરીબ નવાઝ, લેડીસ્મિથ, સા. આફ્રિકા)

પ્યારા વાંચકો ! આપણા પરવરદિગાર جل جلاله એ આપણને અસંખ્ય નેઅમતો અતા ફર્માવી છે. જો માણસ તેની ગણતરી કરવાની કોશિશ કરે તો નહીં ગણી શકે. કુર્આને પાકમાં રબ તઆલા ઈર્શાદ ફર્માવે છે : (અર્થાત) : "અને જો તમે અલ્લાહની નેઅમતોને ગણતરીમાં લાવવા ઈચ્છો તો નહીં લાવી શકો." ખરેખર અલ્લાહ તઆલાએ આપણા ઉપર અસંખ્ય નેઅમતો નાઝિલ ફર્માવી.

વળી એક સ્થાને રબ તઆલા ઈર્શાદ ફર્માવે છે : (અર્થાત) : "અને તેઓને અલ્લાહની નેઅમતો ઉતરવાના દિવસો યાદ અપાવો." *(પા. ૧૩, રુકૂઅ–૧૧)*

ઉપરોક્ત આયતમાં અલ્લાહ તઆલાએ હઝરત મૂસા علیہ السلام ને હુકમ ફર્માવ્યો કે બની ઈસ્રાઈલને તે દિવસોની યાદ અપાવો જેમાં અલ્લાહ તઆલાએ તેમના પર નેઅમતો નાઝિલ ફર્માવી. જાણવા મળ્યું કે જે દિવસોમાં અલ્લાહની નેઅમતો આપણને મળી તેને યાદગારના રૂપે મનાવવાનો અલ્લાહ તઆલાએ હુકમ આપ્યો છે.

હવે આપણે જરા ધ્યાન કરીયે કે સૌથી મહાન અને અઝીમ નેઅમત કઈ છે જે અલ્લાહ તઆલાએ આપણને અતા ફર્માવી ? તો જુઓ અસંખ્ય નેઅમતો રબ તઆલાએ આપણને અતા ફર્માવી છતાં કોઈ પણ સ્થાને પોતે એહસાન કર્યું હોવાનો ઉલ્લેખ નથી ફર્માવ્યો, ક્યાંય આમ નથી ફર્માવ્યું કે મેં તમને ઈન્સાન બનાવી ઘણો જ મોટો ઉપકાર કર્યો, તમને મુસલમાન બનાવી ઘણો જ મોટો ઉપકાર કર્યો વગેરે, કોઈ પણ સ્થાને આ પ્રકારનું ફર્માન નથી. પરંતુ જ્યારે અલ્લાહ તઆલાએ પોતાના પ્યારા મહબૂબ ﷺ ને ઈન્સાનોમાં મોકલ્યા તો આ રીતે ઈર્શાદ ફર્માવ્યો : لَقَدْ مَنَّ اللّٰهُ عَلَى الْمُؤْمِنِيْنَ اِذْ بَعَثَ فِيْهِمْ رَسُوْلًا

**(અર્થાત)** : "તેહકીક કે અલ્લાહ તઆલાએ મો'મિનો પર મોટુ એહસાન કર્યું કે તેમનામાં તેમનામાંથી જ પોતાના પ્યારા મહબૂબને મોકલ્યા."

આથી જાણવા મળ્યું કે અલ્લાહની સૌથી મહાન નેઅમત તેના પ્યારા હબીબ ﷺ છે અને જે દિવસે આપ આ જગતમાં તશરીફ લાવ્યા તે અલ્લાહના દિવસોમાંથી છે જેને યાદ કરવાનો હુકમ રબ તઆલાએ પોતાની પ્યારી કિતાબમાં ઈર્શાદ ફર્માવ્યો.

કુર્આને પાકમાં રબ તઆલા ઈર્શાદ ફર્માવે છે :

**(અર્થાત)** : "હે મહબૂબ ! તમે લોકોને ફર્માવી દો કે અલ્લાહના ફઝલ તથા તેની નેઅમતના મળવા પર ખુશી મનાવો, આ તેમના માટે એથી બેહતર છે જે તેમણે જમા કર્યું." *(પા. ૧૧, રુકૂઅ–૧૧)*

ઉપરોક્ત આયતમાં અલ્લાહ તઆલાએ તેના ફઝલ તથા રહમત અને નેઅમતના મળવા પર ખુશી મનાવવા તથા માલ ખર્ચ કરવાનો હુકમ આપ્યો છે.

કુર્આને પાકમાં બીજા એક સ્થાને છે :–

**(અર્થાત)** : "અને પોતાના રબની નેઅમતની ખૂબ ચર્ચા કરો." *(પા. ૩૦, આ. ૧૮)*

ઉપરોક્ત આયતોની રોશનીમાં જાણવા મળ્યું કે અલ્લાહની નેઅમત મળવા પર ખૂબ ખુશી મનાવવી અને માલ ખર્ચ કરવો તથા તે નેઅમતની ખૂબ ખૂબ

ચર્ચા કરવી એ અલ્લાહ તઆલાનો હુકમ છે.

બેશક ! આપણા પ્યારા નબી ﷺ અલ્લાહની સૌથી મહાન નેઅમત છે, જેમ કે ઉપર વર્ણન થઈ ચૂક્યું . તો આપની આમદ તથા આગમનનો એકાતમાં કે જલ્સામાં ચર્ચા તથા ઉલ્લેખ કરવો, આપના આગમનના દિવસે ખુશી મનાવવી અને માલ ખર્ચ કરવો સંપૂર્ણપણે કુર્આનમાં હુકમ મુજબ જ ગણાશે. અને કુર્આન મજીદના હુકમ મુજબ અમલ કરવો **બિદઅત નહીં પણ રહમત** ગણાશે.

## હદીષોની રોશનીમાં ઈદે મીલાદ મનાવવાની હેસિયત અને ફાયદો

પ્યારા નબી ﷺની પૈદાઈશની ખુશી મનાવવાના કારણે કાફિરને પણ ફાયદો થાય છે. બુખારી શરીફમાં છે, જ્યારે અબૂ લહબ મૃત્યુ પામ્યો તો તેના એક સગા (હઝરત અબ્બાસ رضی اللہ عنہ)એ તેને ખ્વાબમાં ઘણી જ બુરી હાલતમાં જોયો તો પૂછયું કે તારું શું થયું ? તો અબૂ લહબએ કહ્યું કે તમારાથી અલગ રહી મને કોઈ જ ભલાઈ નથી મળી એ સિવાય કે કલ્માની આંગળીથી મારી તરસ બુઝાવવામાં આવે છે (સોમવારના દિવસે) કે તે દિવસે મેં આ આંગળીના ઈશારાથી (હુઝૂરની પૈદાઈશની ખુશીમાં) ષૌબિયા (લોંડી)ને આઝાદ કરી હતી. *(બુખારી શરીફ, ભા-૨, પેજ-૭૬૪)*

જરા ધ્યાનપૂર્વક જુઓ ! અબૂ લહબ એવો સખત કાફિર હતો જેના વિશે કુર્આને પાકની આખી સૂરત (સૂરએ લહબ) નાઝિલ થઈ. તે કાફિર હતો, આપણે મો'મિન છીએ, તે દુશ્મન હતો, આપણે ગુલામ છીએ, તેણે રસૂલ ﷺની પૈદાઈશ નહીં પણ પોતાના ભત્રીજાની આમદની ખુશીમાં લોંડી આઝાદ કરી અને આપણે રસૂલુલ્લાહ ﷺની મીલાદની ખુશી મનાવીએ છીએ. જ્યારે દુશ્મનો અને કાફિરોને મીલાદની ખુશી કરવાથી આટલો ફાયદો પહોંચી શકે છે તો આપણને મો'મિનો અને ગુલામોને કેટલો ફાયદો મળશે ?!

## મીલાદ અને કુર્આને હકીમ

સૌ પ્રથમ અંબિયાએ કિરામની મેહફિલમાં (મીષાકના દિવસે) હુઝૂર ﷺની આમદ અને આગમનનો ઉલ્લેખ રબ તઆલાએ પોતે ફર્માવો :–

**(અર્થાત)** : "અને યાદ કરો જ્યારે અલ્લાહ તઆલાએ નબીઓથી વાયદો લીધો કે મેં તમને જે કંઈ પણ નબુવ્વત અને હિકમત આપી અને પછી જ્યારે તમારી પાસે અઝમતવાળા રસૂલ (મુહમ્મદ ﷺ) જે તમારી પાસે જે કાંઈ છે તેની તસ્દીક (સમર્થન) કરનાર છે તે આવે તો તમે તેના પર જરૂર ઈમાન લાવશો અને તેમની જરૂર મદદ કરશો." *(પા. ૩, રુકૂઅ-૧૭)*

ઉપરોક્ત આયતના આધારે જાણવા મળ્યું કે **નબીના આગમનના ઝિક્રની સૌ પ્રથમ મેહફિલ મેહફિલે અંબિયા છે જેમાં મીલાદનું ઝિક્ર કરનાર અલ્લાહ તઆલા અને સાંભળનાર તેના નબીઓ હતા.**

આ જ રીતે અંબિયાએ કિરામ પોતાના સમયગાળામાં પ્યારા નબી ﷺની આમદ તથા આગમનનું વર્ણન કરતા રહ્યા. ત્યાં સુધી કે હઝરત ઈસા علیہ السلامએ પોતાના ઉમ્મતીઓની એક મહાન સભામાં પ્યારા નબી ﷺના આગમન અને મીલાદનું આ રીતે વર્ણન કર્યું :–

**(અર્થાત)** : "હે લોકો ! ખુશખબરી આપુ છું તમને તે રસૂલની જે મારા પછી આવશે અને તેમનું નામ અહમદ છે." *(પારા-૨૮, રુકૂઅ-૯)*

વાત સ્પષ્ટ થઈ ગઈ કે નબીની આમદનું બયાન કરવું, તેની ચર્ચા કરવી એ અલ્લાહની પણ સુન્નત છે અને તેના પ્યારા પૈગંબરોનો પણ તરીકો છે. બિદઅત નહીં ! પરંતુ રહમત છે !

આપણા પ્યારા નબી ﷺના પ્યારા સહાબા رضوان الله تعالیٰ علیهم اجمعین પણ મીલાદ શરીફ મનાવતા નબીના આગમનની ચર્ચા કરતા. હઝરત અબ્બાસ رضی الله عنه પોતાના એક કસીદામાં આ રીતે ઉલ્લેખ કરી રહ્યા છે :–

''યા રસૂલલ્લાહ ! જ્યારે આપનો જન્મ થયો તો આપના નૂરથી જમીન અને આસમાન ઉજ્જવળ તથા પ્રકાશિત થઈ ગયાં, બસ ! અમે એ જ નૂરના અજવાળે સચ્ચાઈ તથા હિદાયતના માર્ગે ચાલી રહ્યા છીએ.'' (અત્તન્વીર) આ છે નબીના મીલાદનું ઝિક્ર.

વળી આપણા અસંખ્ય બુઝુર્ગો તથા સલ્ફે સાલેહીનનો પણ તરીકો રહ્યો છે કે તેઓ ખૂબ જ શાનો શૌકતથી મહફિલે મીલાદ મનાવતા, નબીના આમદ આમદની ચર્ચા કરતા. જુઓ આ છે શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمة الله علیهપોતાની કિતાબ ''અખ્બારુલ અખ્યાર''ના છેલ્લે રબની બારગાહમાં મુનાજાત કાંઈક આવા શબ્દોમાં કરે છે : ''હે અલ્લાહ ! મારો કોઈ અમલ એવો નથી જે તારા દરબારમાં પેશ કરવા લાયક હોય, મારા દરેક અમલમાં નિય્યતની કમી અને ઉણપ છે, પરંતુ મુજ ફકીરનો એક અમલ તારી બખ્શિશોથી ખૂબ શાનદાર છે અને તે એ કે મીલાદની મજલિસના મોકા પર હું ઊભો થઈ સલાતો સલામ પઢુ છું.'' *(અખ્બારુલ અખ્યાર, પેજ–૬૨૪)*

આ તે મહાન બુઝુર્ગ ફર્માવી રહ્યા છે જેમના વિશે આપણા બુઝુર્ગોના કથનો અતિ મહત્વનાં છે. વળી અશ્રફ અલી થાનવી દેવબંદી તેમના વિશે આ રીતે લખે છે કે, ''હઝરત શૈખ દહેલ્વી ઘણા મહાન બુઝુર્ગ છે, ઝાહિરના પણ અને બાતિનના પણ''. *(ઈફાઝાતે યવમિયા)*

એ જ શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمة الله علیهનો અકીદો છે કે મીલાદની મેહફિલ અલ્લાહ તઆલા જરૂર કબૂલ ફર્માવે છે.

ઘણાયે લોકો પ્યારા નબી ﷺની મીલાદની મેહફિલ વિશે શિર્ક તથા બિદઅતના ફત્વા લગાડતા જોવા મળશે તેમને જરા બતાવી આપો કે, તેમના નઝદીક જશ્ને દારુલ ઉલૂમ દેવબંદ જાઈઝ અને જશ્ને ઈદે મિલાદ નાજાઈઝ ?! યવમે મુફ્તી મેહમૂદ જાઈઝ અને યવમે મવલૂદ (મીલાદ) નાજાઈઝ ?! ઈન્દિરા ગાંધીને દારુલ ઉલૂમ દેવબંદમાં બોલાવી જલ્સા કરાવા જાઈઝ અને મીલાદ શરીફના જલ્સા નાજાઈઝ ?! આ ક્યાંનો ઈન્સાફ છે ?! આ કયો ધર્મ છે ?!

**પ્યારા વાંચકો !** મેહફિલે મીલાદ અસંખ્ય બરકતો પામવાનો મહત્વનો ઝરીયો છે, અલ્લાહની રહમતો મેળવવાનો સબબ છે અને અલ્લાહ તથા તેના પૈગંબરો علیهم السلام, નબી ﷺના સહાબા رضوان الله تعالیٰ علیهم اجمعین અને આપણા બુઝુર્ગો رحمهما اللهની પ્યારી તેહરીક છે જેને આપણે પણ સંપૂર્ણ અકીદત અને મહોબ્બતથી સીનાથી લગાડી રાખવી એમાં જ દુનિયા તથા આખેરતની ભલાઈ છે.

મૌલા તઆલા આપણા સૌને પ્યારા નબી ﷺની મીલાદનો સદકો અતા ફર્માવે. (આમીન)

**★ તય્બહ બુલા લિયે હૈં ★**

શાહે મદીના મુઝકો તૈય્બહ બુલા લિએ હૈં
સોઈ હૂઈ થી કિસ્મત આક઼ા જગા દિએ હૈં

કરતે હૈં રશ્ક મેરી કિસ્મતપે સબ ફરિશ્તે
ફિરસે મદીનેવાલે મેહમાં બના લિએ હૈં

અપને ગદાકી હર દમ ઝોલીકો ભર દીએ હૈં
માંગા હૈ જો ભી જબ ભી ઉસસે સિવા દિએ હૈં

ઈકકો મિલી સદાક઼ત ઈકકો મિલી અદાલત
સદક઼ા ઉન્હીંકા દે દો દામન બીછા દિએ હૈં

ઉષ્માં અલીકા સદક઼ા ઈલ્મે લદુન્ની દે દો
અરમાં લિએ યે દર પર બિસ્તર જમા દિએ હૈં

“શાકિર” પે જબ ભી છાએ હુઝ્નો અલમકે બાદલ
આકા નિભા લિએ હૈં દાતા બચા લિએ હૈં

-કાર્યાલય

## સઊદી નજદી વહાબી ગવર્નમેન્ટનો

# ગારે ઓહદને તોડી પાડવાનો નાપાક મનસૂબો !

મસ્જિદે નબવી શરીફથી ઉત્તરે લગભગ ત્રણ માઈલના અંતરે જબલે ઓહદ નામનો જાણીતો પહાડ છે જેની વાદી (સપાટ મેદાન)માં હિ. ૩ માં કાફિરોથી સખત લડાઈ થઈ હતી. જે ઈસ્લામી ઈતિહાસમાં ગઝવએ ઓહદના નામથી જાણીતો છે. એ પહાડના વિશે તાજદારે આલમ ﷺનો પાક ઈર્શાદ છે : "આ પહાડ અમને મહોબ્બત કરે છે અને હું આ પહાડને." આ પહાડના દામનમાં સૈયદુશ્શોહદા હઝરત અમીર હમ્ઝા رضی اللہ عنہ ઉપરાંત સિત્તેર જલીલુલ કદ્ર સહાબાએ કિરામ رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ આરામ ફર્માવી રહ્યા છે. જેમના વિશે આ આયતે કરીમા નાઝિલ થઈ :–

وَلَا تَقُوْلُوْا لِمَنْ يُّقْتَلُ فِىْ سَبِيْلِ اللّٰهِ اَمْوَاتٌ ۔
بَلْ اَحْيَآءٌ وَّلٰكِنْ لَّا تَشْعُرُوْنَ

"જે અલ્લાહની રાહમાં શહીદ થયા એમને મુર્દા ન કહો, પરંતુ તેઓ પોતાના રબની પાસે જીવંત છે, રોજી મેળવે છે." *(કન્ઝુલ ઈમાન)*

આટલા પ્રમાણમાં ફઝીલતની જગા સઊદી હાકિમોની બેહૂદા સમજથી બરબાદ થઈ રહી છે. ઈ.સ. ૧૯૨૫માં હરમૈન તયબૈન પર આલે સઊદના કબ્જા પછીથી આજ સુધી આખી દુનિયાના મુસલમાનોને સખત તકલીફોનો સામનો કરવો પડયો છે. ક્યારેક ઈમાન પર ચડાઈ, ક્યારેક ઈસ્લામી નિશાનીઓ તથા તબર્રુકાતોને મિટાવી દેવાના મનસૂબાઓ એ સઊદી હુકૂમતનો શૈતાની મિઝાજ રહ્યો છે. ભૂતકાળમાં સહાબીઓના મકબરાઓની નિશાનીઓને ગુમ કરવી, વાલિદાએ મુસ્તફા હઝરત આમેના رضی اللہ عنہاની લાશ મુબારકની ફેરબદલી અને જુલાઈ ઈ.સ. ૨૦૦૫માં નબીના જન્મ સ્થળને તોડી પાડવાનો પ્લાન એ સઊદી હાકિમોની ખરાબ વિચારસરણીનું જગજાહેર સબૂત છે.

જેના વિરોધમાં હજારો પ્રદર્શનો અને સખત ગમ તથા ગુસ્સાઓ જાહેર થયા પણ સઊદી હુકૂમત અને એના સમર્થકોની દિલી કમનસીબી દૂર થઈ શકી.

સઊદી હુકૂમતે અને વહાબી મઝહબનો આ એક બદ્તરીન સિલસિલો છે જે રસૂલ દુશ્મની અને તબર્રુકાતની નિશાનીઓથી નફરતની શક્કલમાં એકધારુ આગળ વધતુ રહે છે. ઈન્ટરનેટ દ્વારા રસૂલ દુશ્મનીના સંબંધથી એક બીજી ખતરનાક મનસૂબાની જાણ થઈ છે. બનાવ એ છે કે ગારે ઓહદ જેને રસૂલુલ્લાહ ﷺની આરામગાહ હોવાનું નસીબ પ્રાપ્ત છે, એની હિફાઝતનો મસ્અલો ગંભીર સ્વરૂપ ધારણ કરી ચૂક્યો છે. સઊદી હુકૂમત એની તબાહીનો પ્લાન તૈયાર કરી રહી છે. અને એના વિશે બુદ્ધિશાળીઓની તરફથી નિવેદનો પણ આવી રહ્યાં છે. આ જાન્યુઆરી ઈ.સ. ૨૦૦૬માં "અરબ ન્યૂઝ"ના હવાલાથી જણાયું કે હાજીઓ મોટી સંખ્યામાં એ જગાની ઝિયારતના માટે આવે છે જેમાં તુર્કીવાળાઓનો આશિકી અંદાઝ જોવા લાયક હોય છે. તેઓ ત્યાં દુઆ કરે છે અને એ મુબારક જગાના વસીલાથી રહમતે ઈલાહી ચાહે છે અને આ ચીજ સઊદી હુકૂમતને બિલકુલ નાપસંદ છે. એટલા માટે છ વર્ષ પહેલાંથી આ જગા સઊદીની આંખોનો કણો બનેલ છે. ખૂદ અહીંયાના એક સ્થાનિક રહેવાસી તલલુર્રદાદીએ એના વિશે સ્પષ્ટતા કરી છે કે ઘણા બધા લોકોએ આ જગાને નાબૂદ કરી દેવાની વાત કહી જેને મેં અયોગ્ય કહીને જગા જગા હિદાયતી બોર્ડ લગાડવાની વાત કહી, કેમ કે તોડવાની કાર્યવાહી પછી સખત પરેશાનીનો સામનો થશે.

કદાચ આ બનાવ પર મદીનાના ગવર્નર શહેઝાદ અબ્દુલ અઝીઝ બિન મજીદે પણ પોતાના એક બયાન દ્વારા એ જગાને ખતમ કરવાની સલાહને રદ કરી અને

કહ્યું કે તાત્કાલિક એક એવી કમિટી રચવામાં આવશે જે આ શિકાયત પર વિચારણા કરશે કે કેટલાયે વર્ષોથી મુલાકાતીઓ આ જગાએ ઈબાદતના માટે આવે છે જ્યારે કે કેટલાક સ્કોલરોનો ખયાલ છે કે ગારને બે મીટર પહોળી દીવાલથી ઘેરી દેવામાં આવે અને એક કિલોમીટર દૂરી પર એવી નિશાની લગાડી દેવામાં આવે જેનાથી ગારની નિશાની ખબર પડે જ્યાં જંગે ઓહદમાં હુઝૂર અન્વર ﷺએ ઝખ્મી થયા પછી આરામ ફર્માવ્યો હતો. એવી રીતે મદીના ઈસ્લામિક યુનિવર્સિટીના એક શિક્ષક ''અલજરબૂ''એ કહ્યું કે એ ગારને તબાહ કરી દેવી એ બધા મસ્અલાઓનો એક જ હલ છે, નહીં તો લોકો દીવાલ કૂદીને અંદર ચાલ્યા જશે.

બલ્કે તયબાહ યુનિવિર્સટીના પ્રોફેસર અબૂ બકરીએ એવા વિચારનો સખત વિરોધ કર્યો અને કહ્યું કે ગારને પાડી દેવાથી નારાજગીનો માહોલ પેદા થશે અને મસ્અલાઓ હલ થવાને બદલે વધારે મુશ્કેલ થઈ જશે જેનાથી ઈસ્લામની છાપને સખત નુકસાન પહોંચશે. થોડાક એવા જ વિચારો એક બીજા પ્રોફેસર આસિમ હમ્માદના પણ છે. એમણે કહ્યું કે એ જગાને પાડી દેવી એ ન તો યોગ્ય વાત છે ન છેવટનો હલ છે આપણો ઈતિહાસ જણાવે છે કે જ્યારે મુસલમાનોએ બીજા દેશો પર કબ્જો કર્યો તો ત્યાંની ગૈરમુસ્લિમ યાદગારોને પણ ખતમ ન કરી હતી બલ્કે બાકી રાખી.

ઉપરોક્ત બયાનોથી અંદાજો લગાડી શકાય છે કે ગારે ઓહદ જેવી બરકતવાળી, તા'ઝીમના પાત્ર જગાના વિશે સઊદી હાકિમો અને એના જેવાઓનાં દિલો દિમાગમાં કેવા પ્રકારની ખીચડી પાકી રહી છે, અને એની અસરો ભવિષ્યમાં શું હશે. છેલ્લે આ હિંમત કેવી રીતે પૈદા થઈ કે સઊદી હાકિમોમાં ઈસ્લામી નિશાનીઓની વિરોધમાં આટલા પ્રમાણમાં સખ્તી છે અને પૈગંબરે ઈસ્લામ ﷺથી આટલા પ્રમાણમાં બગાવત ?! જ્યારે કે આખી દુનિયામાં મુસલમાનોની અકીદત તથા મહોબ્બત દરેક એ જગાથી બેહદ છે જે નબી કે અસ્હાબે નબી ﷺથી સંબંધિત છે. જેથી મકામે ઈબ્રાહીમ પર બે રકાતની અદાયગી, હજરે અસ્વદને બોસો આપવો માત્ર એટલા માટે છે કે એમને નબી ﷺથી સંબંધ તથા નિકટતા છે, પણ આંધળા નજદીઓને હોશ ક્યાં કે તે જાણવાની કોશિશ કરે કે હાજીઓ આ જગા પર ક્યા જઝબાના માટે આવે છે ? અને આ જગા પર દુઆઓ કરવી રહમતે ઈલાહીને પ્રાપ્ત કરવી શરીઅતના તકાઝાના માફક જ છે. ખૂદ ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ હજરે અસ્વદથી નજીક થઈને ફર્માવ્યું : ''અય પથ્થર ! મારી નજરમાં તો આમ પથ્થરોથી વધારે કિંમત નથી પણ કેમ કે રસૂલુલ્લાહ ﷺએ તને બોસો આપ્યો છે એટલા માટે હું પણ તને બોસો આપું છું.'' એવી રીતે મકામે ઈબ્રાહીમ પર નમાઝ અદા કરવી કદમે ઈબ્રાહીમ علیہ السلامની બરકતના કારણે છે. પછી શું કારણ છે કે ઓહદ પહાડની સાથે ધૃણાસ્પદ વલણ અપનાવવામાં આવે છે ? અને મુલાકાતીઓને એ જગાથી દૂર રાખવાની અમલી કોશિશ અને મનસૂબાઓ કરવામાં આવે છે ?! એના સંબંધે વિશ્વના પ્રાચીન નિશાનીઓના રક્ષકોએ પણ આગળ આવવુ જોઈએ જેથી સઊદી હુકૂમતના હાથો વડે મઝહબે ઈસ્લામના અનુયાયીઓની અકીદત તથા મહોબ્બતનું ખૂન ન થાય, નહીં તો આખી દુનિયાની અંદર સઊદી હુકૂમતના વિરોધમાં એક તોફાન ઊભુ થશે અને ઈસ્લામના દામનથી સંબંધિત હોવાનું તેમનું જૂઠુ નાટક પણ વાસ્તવિક્તાની રોશનીમાં આવી જશે. વહાબી વિચારસરણીની હિમાયતી સઊદી હુકૂમત ભૂતકાળમાં પણ રસૂલ દુશ્મનીની સાબિતી પૂરી પાડતી રહી છે. પાછલા દિવસોમાં મૌલૂદે નબવી ﷺને તોડી પાડવાનો પણ નાપાક મનસૂબો સામે આવ્યો હતો જેના વિરોધમાં દુનિયાભરમાં વિરોધનો સિલસિલો શરૂ થયો જે આજ સુધી ચાલુ છે. આ બધી હકીકતોની રોશનીમાં શું હજુ પણ દુનિયાને બતાવવાની જરૂરત છે કે સઊદિયત તથા વહાબિયતના પાછળ ઈસ્લામ દુશ્મન અંગ્રેજ સામ્રાજ્યનું દિમાગ કામ કરી રહ્યું છે. *(અશ્રફિયા, માર્ચ–૨૦૦૬ના સૌજન્યથી)*

રસૂલ ﷺને "પોતાના જેવા" બશર (માણસ) કહેનારા બેવકૂફો ધ્યાનથી વાંચે !

શરીઅતથી સિદ્ધ દલીલોની રોશનીમાં સાચા મો'મિનનો અકીદો

# નબી પાક ﷺ ના શરીરની દરેક વસ્તુ પાક છે !

**અઝ :** ફખ્રે ગુજરાત હઝરત અલ્લામા મૌલાના યૂનુસ મિસ્બાહી-પ્રેસ્ટન (યુ.કે.)

**સવાલ :** શું નબીએ પાક ﷺના શરીરની દરેક વસ્તુ પાક છે ?

**જવાબ :** જરૂરથી પાક છે. આપના શરીરની કોઈ વસ્તુ પર નાપાકીનો હુકમ નથી. આ જ અહલે સુન્નતની માન્યતા છે.

**સવાલ :** શું આ અકીદતનો આધાર માત્ર નબીથી મહબ્બત છે કે પછી આપની પાસે એના પર હદીષનો પુરાવો પણ છે ?

**જવાબ :** અમારી આ અને બીજી દરેક માન્યતા પર એક નહીં અનેક દલીલો અને પુરાવા છે, માત્ર અકીદતથી વાતો ઉપજાવવામાં નથી આવી.

**સવાલ :** શું આપ અમને એ દલીલોથી વાકેફ કરશો ?!

**જવાબ :** કેમ નહીં ! જ્યારે પુરાવાનો ભંડાર છે તો તમને એનાથી મેહરૂમ કેમ રાખવામાં આવશે !

## નબીની પાકી હદીષોની રોશનીમાં

**૧.** તબ્રાનીએ હઝરત અબૂ સઈદ ખુદરીથી અને એમણે પોતાના પિતાથી રિવાયત કરી કે માલિક બિન સિનાને ઉહુદની લડાઈમાં નબીએ પાક ﷺનું લોહી પીધું અને એને ચૂસ્યું. ઝખમમાં મોઢું લગાડવાનો હુકમ એમને નબી ﷺએ આપ્યો હતો, અને ફર્માન એ પણ હતું કે તમને દોઝખની આગ નહીં પહોંચે. *(શરહે શિફા, ભાગ–૧, પેજ–૪૧)*

વહેતું લોહી શરીઅતમાં નાપાક છે અને એનો ઉપયોગ ખાવામાં હરામ છે તો પણ નબીએ પાક ﷺનું એમને ઝખમ પર મોઢું રાખીને લોહી ચૂસી લેવાનું કહેવું એ એ વાતની દલીલ છે કે હરામ અને નાપાકનો હુકમ નબી કરીમ ﷺને છોડીને બીજા લોકો માટે છે. આપનું લોહી પણ મુબારક છે અને એને પીવા પર માલિક બિન સિનાનને આપે જહન્નમથી મુક્ત રહેવાની ખુશખબરી આપી.

**૨.** નસાઈ અને શરહે નસાઈમાં છે : ઈબ્ને જુરૈહની રિવાયતથી કે નબીએ કરીમ ﷺ લાકડાના એક પ્યાલામાં પેશાબ કરતા પછી એ આપના ખાટલા નીચે રાખવામાં આવતું, તો આપ આવ્યા (અને જોયું કે) પ્યાલામાં કશું જ નથી તો ઔરતને પૂછયું (જેને બરકત કહેવામાં આવતું. તેણી હઝરત ઉમ્મે હબીબાની સેવા કરતી હતી, હબ્શાથી આવી હતી) પ્યાલામાં જે પેશાબ હતો ક્યાં ગયો ? તેણીએ કહ્યું, હું પી ગઈ ! આપે ફર્માવ્યું : તંદુરસ્ત રહો અય ઉમ્મે યૂસુફ ! તો તેણી ક્યારે પણ એ પછી બીમાર ન થઈ. *(નસાઈ, ભાગ–૧, પેજ–૧૪)*

**૩.** મુસ્તદરકે હાકિમે અને શરહે શિફા મુલ્લા અલી કારીમાં નબીએ પાક ﷺથી રિવાયત છે કે એક સ્ત્રીએ આપનો પેશાબ પી લીધો તો આપે ફર્માવ્યું : તારું પેટ ક્યારે પણ નહીં દુ:ખે. અને એક રિવાયતમાં છે : દોઝખની આગ તારા પેટને નહીં પહોંચે. *(શરહે શિફા મુલ્લા અલી કારી, પેજ–૧૬૨, ભાગ–૧)*

**૪.** તબ્રાનીમાં રિવાયત છે અસ્વદ બિન કૈસથી.

એમણે રિવાયત કરી નબીઅ ગંઝીથી અને તેમણે ઉમ્મે અયમનથી. તેણી ફર્માવે છે કે નબી ﷺએ ઘરના એક ખૂણામાં પ્યાલામાં પેશાબ કર્યો, હું જોગાનુજોગ ઉઠી, મને તરસ લાગી હતી તો એમાં જે હતું મેં પી લીધું અને મને ખબર ન હતી. જ્યારે નબી ﷺએ સવારમાં ફર્માવ્યું, ઉમ્મે અયમન ! ઉઠો અને પ્યાલમાં જે છે એને બહાર ફેંકી દો ! મેં કહ્યું, અલ્લાહની કસમ ! હું તો પી ગઈ છું ! તો નબી ﷺ એ સ્મિત કર્યું એટલે સુધી કે આપના આગલા દાંત જાહેર થયા, પછી ફર્માવ્યું : કસમ ખુદાની ! તારું પેટ ક્યારે પણ નહીં દુઃખે ! *(તબ્રાની, પેજ–૩૦૧)*

પેશાબ પીવાનો બનાવ બે વખત બન્યો, એક વખત ઉમ્મે અયમનનો અને એક વખત બરકતનો. અને બંનેવ બનાવ પર આપણા નબી ﷺએ એમને તંદરુસ્ત રહેવાની અને પેટમાં તકલીફ ન થવાની ખુશખબર આપી. જેનાથી સમજી શકાય છે કે એનો હુકમ શું છે.

**૫.** બયહકીમાં અબ્દુલ્લાહ બિન ઝુબૈરથી રિવાયત છે, તેઓ પોતાના પિતાથી રિવાયત કરે છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ લોહી કઢાવ્યું અને મને આપીને ફર્માવ્યું, આને ગાયબ કરી દો ! ઝુબૈર કહે છે કે હું ગયો અને એને પી ગયો. પછી હું નબી ﷺની ખિદમતમાં આવ્યો તો આપે ફર્માવ્યું, તમે શું કર્યું ? વિનંતિ કરી, મેં એને ગાયબ કરી દીધું ! ફર્માવ્યું, તમે એને પી લીધું છે ? વિનંતિ કરી, ! હા ! પી લીધું છે. તો આપે ફર્માવ્યું, ﷺ તેં પોતાને અલ્લાહના અઝાબથી બચાવી લીધો. *(બયહકી, ભાગ–૨, પેજ–૨૨૧)*

**૬.** જૌહર મકનૂન ફી ઝિક્રે કબાઈલ વલ બોતૂનમાં છે કે જ્યારે હઝરત ઝુબૈર رضی اللہ عنہએ નબીએ પાક ﷺનું લોહી પી લીધું તો એમના **મોઢામાંથી મુશ્કની સુંગધ આવવા લાગી** અને જીવન પર્યંત એની સુંગધ એમના મોઢામાં રહી.

લોહી પીવાના ઉપયોગમાં લઈ આવવા પર ગુસ્સે ન થવું, મનાઈ ન કરવી બલ્કે અઝાબથી બચવાની બશારત આપવી, શું એ જાહેર નથી કરતું કે નબીના શરીર સંબંધિત આ પ્રકારની વસ્તુઓનો હુકમ એ નથી જે હુકમ અન્ય લોકોનો છે ?

**૭.** બયહકીમાં હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે. એમણે કહ્યું, અય અલ્લાહના રસૂલ ﷺ ! હું જોઉં છું કે આપ હાજતની જગાએ ગયા પછી કોઈ આપના પછી ત્યાં જાય છે તો આપથી જે વસ્તુ બહાર આવી એની કોઈ અસર ત્યાં નથી જોતો (તો એનું કારણ શું છે ?) આપે ફર્માવ્યું, આઈશા ! તમને ખબર નથી કે અલ્લાહ તઆલાએ જમીનને હુકમ કરેલો છે કે નબીઓથી જે વસ્તુ નીકળે એને ઉતારી જાય. *(બયહકી, ભાગ–૧, પેજ–૧૦૧)*

આનાથી સ્પષ્ટ થયું કે નબીઓના બદનથી હાજત સમયે આવતી વસ્તુની ઈજ્જત બતાવવા માટે જમીનને એને (પોતાનામાં) ઉતારી જવાનો હુકમ આપવામાં આવ્યો હતો.

**૮.** મવાહિબમાં હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. એમણે ફર્માવ્યું કે નબી ﷺ જ્યારે હાજતની જગાએ પ્રવેશતા. આપના પછી હું ત્યાં જતો તો મને ત્યાં કંઈ જ જોવા ન મળતું પણ મને ત્યાં ઉત્તમ ખુશ્બુ સુંઘવા મળતી.

એટલે કે હાજત પછી એ જગાએ ગંધ આવતી હોય છે પણ નબીની જાતને અલ્લાહ તઆલા તરફથી આ કામમાં પણ એ વિશેષતા આપવામાં આવી છે કે આપની સંબંધિત એ વસ્તુ તરત જ જમીનમાં ચાલી જાય અને એ જગાએથી ખુશ્બુ આવે. એટલે કે **હાજતમાં બહાર આવતી વસ્તુ પણ પાક અને એમાંથી આવતી હવા પણ સુગંધી !** આનાથી વધીને બીજો કયો પુરાવો એના પાક અને સાફ હોવા પર થઈ શકે છે !

**૯.** ખસાઈસે કુબ્રા અને ઝર્કાની અલલ મવાહિબમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી

રિવાયત છે કે નબીએ કરીમ રઉફો રહીમ ﷺ એ લોહી કઢાવ્યું, જે લોહી નીકળ્યું તેને એક હબ્શી ગુલામે પી લીધું તો સરવરે આલમ ﷺ એ ફર્માવ્યું : જાવ ! તમે તમારો વજૂદ દોઝખની આગથી બચાવી લીધો. *(ઝર્કાની અલલ મવાહિબ, ભાગ–૪, પેજ–૨૨૯)*

**૧૦.** તબ્રાની અને ખસાઈસમાં હઝરત સલ્માથી રિવાયત છે : (અબૂ રાફેઅનાં પત્ની) ફર્માવે છે કે હુઝૂરે અકરમ ﷺ એ ગુસલ ફર્માવ્યું તો મેં આપના ગુસલનું પાણી પી લીધું અને પછી નબી ﷺને ખબર આપી, તો આપે ફર્માવ્યું : જા ! તારા માટે અલ્લાહ તઆલાએ દોઝખની આગ હરામ કરી આપી. *(ખસાઈસે કુબ્રા, ભાગ–૧, પેજ–૭૧)*

## નબીની પાકી સંબંધે ઉલમાનાં કથનો

**૧૧.** જે બે ઔરતો વિશેના આપણા નબી ﷺનો પેશાબ પી લેવાની રિવાયત છે એના પર ચર્ચા કરતાં ઈમામ કાઝી અયાઝ અને અલ્લામા ઝર્કાની લખે છે : ''નબીએ પાક ﷺએ એ બંનેમાંથી કોઈને મોઢું ધોવાનો હુકમ ન આપ્યો અને ફરીથી આમ કરવાની મનાઈ પણ ન કરી. *(ઝર્કાની અલલ મવાહિબ, ભાગ–૪, પેજ–૨૨૯)*

**૧૨.** ઈમામ કસ્તલાની મવાહિબમાં નબીએ પાક ﷺની વિશિષ્ટતા દર્શાવતાં પોતાનું મંતવ્ય આ પ્રમાણે પ્રગટ કરે છે : ''નબીએ પાક ﷺ ની હવા, પસીનો અને બદનની ચીજ વસ્તુઓની સુગંધ આપના વજૂદની સિફત (ગુણ, ખૂબી) હતી, ભલે આપે ખુશ્બુ ન લગાડી હોય.

આગળ બદનની અંદરની વસ્તુ પર ચર્ચા કરતાં લખે છે રિવાયત છે કે આપના પેશાબ અને લોહીથી બરકત પ્રાપ્ત કરવામાં આવતી હતી. *(મવાહિબ, ભાગ–૧, પેજ–૨૮૪)*

**૧૩.** અલ્લામા ઈબ્ને હજર અસ્કલાની શરહે બુખારીમાં લખે છે : આપના બદનની અંદરની વસ્તુઓના પાક હોવા પર દલીલો છે અને મહાન ઈમામોએ એને ફઝીલતમાં વર્ણવ્યું છે.

**૧૪.** શૈખુલ ઈસ્લામ અલ્લામા બદરુદ્દીન ઐની વર્ણન કરે છે : ''નિઃશંક ! ઘણી હદીષો આવી છે કે સહાબાની એક જમાઅતે નબી ﷺનું લોહી પીધું એમાં ગણતરી અબૂ તયબા હજ્જામ અને એક કુરૈશી છોકરો જેણે હુઝૂરને પચનો લગાવ્યો હતો. અને અબ્દુલ્લાહ બિન ઝુબૈર رضی اللہ عنہએ પણ આપનું લોહી પીધેલું છે. બઝઝાર, તબ્રાની, હાકિમ અને બયહકીએ અને અબૂ નુઐમે હિલ્યામાં રિવાયત કરી છે, અને હઝરત અલી رضی اللہ عنہથી રિવાયત કરવામાં આવી કે આપે નબીએ પાક ﷺનું લોહી પીધેલું છે. અને એ પણ રિવાયત છે કે ઉમ્મે ઐમને નબી ﷺનો પેશાબ પીધેલો છે. હાકિમ, અબૂ નુઐમ અને દારે કુતનીએ આની રિવાયત કરી. તબ્રાનીએ અવસતમાં અબૂ રાફેઅની પત્ની સલ્માથી રિવાયત કરી, એમણે નબીએ પાક ﷺના ગુસલનું થોડુ પાણી પીધું હતું તો આપે એને ફર્માવ્યું, અલ્લાહ તઆલાએ તારા બદન આગ પર હરામ કરી આપી. *(ઉમ્દતુલ કારી શરહે બુખારી, ભાગ–૧) પેજ–૭૭૮)*

**૧૫.** રદુલ મુહતારમાં અલ્લામા શામી ફર્માવે છે, સહીહ બતાવ્યું અમુક શાફઈ ઈમામોએ કે હુઝૂર ﷺનો પેશાબ મુબારક અને અંદરની દરેક વસ્તુના પાક હોવા વિશે. અને આ ફર્માન છે ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہનું જેમ કે મવાહિબમાં ઐની શરહે બુખારીથી નકલ કરવામાં આવ્યું એનો ખુલાસો અલ્લામા બયરીએ શરહે ઈશ્બાહમાં કર્યો. હાફિઝ ઈબ્ને હજર અસ્કલાનીએ કહ્યું કે હુઝૂર ﷺનો પેશાબ મુબારક અને બદનની સઘળી વસ્તુઓ પાક હોવા પર ઘણી દલીલો છે. ઈમામોએ એને નબીએ પાક ﷺની વિશિષ્ટતામાં સામેલ કર્યું છે. અમુકે શરહે મિશ્કાત મુલ્લા અલી કારીથી નકલ કર્યું : એમણે કહ્યું કે અમારા અસ્હાબમાં વધુ પડતાની પસંદ કરેલી વાત આજ છે કે (બદન

સંબંધિત વસ્તુઓ પાક છે). મુલ્લા અલી કારીએ શરહે શમાઈલ બાબુ માજાઆ તઅત્તુરૂહુ અલૈહિસ્સલામમાં ખુલાસાથી વર્ણન કર્યું છે. *(રદુલ મુહતાર, ભાગ–૧, પેજ–૨૩૨)*

**૧૬.** શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ તફસીરે અઝીઝીમાં ફર્માવે છે : કોઈએ આપના બદનની અંદરની વસ્તુઓની અસર જમીન પર નથી જોઈ, જમીન ફાટી જતી અને એ વસ્તુ એમાં ચાલી જતી. ''અઝાં બુએ મુશ્ક મીશમીદંદ' એનાથી મુશ્કની સુગંધ આવતી હતી.

**૧૭.** સૈયદુલ આરેફીન મૌલાના રૂમ رحمۃ اللہ علیہ મષ્નવીમાં આ વાતને આ પ્રમાણે રજૂ કરે છે :–

**ઈ ખુરદ ગરદદ પલીદીં ઝુજુદા વઆં ખુરદ ગરદદ હમા નૂરે ખુદા**

આ ખાય છે તો નાપાકી એનાથી નીકળે છે અને નબી ખાય છે તો બધું જ ખુદાનું નૂર બની જાય છે ! એટલે કે **નબીના બદનથી અલગ થનાર વસ્તુઓનો હુકમ અલગ છે, એને બીજા લોકો પર કયાસ કરી શક્તા નથી, ક્યાં નબી અને ક્યાં ઉમ્મતી !**

**૧૮.** શૈખુલ મુહદ્દિષીન હઝરત અલ્લામા અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ મદારિજુન્નબુવ્વતમાં ફર્માવે છે : અલ્લામા ઐની શારેહે સહીહ બુખારી ફર્માવે છે કે ઈમામ અબૂ હનીફા رحمۃ اللہ علیہ અને શૈખ ઈબ્ને હજર رحمۃ اللہ علیہ ફર્માવે છે કે ઘણી સશક્ત દલીલોથી પુરવાર છે કે નબી ﷺ ના બદનની અંદરની વસ્તુઓ સ્વચ્છ અને પાક છે અને એને આપની વિશિષ્ટતામાં ગણવામાં આવે છે.

## દુશ્મન પણ કબૂલે છે !

**૧૯.** દેવબંદી મૌલ્વી અન્વર શાહ કશ્મિરી શરહે બુખારીમાં લખે છે : આલિમોનાં મંતવ્યો એ જ છે કે નબી ﷺ ના બદનના અંદરની વસ્તુઓ પાક છે. *(ફયઝુલ બારી, ભાગ–૧, પેજ–૨૮૯)*

**૨૦.** દેવબંદી મૌલ્વી અશરફ અલી થાન્વી પોતાની કિતાબ નશરૂત્તીબમાં લખે છે : મરવી છે કે આપ જ્યારે બયતુલ ખલામાં જતા હતા તો જમીન ફાટી જતી અને આપના પેશાબ અને મળને ગળી જતી અને એ જગાએ ઉત્તમ સુંગધ આવતી. હઝરત આઈશા رضی اللہ عنہا એ આ પ્રમાણે જ રિવાયત કરી છે : **એટલે જ ઉલમા પેશાબ અને મળના પાક હોવાનું મંતવ્ય ધરાવે છે.** અબૂબક્ર બિન સાબિક માલેકી અને અબૂન્નસ્રએ આને નકલ કર્યું છે અને માલિક બિન સિનાન ઉહૂદના દિવસે આપનું લોહી (વાગેલી જગાએથી) ચૂસીને પી ગયા. આપે ફર્માવ્યું : એને ક્યારે દોઝખની આગ નહીં લાગે, અને અબ્દુલ્લાહ બિન ઝુબૈરે આપનું લોહી જે પચના લગાવાથી નીકળ્યું પીય લીધું બરકત અને આપની ખાદેમા ઉમ્મતે અયમને આપનો પેશાબ પીય લીધો હતો તો એમને એવો લાગ્યો જાણે મીઠું ઠંડુ પાણી હોય છે. *(નશરૂત્તીબ, પેજ–૧૩૬)*

**૨૧.** શિફા કાઝી ઈયાઝમાં છે : ''ઈલ્મવાળાઓએ આ બે પ્રકારના હદષ એટલે પેશાબ અને મળના પાક હોવાનો ફેંસલો કરેલો છે.''

**૨૨.** હઝરત ઈમામ માલિક رحمۃ اللہ علیہ નો મસ્લક પણ નબીએ પાક ﷺની એ વસ્તુઓના પાક હોવા વિશેનો છે. ફર્માવે છે : નબીઓના બદનની અંદરની વસ્તુઓ પાક છે. *(બલગતુસ્સાલિક, પેજ–૨૦)*

## નબી કરીમ ﷺની નૂરાની દુઆ !

**૨૩.** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી ફર્માવે છે કે એક રાતમાં નમાઝથી ફારિગ થઈ આપણા નબી ﷺ એ આ દુઆ માંગી, અય અલ્લાહ ! મારા માટે મારા દિલમાં નૂર કરી આપ, અને મારી કબ્રમાં નૂર, મારી સામે નૂર, મારી પાછળ

નૂર, જમણે નૂર, મારા ડાબે નૂર, મારી ઉપર નૂર અને નીચે નૂર, મારા કાનમાં નૂર, મારી આંખમાં નૂર, મારા બાલમાં નૂર, મારી ચામડીમાં નૂર, મારા ગોશતમાં નૂર અને મારા હાડકાંમાં નૂર અય અલ્લાહ ! મારા માટે નૂરનો વધારો ફર્માવ ! મને નૂર આપ અને મને નૂર બનાવી આપ. *(તિર્મિઝી કિતાબુદ્દા'વાત)*

સર્વ મુસલમાનોની માન્યતા એ છે જ કે નબીએ પાક ﷺની દુઆ અલ્લાહની બારગાહમાં કબૂલ થાય છે, નબીની દુઆ રદ થતી નથી. જયારે ઉપરોક્ત દુઆમાં આપણા નબીએ પોતાના શરીરની દરેક વસ્તુને નૂર થઈ જવાની દુઆ કરી તો એ બધું જ નૂર બની ગયું ! એટલે નબીએ પાક ﷺ ના શરીરના અંદરની વસ્તુઓ પણ નૂર બની ગઈ, એટલે એને પાક કહેવામાં આવશે. કમાલ તો એ છે કે આપણા નબી ﷺ નૂર છે અને આપના નૂરથી જ અલ્લાહ તઆલાએ કાઈનાત અને જગતને વજૂદ આપેલો છે, એટલે આપના વજૂદની કોઈ વસ્તુને નાપાકીનો હુકમ આપવામાં નહીં આવે.

## અકલી દલીલોથી ચર્ચા

શરઈ દલીલના પ્રાપ્ત થાય પછી અકલી દલીલની કોઈ જ જરૂરત નથી હોતી પણ અમારા વાંચકોને અતિ યકીનથી આત્મસંતોષ આપવા અમુક અકલી દલીલોને આપની સેવામાં રજૂ કરીએ છીએ :–

**૨૪. હરામ** અને **નાપાક વસ્તુનો ઉપયોગ હરામ** છે અને હદીષે પાકના આધારે **હરામથી શિફા લેવી નાજાઈઝ** અને **હરામ** છે, પરંતુ આપણા નબી ﷺએ પેશાબ પીનાર અને લોહીને પેટમાં જગા આપનાર સહાબા અને સહાબિયાતને એ કામ પર મનાઈ ન કરી અને શિફા પ્રાપ્ત રહેવાની ખુશખબરી આપી અને દોઝખની આગથી મુક્ત રહેવાની ગયબી ખબર સંભળાવી, જે હરામ કામમાં ક્યારેય શક્ય નથી, અને નબી હરામ કામ પર આ બશારત આપી શક્તા નથી કેમ કે એ વાત પર ઉમ્મતની એકમતી છે કે નબી માસૂમ છે, ગુનાહોથી પાક છે તો નિઃશંક ! એ કબૂલવું પડશે કે નબીના બદન સંબંધિત સર્વ ચીજ વસ્તુઓ પાક છે અને એના પર નાપાકનો હુકમ આપવામાં આવશે નહીં.

**૨૫.** નબીએ પાક ﷺની દરેક વસ્તુમાં ખુશ્બૂ અને સુગંધ એટલા માટે જ રાખવામાં આવી કે એનું સ્વચ્છ અને પાક હોવું સાબિત થઈ જાય, નાપાકમાં સુગંધ રાખવામાં આવી નથી.

**૨૬.** અલ્લાહ તઆલાને નબીને માસૂમ રાખવા છતાં એ પસંદ ન આવ્યું કે નફ્સે અમ્મારાનો ટુકડો આપના વજૂદમાં રહે તો ફરિશ્તાઓને મોકલીને આપનો સીનો ખોલીને એ ટુકડો કઢાવી લીધો, પછી બીજી નાપાકીઓ કેમ કરીને રહી શકે છે ?! એટલે જ માનવામાં આવ્યું કે આપણા નબીના બદનની દરેક વસ્તુ સ્વચ્છ અને પાક છે, કોઈ ચીજ પર નાપાકીનો હુકમ આપી નથી શકાતો.

**૨૭.** ગુનાહ અને નાફર્માની વજૂદ સાથે એક હુકમી નાપાકી છે, અલ્લાહ તઆલાએ નબી ﷺને એનાથી પાક અને સ્વચ્છ રાખ્યા અને પોતાના રક્ષણ હેઠળ માસૂમ બનાવ્યા તો વાસ્તવિક નાપાકીનો સંબંધ નબી ﷺની જાત સાથે કેમ કરી કરવામાં આવે ?! એટલે જ ઉલમાનું મંતવ્ય છે કે નબીના બદન સંબંધિત દરેક વસ્તુ પાક છે.

**૨૮.** નબી ﷺના બદન પર માંખ બેસતી ન હતી કારણ કે માંખો નાપાકી પર બેસતી હોય છે અને ત્યાંથી ઉડીને માણસ પર બેસે છે ભલે એના બેસવા પર નાપાકીનો હુકમ નથી લાગતો તો પણ અલ્લાહ તઆલાએ નબી ﷺને નાપાકી પર બેસવાને લઈને નબી ﷺના બદનથી અલગ રાખી અને આપને એનાથી બચાવ્યા. તો જ્યારે માંખનું બેસવું અલ્લાહને પસંદ ન આવ્યું તો વાસ્તવિક નાપાકીનો સંબંધ નબી ﷺના જરૂર સાથે કેમ કરી હોય શકે ?!

**૨૯.** નબીએ પાક ﷺના મોજા પર નહીં જેવી નાપાકી લાગી હશે તો એને દૂર કરવા હઝરત જિબ્રઈલ علیہ السلامને મોકલ્યા અને એમણે નબીએ પાક ﷺને એનાથી વાકેફ કર્યા અને આપે એને અલગ કરી નાખ્યો. જ્યારે નહીં જેવી નાપાકી મહબૂબ ﷺના મોજામાં હોય એ રબને મંજૂર નથી તો પછી નબી ﷺના બદનમાં વાસ્તવિક નાપાકી કેમ કરી આવી શકે છે ?!

**૩૦.** અમુક ઈમામોના મસ્લકમાં હલાલ પ્રાણીઓનો પેશાબ અને એનું મળ પાક છે એના પર નાપાકીનો હુકમ નથી, જેમ કે ઈમામે માલિકની ફિકહની પ્રખ્યાત કિતાબ *(બલગતુસાલિક, ભાગ–૧, પેજ–૧૯)* પર છે : હલાલ જાનવરોનું વેસ્ટ એટલે છાણ, લીંડી અને પેશાબ પાક છે.

જ્યારે હલાલ પ્રાણીઓના પેશાબ અને મળને મસ્લકના ઈમામ પાક (પવિત્ર)ની ગણતરીમાં લાવી રહ્યા છે તો પછી નબી ﷺના બદનની એ વસ્તુઓને પાક માની લેવામાં શી શંકા ?! જ્યારે કે હદીષો એના પાક હોવા પર આપણું માર્ગદર્શન કરી રહી છે.

**૩૧.** દિવસના તડકામાં પણ આપનો પડછાયો જમીન પર પડતો ન હતો એનું કારણ તો એ છે કે આપ નૂર છે. બીજું કારણ એ કે અલ્લાહ તઆલાને એ પસંદ ન આવ્યું કે મારા હબીબ ﷺ નો પડછાયો જમીન પર પડે, અને ગમે તેવી જગાએથી એ પડછાયો પસાર થાય ! તો પછી એ ખુદા પોતાના હબીબ ﷺ ના શરીરનો નાપાકી સાથે સંબંધ કેમ કરીને કરે ?! એટલે ઉલમાનું મંતવ્ય નબી ﷺ ના શરીરની દરેક વસ્તુ પાક હોવા વિશેનું છે.

**૩૨.** ઈમામ માલિકે હલાલ પ્રાણીઓના પેશાબ અને મળને પાકના હુકમમાં રાખ્યાં તેવી જ રીતે આપે નબીઓના શરીર સંબંધિત એ વસ્તુઓને પણ પાકનો જ હુકમ આપ્યો. બલગતુસ્સાલિક, પેજ–૨૦ પર આપનું ફર્માન નકલ કરવામાં આવ્યું છે : નબીઓના બદનની એ વસ્તુઓ પાક છે. એક મસ્લકના ઈમામ એ વાતને કેવી રીતે કબૂલી લે કે હલાલ પ્રાણીઓના પેશાબ અને મળને તો પાકની ગણતરીમાં લાવે અને નબીઓની એ વસ્તુઓ નાપાકની ગણતરીમાં લઈ જાય !

**૩૩.** મસ્લકે શાફેઈમાં દૂધ પીતા બાળકનો પેશાબ પાક માનવામાં આવે છે. હાશિયા બૈજૂરી, ભાગ–૧, પેજ–૧૨૧ પર છે : ખાવા ન ખાતા બાળકનો પેશાબ એ પાક છે. જ્યારે એક મસ્લકના ઈમામ બાળકના પેશાબને પાકની ગણરીમાં લાવી રહ્યા છે તો પછી નબીની એ વસ્તુઓને નાપાકના હુકમમાં કેમ કરી લાવી શકાય ?!

**૩૪.** રેશમનો કીડો જે તાર પોતાના શરીરમાંથી કાઢે છે અને એનાથી રેશમી કપડું બનાવવામાં આવે છે એ પાક છે, રેશમના કીડાની લીંડી પણ પાકના હુકમ છે, જ્યારે અહીં પાકનો હુકમ છે તો નબી ﷺ માટે આ હુકમ કેમ ન હોય !

**૩૫.** મધમાખીનું મધ, મધમાખીના બદનનું છે અને એમાં એ પોતાના ઈંડાં અને મળ બધું જ નાખતી હોય છે, પણ બધાનો હુકમ પાક અને હલાલનો છે. અને કુર્આને પાકમાં મધના હલાલ અને શિફા હોવાનો ઉલ્લેખ ૧૪મા સિપારામાં કરવામાં આવ્યો છે, તો પછી નબી ﷺના બદનની એ વસ્તુઓ પાક હોવાની વાત અક્કલમાં કેમ ન આવે ?!

**૩૬.** સઘળા કીડા, મકોડા અને માંખી મચ્છરના પેશાબ અને મળ પાકના હુકમમાં છે, તો પછી નબી ﷺ માટે તમારો શું ખયાલ છે ?!

**૩૭.** શહીદે ફિકહીના શરીરનું લોહી જે એના કપડા પર લાગેલુ છે પાકનો હુકમ રાખે છે, એને ધોવામાં નહીં આવે અને એના કપડાં ઉતારવામાં નહીં આવે અને એને ગુસલ પણ આપવામાં નહીં આવે, જ્યારે અલ્લાહના માર્ગમાં મરવાથી એને આ મર્તબો મળી જાય છે તો નબી ﷺ માટે તમારું શું કહેવું છે ?!

## વાંધાઓ અને તેના જવાબો

**૩૮. સવાલ** : એ વસ્તુઓ પાક છે તો એના નીકળવાથી વુઝૂ ન તૂટવું જોઈએ, જ્યારે હદીષોમાં જગા જગાએ એનો ઉલ્લેખ છે કે નબીએ પાક ﷺ હાજતથી ફારિગ થઈને વુઝૂ કરતા હતા અને તરત કોઈની સલામનો જવાબ આપવાનો હોય તો તયમ્મુમ કરી લેતા હતા ?

**જવાબ** : વુઝૂ તૂટવાનો હુકમ આપણા માટે નાપાકીનું નીકળવું છે અને નબી ﷺ માટે વુઝૂ તૂટવાનો હુકમ ઉમ્મતીઓને એ વસ્તુઓના નીકળવાના હુકમ બતાવવા માટે છે, પછી એના નાપાકનો હુકમ ન આપી શકાય. હુકમ એક છે પણ કારણ અલગ અલગ છે.

**સવાલ** : નબી ﷺ નું પોતાની પત્નીઓની નિકટતાથી ગુસલ કરવું સાબિત છે, અને વિર્ય કપડામાં લાગવાથી આપની પત્નીઓનું એને ધોવું પણ સાબિત છે. જો પાક છે તો આ હુકમ શાથી ?!

**જવાબ** : અમે તમને બતાવ્યું કે હુકમ ભલે એક છે પણ કારણ અહીં વિવિધ છે, આપણા માટે એનું કારણ નાપાક હોવું અને નબી ﷺ માટે એનું કારણ ઉમ્મતીઓને એના હુકમથી અમલ દ્વારા વાકેફ કરવું, એટલે ગુસલના હુકમથી અથવા ધોવાના હુકમથી નબી ﷺ માટે નાપાકીનો હુકમ સાબિત ન થયો.

**૩૯.** નબી ﷺ માટે એનો હુકમ એટલા માટે પણ હોય કે એમની જાત એટલી સ્વચ્છ અને અલ્લાહની બારગાહની પ્રિય છે કે એને લઈને એમની જાત જોતાં આ વસ્તુઓના નીકળવા પર ઉપરોક્ત હુકમો હોય ! એટલે ઉપરોક્ત શંકાઓ બેકાર છે, એના પર ધ્યાન આપવામાં આવશે નહીં.

**૪૦.** જ્યારે હદીષોનો પુરાવો છે અને ઉલમાની એક મોટી જમાઅતે એમાં પાક અને તાહિર (પવિત્ર) હોવાનો હુકમ લગાવ્યો અને એમાં મસ્લકના ઈમામોનો પણ સમાવેશ છે, પછી આ મસ્અલામાં શંકાને ક્યાં સ્થાન રહ્યું ?!

આ ચાલીસ સશક્ત અકલી અને નકલી દલીલોથી અમે સાબિત કરી બતાવ્યું કે નબીઓના બદનની દરેક વસ્તુ પાક છે અને એમાંની એક વસ્તુ પર પણ નાપાકીનો હુકમ નથી આવી શક્તો અને ઈમાનવાળાઓએ આ જ માન્યતા રાખવી જોઈએ, આ વાત ફઝાઈલના પ્રકરણથી છે એમાં આટલો પુરાવો માન્યતા માટે પૂરતો છે.

---

## ગૈરોના રીત રિવાજથી બચો !

મુસલમાનોમાં અંગ્રેજી વર્ષના પ્રથમ દિવસ (પહેલી જાન્યુઆરી)એ તથા હોળી, દીવાળી વગેરેમાં ખુશી મનાવવા, મીઠાઈઓ વહેંચવા તથા મુબારકબાદી આપવાનો કુરિવાજ સામાન્ય થઈ ગયો છે જેમાં ઘણીય ફુઝૂલખર્ચીઓ કરવામાં આવે છે.

હાલાંકે પહેલી જાન્યુઆરી હોય કે ફસ્ટ એપ્રિલ (એપ્રિલફૂલ) પચ્ચીસ ડિસેમ્બર હોય કે ગુડ ફ્રાઈડે, વેલેન્ટાઈન ડે આ બધા દિવસોને ઈસ્લામ અને મુસલમાનો સાથે કોઈ સંબંધ નથી બલ્કે આ બધા દિવસોને મહત્વતા આપવી અથવા તહેવાર સમજવું ઈસાઈયત છે, કાફિરો અને ગૈર મુસ્લિમોનો તરીકો છે.

પ્યારા ઈસ્લામી ભાઈબહેનો ! આપણે ઈસ્લામી તહેવારો તથા દિવસોને જ ઉજવવા જોઈએ. ક્યાંક એવું ન બને કે આપણો હશ્ર (હિસાબ કિતાબ) ઈસાઈઓ સાથે થાય. (અલ્લાહની પનાહ !)

માલિકો મુખ્તાર નબી ﷺએ ફર્માવ્યું :–

(ભાવાર્થ) : "જે વ્યક્તિ જે કૌમના રીત રિવાજ અનુસરે (અપનાવે) તે એ કૌમ પૈકી જ છે." (એમનામાંથી જ છે.)

અહીંયા આ બાબત પણ જોવા જેવી છે કે જે લોકો સરકારે બગદાદ સૈયદોના ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہની ૧૧મી, સરકાર જાને આલમ ﷺની ૧૨મી (ઈદે મીલાદુન્નબી) ઉજવવાને બિદઅત કહે છે તેઓ પણ ઈસાઈ દિવસોને ઘણી જ ખુશીથી મનાવે છે. બુઝુર્ગોને દીનની નિયાઝ, ફાતેહા, ઉર્સ વગેરેને (શિર્ક તથા) નાજાઈઝ કહેવાવાળા પોતાના બાળકો (સંબંધીઓ)ના જન્મદિવસ (બર્થ ડે)ને ખૂબ ધૂમધામથી ઉજવે છે.

*(રજૂકર્તા : મૌલાના ઈમરાન રઝા–દયાદરવી)*

# ઈસ્લામી જેહાદ વાસ્તવિક્તાના આઈનામાં

કાર્યાલય

વર્તમાનકાળમાં સત્તા, સંપત્તિ તથા પોતાની ચઢતી માટે દુનિયાભરમાં લોહીની હોળીઓ ખેલનાર યૂરોપ તથા અમેરિકીઓ ઈસ્લામને ત્રાસવાદ સાથે સાંકળવા વિવિધ રીતે આક્ષેપો ઈસ્લામ પર કરે છે અને જેહાદ વિશે ગલત રજૂઆત કરી સામાન્યજનોને ઈસ્લામથી વિમુખ કરવા ચાહે છે પણ અત્રેના લેખમાં વાંચો અને ઈન્સાફ કરો કે અમ્નો શાંતિના પયકરો કોણ છે? *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

ઈસ્લામ તથા જેહાદ વિરૂધ્ધ વિકૃત પ્રચારને કારણે સામાન્ય ધારણા પ્રમાણે હાલના વિશ્વને એવું સ્વીકાર કરાવવું આસાન નથી કે ઈસ્લામી જેહાદ સરાપા રહમત તથા બરકત તથા માનવ ભલાઈને લક્ષમાં રાખીને છે અને અન્ય દુનિયવી તમામ જંગો તથા લડાઈઓ સાથે તેને દૂરનો પણ સંબંધ નથી પણ વાસ્તવિક્તા શું છે તે જુઓ. દા.ત. :–

### ★ ઈસ્લામી જેહાદ ★

**૧.** ઈસ્લામી જેહાદ અલ્લાહના કાનૂનને લાગુ કરવાની એક મજબૂત યોજનાનો અંશ છે, જે ઉચ્ચ તરીન મુખ્ય હેતુ છે.

**૨.** ઈસ્લામી જેહાદનુ પરિણામ અદ્લો ઈન્સાફને ઉત્તેજન, ભાઈચારા તથા સમાનતાની પ્રગતિ, હમદર્દી તથા દરગુઝરની વૃત્તિના પાયાને મજબૂત કરવું અને નેક સંસ્કાર તથા સંસ્કૃતિનો પાયો નાખવું છે.

**૩.** ઈસ્લામી જેહાદના સર્વ નિયમો માનવ સન્માન, બુરાઈ તથા બગાડનો ખાત્મો, સાવચેતી, ડર તથા ખૌફે ખુદાની બુનિયાદો પર ખુદાઈ હિદાયતો પ્રમાણે નિશ્ચિત છે. ખાસ જેહાદની હાલતમાં પણ ઈસ્લામે મુસલમાનો પર પોતાના જુસ્સાના પ્રભાવ હેઠળ નહીં પણ ખુદાઈ નિયમોના વર્તુળમાં રહીને કદમ ઉઠાવવાનો હુકમ આપ્યો છે.

### ★ સામાન્ય જંગો ★

**૧.** અન્ય જંગોનો મકસદ દેશો કબજે કરવા, સંપત્તિની પ્રાપ્તિ, પોતાની મહાનતા અને અન્યોને ગુલામ બનાવવા સિવાય કાંઈ નથી.

**૨.** અન્ય લડાઈઓનું પરિણામ તબાહી તથા બર્બાદી, ખૂનરેજી, વિજયીના સકંજામાં હારનારાઓએ જિંદગી જીવવી મુશ્કેલ થવું, લૂટમાર, વિજય મેળવેલ ઈલાકાની સર્વ સંપત્તિ જીતનારની અંગત મિલ્કત બની જાય છે...વગેરે.

**૩.** અન્ય જંગોના તમામ નિયમો મનમાની ચાલો સરસાઈ પામવા તથા સફળ થવા માટે દરેક શકય ઝરીઆનો ઉપયોગ અને બદલાની આગમાં કૂદીને સર્વ કાંઈ કરી છૂટવાનુ નામ છે જેનાં બુરાં પરિણામો સદીઓ ગુજરતાં સુધી માનવ પેઢીઓ તથા જમીનના ભાગો ભોગવતા રહે છે. વિયેતનામનો પ્રદેશ જેનું જીવંત દ્રષ્ટાંત છે.

આ પૂરા લખાણના હિસ્સામાં આ જ વિષય અમારા મુદ્દા સાથે સંબંધ ધરાવે છે એટલા માટે અમે અમારા ન્યાયપ્રિય વાંચકો સમક્ષ થોડી વિગતે ચર્ચા રજુ કરીશું.

### જેહાદની સાવચેતી

ઈસ્લામી જેહાદ કયા નિયમોનો પાબંદ છે એના બારામાં સૌ પ્રથમ અમે કુર્આન તથા હદીષથી પાયાના હુકમો રજૂ કરીએ છીએ. દુશ્મનને સજા

એટલી જ આપવામાં આવશે જેટલી ઝિયાદતી તેણે કરી અથવા તેને માફ કરી દેવામાં આવે તો અધિક બેહતર છે.

"અને જો તમે સજા આપો તો એવી જ સજા આપો જેવી તમને તકલીફ પહોંચાડવામાં આવી હતી અને જો તમે સબ્ર કરો તો બેશક ! સબ્ર કરવાવાળાઓ માટે સબ્ર સૌથી સારી છે." (સૂ. નહ્લ, ૧૬/૧૨૬)

કેવળ વિરોધ અને દુશ્મનીના લીધે અદ્લો ઈન્સાફનો દામન હરગિઝ ન છોડવામાં આવે.

"અને તમને કોઈ કૌમની અદાવત એના માટે ન ઉશ્કેરે કે ઈન્સાફ ન કરો, ઈન્સાફ કરો કે તે પરહેઝગારીની અધિક નજીક છે અને અલ્લાહથી ડરો કે બેશક ! અલ્લાહને તમારાં કામોની ખબર છે." (સૂ. માઈદહ્, ૫/૮)

જેહાદ કુફ્ર તથા નિફાક, પક્ષપાત, જુલ્મ તથા બરબરિયતના ખાત્માની ચળવળ છે. મુજાહિદ જે ચળવળને લઈને આગળ વધે છે તેની નિખાલસતામાં કોઈ માણસની અંગત અથવા જાતિને લગતો વિરોધનો જઝબો નથી હોતો. એના અમલી દ્રષ્ટાંત માટે સૈયદના અલી كرم الله تعالى وجهه الكريم નો પ્રસંગ રોશન દલીલ છે.

જેહાદ દરમ્યાન એક શખ્સથી આપનો સામનો થયો. થોડવારની ટક્કર બાદ આપે તેને જમીન પર ફેંકી દીધો. હવે તલ્વાર વડે તેનું કામ પૂરું કરવા જતા હતા એવામાં એ શખ્સે આપના મોઢા પર થૂંકી દીધું. તેના કૃત્યથી આપ ગુસ્સે થઈ તેને મારી નાખતા તેને બદલે આપે તેને છોડી મૂકયો. તે આ જોઈને આશ્ચર્યમાં પડી ગયો અને પૂછયું, મને તમે શા માટે છોડી આપ્યો ? આપે ફર્માવ્યું, મેં તને ખુદા વ રસૂલનો દુશ્મન સમજીને પછાડયો હતો અને કત્લ કરવા ચાહતો હતો, પણ જ્યારે તું મારી ઉપર થૂકયો તો જો હવે હું તને કત્લ કરી દઉં તો તેમાં મારી અંગત દુશ્મની સામેલ થઈ જાય, આ વબાલથી પોતાને બચાવવા માટે મેં તારા તરફથી હાથ ખેંચી લીધા.

અબૂ દાઊદ અને ઈબ્ને માજહ્, રિબાહ ઈબ્ને રબીઅથી રિવાયત કરે છે કે તેમણે કહ્યું, "અમે રસૂલુલ્લાહ ﷺની સાથે એક ગઝવહ્માં હતા. હુઝૂરે લોકોને કોઈ ચીજ માટે એકઠા થયેલા જોયા તો એક શખ્સને મોકલ્યો જેથી જુએ કે લોકો શા માટે ભેગા થયા છે. તેણે આવીને જણાવ્યું કે લોકો એક કત્લ થયેલ સ્ત્રીની આસપાસ ભેગા થયા છે. તો આપે ફર્માવ્યું કે તેણીએ જંગ તો ન કરી હતી ? ખાલિદ બિન વલીદ તે લશ્કરના અમીર હતા. હુઝૂરે તેમને એક શખ્સ થકી એવો હુકમ આપ્યો કે ખાલિદને કહી દો કે કોઈ સ્ત્રી તથા મજૂરને કત્લ કરવામાં ન આવે." (અબૂ દાઊદ, ભાગ–૨, પેજ–૨, સુનને ઈબ્ને માજહ્, પેજ–૫૨૧)

સહીહૈનમાં હઝરત ઈબ્ને ઉમર رضي الله عنه થી રિવાયત છે, ફર્માવે છે :–

"ગઝવાતે નબી ﷺ માંથી કોઈમાં એક ઔરત જોવામાં આવી તો હુઝૂર ﷺએ સ્ત્રીઓ તથા બાળકોના કત્લથી મનાઈનો હુકમ ફર્માવ્યો." (સહીહ બુખારી, પેજ–૪૨૩, સહીહ મુસ્લિમ, ભાગ–૨, પેજ–૮૪)

એ જ પ્રમાણે અબૂ દાઊદમાં હઝરત અનસની રિવાયત પામેલી હદીષનો એક હિસ્સો આ પણ છે :–

"અને ઘણા વૃધ્ધને કત્લ ન કરો અને ન બાળકને અને ન સ્ત્રીને."

હઝરત બુરીદાથી મુસ્લિમમાં રિવાયત છે, ફર્માવે છે :–

"રસૂલુલ્લાહ صلى الله تعالى عليه وسلم જ્યારે કોઈને લશ્કરનો અમીર બનાવતા તો તેને ફર્માવતા કે બાળકને કત્લ ન કરે." (જામેઅ તિર્મિઝી, પેજ–૨૦૦, અબૂ દાઊદ, પેજ–૩૫૩)

નીલુલ્ અવતારમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضي الله عنهما થી રિવાયત થયેલ છે. તેમણે કહ્યું કે :–

બેશક ! નબી ﷺએ ફર્માવ્યું, ન કત્લ કરો બાળકોને અને ગોશાનશીન અબૂ દાઊદ તથા તિર્મિઝી

અસામ મઝનીથી રિવાયત કરે છે. તેમણે કહ્યું કે :–

"રસૂલુલ્લાહ ﷺ એ અમને એકવાર જંગમાં મોકલ્યા તો ફર્માવ્યું કે જ્યાં કોઈ મસ્જિદ જુઓ અથવા મુઅઝ્ઝિનની અવાજ સાંભળો ત્યાં કોઈને ન મારો." *(જામેઅ તિર્મિઝી, પેજ–૨૦૦, અબૂ દાઊદ–૪૫૩)*

બરાબર જંગની હાલતમાં આવી વાતોનો લેહાઝ કોણ કરી શકે છે ? એના સિવાય કે જે ઈન્સાનિયતનો સાચો શુભેચ્છક, માનવ જાતનો નિખાલસતાવાળો માનવ અને દુનિયાવાળાઓની ભલાઈનો મુબલ્લિગ હોય. આજ તમામ આયતો તથા હદીષોની બુનિયાદો પર ઈસ્લામી જેહાદના કાનૂનની દીવાલો ખડી કરવામાં આવે. ઈસ્લામ એવું મજબૂત તથા અડગ બંધારણ છે જે કોઈને પણ હદથી વધવાની કદાપિ ઈજાઝત નથી આપતો. إِنَّ اللَّهَ لَا يُحِبُّ الْمُعْتَدِينَ "હદથી આગળ વધનારાઓને અલ્લાહ પસંદ નથી કરતો." *(સૂ. બકરહ્, ૨/૯૦)*

ઈસ્લામના દુશ્મનો સાથે બરાબર ચાલુ લડાઈની હાલતમાં તે અવાજ મુજાહિદોના કાનોમાં ગુંજતો રહે છે જે હુઝૂરે મક્કા ફતહ કર્યું તે પ્રસંગે બુલંદ ફર્માવ્યો હતો :–

**૧.** કેવળ તેની સાથે જ મુકાબલો કરવામાં આવે જે ખૂદ જંગની નિય્યતથી આવે.

**૨.** હરમમાં લોહી વહાવવાથી રોકાઈ જવામાં આવે. (જો કે તે દિવસે ખુદાએ પોતાના રસૂલના માટે ત્યાં જેહાદની હિલ્લત (હલાલ હોવું) અતા ફર્માવી દીધી હતી.)

**૩.** જે શખ્સ કા'બાની હદોમાં પ્રવેશી જાય તે આપણી પનાહમાં છે.

**૪.** જે અબૂ સુફયાનના ઘરમાં પ્રવેશી જાય તે પનાહમાં છે.

**૫.** જે પોતાના ઘરનો દરવાજો બંધ કરી લે તે પનાહમાં છે.

**૬.** જે ભાગી જાય તેનો પીછો કરવામાં ન આવે.

**૭.** જે હથિયાર ફેંકી દે તેનો પીછો કરવામાં ન આવે.

**૮.** ઝખ્મી તથા કેદીને કત્લ કરવામાં ન આવે. (કેવળ અમુક મશહૂર મુજરિમ એવા હતા જે આ નિયમોથી અપવાદ હતા) આમ લડાઈની ઘમસાણ દરમ્યાન આ નિયમો પણ ધ્યાનમાં રાખવામાં આવતા હતા.

**૯.** વાદા ખિલાફી અને ખયાનત ન કરો.

**૧૦.** લાશોને મુષ્બહ્ (કાપીને કદરૂપી) ન કરવામાં આવે.

**૧૧.** ફળદાર ઝાડોને કાપીને અથવા સળગાવીને તેનો નાશ કરવામાં ન આવે.

**૧૨.** આબાદીના લડનારા ન હોય તેમને ન છેડવામાં આવે.

## વિજયી પ્રવચન

મક્કા પર વિજયના દિવસે મુહસિને ઈન્સાનિયત સૈયદેના મુહમ્મદુર્રસુલુલ્લાહ ﷺએ એક વિજયી પ્રવચન (ખુત્બાએ ફતહ) આપ્યું હતું, જે ઈસ્લામી જેહાદના મૂળભૂત હેતુઓની પ્રતીતિ કરાવે છે :–

"અલ્લાહના સિવાય અન્ય કોઈ મઅ્બૂદ નથી, તે એક છે, તેનો કોઈ શરીક નથી, તેણે પોતાનો વાયદો સાચો કર્યો અને પોતાના બંદાની મદદ કરી અને તમામ જૂથોને એકલા છોડી આપ્યા, ખબરદાર ! દરેક પ્રકારની માંગણી ચાહે તે ખૂનની હોય કે માલની હોય તે મારા પગો નીચે છે (એટલે રદ થઈ). અલ્બત્ત બૈતુલ્લાહનુ મુતવલ્લીપણુ અને દરબાની અને હાજીને પાણી પીવડાવવાની દરજો અપવાદ છે. હે કુરેશીઓ ! આજના દિવસે અલ્લાહે તમારી પાસેથી જાહિલિયતનો ઘમંડ છીનવી લીધો અને બાપ દાદાઓ પર મોટાઈ ખત્મ કરી દીધી. સર્વ માનવ જાત આદમના વંશથી છે અને આદમનુ સર્જન માટીમાંથી છે." *(અલ્હદીષ)*

ત્યાર બાદ હુઝૂરે અકરમ ﷺએ કુર્આને મજીદની આ આયતે કરીમા તિલાવત ફર્માવી :–

"લોકો ! અમે તમને પુરૂષ તથા સ્ત્રી થકી પેદા કર્યા અને તમારી જાતી તથા કબીલા બનાવ્યા જેથી એકબીજાની ઓળખ કરો, બેશક ! અલ્લાહની નજીક તમારામાં વધુ ઈજ્જતવાળો તે છે જે અધિક મુત્તકી (અલ્લાહથી ડરનર) છે, બેશક ! અલ્લાહ સર્વ કાંઈ જાણનાર તથા ખબર રાખનાર છે." (સૂ. હુજુરાત, ૧૩/૪૯)

## નબવી યુગમાં જેહાદ અને તેની બરકતો

આખા વિશ્વને અમ્નો સલામતીનુ સામ્રાજ્ય બનાવવાનું બંધારણ રજુ કરનાર રસૂલે રહમત હુઝૂર મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلمએ કુલ ગઝવાત જે કર્યા અને સહાબાએ કિરામની જમાઅતને સાથે લઈને ઈસ્લામી જેહાદના માટે સરદાર બનીને નીકળ્યા તેમની સંખ્યા ૨૮ છે. તે ઉપરાંત જે જંગોમાં હુઝૂરે કોઈને સિપેહ સાલાર (સેનાપતિ) બનાવીને રવાના કર્યા તેમને સરાયા કહે છે, તેમની સંખ્યા લગભગ **૬૦** છે. નીચેના લખાણમાં અમે એક નકશો રજુ કરીએ છીએ જેનાથી જણાશે કે કયો ગઝવહ્ કયાં, કયારે, કેટલી સંખ્યામાં મુજાહિદો અને કોના મુકાબલામાં થયો :–

| ક્રમ નં. | ગઝવહનુ નામ | મુજાહિદોની સંખ્યા | તારીખ તથા સન હિ. | તારીખ તથા સન ઈસ્વી. | કોના મુકાબલામાં |
|---|---|---|---|---|---|
| ૧ | અબવા | ૭૦ | સફર, હિ.સ.૨ | ઓગષ્ટ, ઈ.સ. ૬૨૩ | કુરૈશના કાફલાની રોક થામ |
| ૨ | બવાત | ૨૦૦ | રબીઉલ આખર હિ.સ.–૨ | ઓકટો. ઈ.સ. ૬૨૩ | કુરૈશ કાફલાની રોકથામ |
| ૩ | સફવાન | ૭૦ | " " | " " | કરઝ બિન જાબિર ડાકૂનો પીછો કરવો |
| ૪ | ઝુલ અશીર | ૧૫૦ | જમાદીલ ઉલા, હિ.સ.–૨ | નવે. હિ.સ. ૬૨૩ | યન્બૂઅ કબીલાસાથે કરાર માટે |
| ૫ | બદરુલ્ કુબરા | ૩૧૩ | ૧૨, ૧૭ રમઝાનુલ મુબારક, હિ.સ.–૨ | ૮–૧૩, માર્ચ ઈ.સ. ૬૨૪ | એક હજાર કુરૈશના કાફિરો |
| ૬ | બનૂ કૈનકાઅ | –– | ૧૫–શવ્વાલ હિ.સ.–૨ | ૧૦–એપ્રિલ ૬૨૪ | યહૂદી કબીલા |
| ૭ | અસ્સવીક | ૨૦૦ | ૫–ઝીલહજ્જ હિ.સ. ૨ | ૨૯–મે, ઈ.સ. ૬૨૪ | સખર ઈબ્ને હર્બ ઉમવીના પીછામાં |
| ૮ | બનૂ સુલૈમ, ઝી અમર | ૨૦૦ | ૩–મુહર્રમ હિ.સ.–૩ | જૂન, ઈ.સ. ૬૨૪ | કબીલએ બનૂ સુલૈમ કે ગુતફાન |
| ૯ | ગુતફાન, અનમાઝ | ૪૫૦ | જમાદીલ ઉલા હિ.સ. ૪ | ઓકટો–નવે. ઈ.સ. ૬૨૫ | બનુ ષઅલ્બા, બનૂ મહારિબ |
| ૧૦ | ઓહદ | ૫૬૦ | ૧૫–શવ્વાલ હિ.સ. ૩ | ૨૨–માર્ચ ઈ.સ. ૬૨૫ | મદીનાથી ત્રણ માઈલ દૂર અરબના કાફિરો |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૧ | હમરાઉલ અસદ | ૫૪૦ | ૭–શવ્વાલ હિ.સ.–૩ | જૂન, ઈ.સ. ૬૨૫ | ઓહદના બીજા દિવસે પીછો |
| ૧૨ | બનુ નઝીર | | રબી. અવ્વલ હિ.સ. ૪ | ––– | યહૂદીઓનો પીછો |
| ૧૩ | બદરે ઉખરા | ૧૫૧૦ | ઝીલ કઅદ હિ.સ. ૪ | એપ્રિલ ઈ.સ. ૬૨૬ | ઉન્સદાદે કબીલાએ કુફ્ફારે કુરૈશ |
| ૧૪ | દુમતુલ જન્દલ | ૩૦૦૦ | ૨૫–રબી. અવ્વ. હિ.સ. ૫ | ૨૪–ઓગષ્ટ ઈ.સ. ૬૨૬ | અરબના કાફિરોના વિવિધ કબીલા |
| ૧૫ | મરીસીઅ | ––– | ૨–શાબાન હિ.સ. ૫ | ૨૮–ડીસે. ઈ.સ. ૬૨૬ | બનૂ મુસ્તલકની તથા યહૂદી કબીલા |
| ૧૬ | ખન્દક (અહ્‌ઝાબ) | ૩૦૦૦૦ | ૮–ઝીલ કઅદ હિ.સ. ૫ | ૩૧–માર્ચ ઈ.સ. ૬૨૭ | કુરૈશના કાફિરો તથા યહૂદી કબીલા |
| ૧૭ | બનૂ કરીઝા | ––– | ઝીલ હજ્જ હિ.સ. ૫ | ––– | યહૂદી કબીલા બનૂ કરીઝા |
| ૧૮ | બની લહ્‌યાન | ૨૦૦ સવાર | ૧, રબી.અવ્વલ હિ.સ. ૬ | ૨૧–જુલાઈ ઈ.સ. ૬૨૭ | અહલે રજીઅ ઈસ્લામ ના મુબલ્લિગોના કાતિલો |
| ૧૯ | ઝીકુર્દ (ગાબા) | ૫૦૦ | રબીઉષ્ષની હિ.સ. ૬ | ––– | ડાકૂઓની વિરૂધ્ધ |
| ૨૦ | હુદૈબિયહ્‌ | ૧૪૦૦ | ઝીલ કઅદ હિ.સ. ૬ | ૧૩–માર્ચ ઈ.સ. ૬૨૮ | મક્કાના કુરૈશીઓ ઉમરાથી રોકનારા |
| ૨૧ | ખૈબર | ૧૪૨૦ | મુહર્રમ હિ.સ. ૭ | સપ્ટેમ્બર ઈ.સ. ૬૨૮ | યહૂદી કબીલા |
| ૨૨ | વાદીઉલ કુરા | ૩૮૨ | " | " | " " |
| ૨૩ | ઝાતુર્રિકાઅ | ૪૦૦ | ૧૦–મુહર્રમ હિ.સ. | ––– | વિવિધ કબીલા |
| ૨૪ | ફતહે મક્કા | ૧૦,૦૦૦ | ૧૦–રમઝાન હિ.સ. ૮ | ૧–જાન્યુ. ઈ.સ. ૬૩૦ | કુરૈશ |
| ૨૫ | હુનૈન | ૧૨,૦૦૦ | શવ્વાલ હિ.સ. ૮ | જાન્યુ–ફેબ્રુ. ઈ.સ. ૬૩૦ | વિવિધ કબીલા |
| ૨૬ | તાઈફ | " | " | ફેબ્રુઆરી ઈ.સ. ૬૩૦ | વિવિધ કબીલા |
| ૨૭ | તબૂક | ૩૦૦૦ | રજબ હિ.સ. ૯ | નવેમ્બર ઈ.સ. ૬૩૦ | રોમના કૈસરની ફોજ |

આ તમામ ગઝવાત તથા સરાયા (જંગો) હિ.સ. ૨, ઈ.સ. ૬૨૪ થી હિ.સ. ૯, ઈ.સ. ૬૩૧ સુધી આઠ વરસના ગાળામાં થયા. જેમાં કુલ **૯૧૮** માણસો માર્યા ગયા. કાફિર તથા મુશ્રિકોના ૬૫૬૫ માણસોને લશ્કરી કેદી બનાવવામાં આવ્યા.એમાંથી ૬૩૪૭ કેદીઓને હુઝૂર રહ્મતુલ્ લિલ્ આલમીન صلی اللہ تعالیٰ علیہ وسلم એ આઝાદ ફર્માવ્યા. આ છે ઈસ્લામી જેહાદના પ્રાથમિક દૌરનું ચિત્ર જે દુનિયાની નિગાહો સામે સૂર્યની જેમ ચમકી રહ્યું છે. દુનિયામાં ઈસ્લામી ઈન્કિલાબને અસ્તિત્વમાં લાવવા માટે આ ઈન્કિલાબના બાનીના દમથી દુનિયાને જે ફાયદાઓ નસીબ થયા અને ઈન્સાનિયત જે ઈજ્જતો કદરોથી માલામાલ થઈ ગઈ એ પણ નજરો સમક્ષ છે.

## પ્રગતિ પામેલ દુનિયાનાં કારનામાંઓ !

એથી ઉલ્ટુ દુનિયામાં ઈસ્લામી જેહાદને ગુંડાગીરી, લૂટારાપણા અને જંગલીપણાનું નામ આપનારાઓનાં કારનામાંઓનો એક ઉડતી નજરે અભ્યાસ કરતા ચાલીએ જેથી પોતાને સુસંસ્કૃત અને સભ્યતાવાળાઓને અસભ્ય ગણાવનારાઓના જંગલીપણુ અને કેવળ પોતાની સત્તા પ્રાપ્તિના હેતુ માટે, દૌલત પ્રાપ્તિ અને પાયાહિન તરફદારીની બુનિયાદ પર દુનિયાને ખૂનામરકીની ભટ્ટીમાં ફેંકનારા લોકોએ આહો, આંસુઓ, વિરાની, જલન, તબાહી તથા બર્બાદી સિવાય દુનિયાને શું આપ્યું ? હમણાં જ સ્પષ્ટ થઈ જશે. અમે અહીં હવે સંક્ષિપ્તમાં **પ્રથમ વિશ્વયુદ્ધ**ના અને **બીજા વિશ્વયુદ્ધ**ની તબાહીઓનું લિસ્ટ વાંચકોની ખિદમતમાં રજુ કરીએ છીએ. યાદ રાખશો કે આ સંખ્યા તથા ગણત્રીમાં કેદી તથા ઘાયલ પામેલા લોકોનો સમાવેશ નથી. જે જમાનામાં આ યાદી પ્રસિધ્ધ કરવામાં આવી હતી ત્યાર બાદ પણ કેટલાક સ્થળોએ યુધ્ધ ચાલુ રહ્યું.

### ★ પ્રથમ વિશ્વયુદ્ધમાં ★

| દેશનુ નામ | સંખ્યા શબ્દોમાં | સંખ્યા અંકમાં |
|---|---|---|
| રશિયા | સત્તર લાખ | ૧૭,૦૦,૦૦૦ |
| જર્મની | સોળ લાખ | ૧૬,૦૦,૦૦૦ |
| ફ્રાંસ | તેર લાખ સિત્તેર હજાર | ૧૩,૭૦,૦૦૦ |
| ઈટાલી | ચાર લાખ સાઈઠ હજાર | ૪,૬૦,૦૦૦ |
| ઓસ્ટ્રિયા | આઠ લાખ | ૮,૦૦,૦૦૦ |
| બ્રિટન | સાત લાખ | ૭,૦૦,૦૦૦ |
| તુર્કી | બે લાખ પચાસ હજાર | ૨,૫૦,૦૦૦ |
| બેલ્જિયમ | એક લાખ બે હજાર | ૧,૦૨,૦૦૦ |
| બલ્ગારિયા | એક લાખ | ૧,૦૦,૦૦૦ |
| રોમાનિયા | એક લાખ | ૧,૦૦,૦૦૦ |
| સરોયા માન્ટિગરી | એક લાખ | ૧,૦૦,૦૦૦ |
| અમેરિકા | પચાર હજાર | ૫૦,૦૦૦ |
| **કુલ** | **તોત્તેર લાખ બત્રીસ હજાર** | **૭૩,૩૨,૦૦૦** |

### ★ બીજા વિશ્વયુદ્ધમાં ★

| દેશનુ નામ | સંખ્યા શબ્દોમાં | સંખ્યા અંકમાં |
|---|---|---|
| રશિયા | બે કરોડ દસ લાખ | ૨,૧૦,૦૦,૦૦૦ |
| જર્મની | સોળ લાખ | ૧૬,૦૦,૦૦૦ |
| પોલેન્ડ | નવ લાખ | ૯,૦૦,૦૦૦ |
| ચીન | ત્રીસ લાખ | ૩,૦૦,૦૦૦ |
| જાપાન | સત્તાવીસ/પચાસ લાખ | ૨૭/૫૦,૦૦,૦૦૦ |
| ઓસ્ટ્રિયા | સાત લાખ | ૭,૦૦,૦૦૦ |
| રોમાનિયા | સાત લાખ | ૭,૦૦,૦૦૦ |
| ફિનલેન્ડ | એક લાખ ત્યાસી હજાર | ૧,૮૩,૦૦૦ |
| જેકોસ્લોવેકિયા | સાઈઠ હજાર | ૬૦,૦૦૦ |
| સ્લાવિકિયા | ત્રીસ લાખ પચાસ હજાર | ૩૦,૫૦,૦૦૦ |
| અમેરિકા | દસ લાખ સિત્તેર હજાર | ૧૦,૭૦,૦૦૦ |
| બ્રિટન | ચૌદ લાખ ત્રીસ હજાર | ૧૪,૩૦,૦૦૦ |
| ફ્રાંસ | દસ લાખ | ૧૦,૦૦,૦૦૦ |
| ઈટાલી | અગીયાર લાખ | ૧૧,૦૦,૦૦૦ |
| યોગોસ્લેવિયા | સોળ લાખ પચાસ હજાર | ૧૬,૫૦,૦૦૦ |
| હંગેરી | છ લાખ | ૬,૦૦,૦૦૦ |
| હોલેન્ડ | બે લાખ પચાસ હજાર | ૨,૫૦,૦૦૦ |
| બેલ્જિયમ | સાઈઠ હજાર | ૬૦,૦૦૦ |
| ફિલિપાઈન્સ | ત્રીસ હજાર | ૩૦,૦૦૦ |
| **કુલ** | **ચાર કરોડ ચોત્રીસ લાખ તેંતાલીસ હજાર અગીયાર** | **૪,૩૪,૪૩,૦૧૧** |

કત્લ થનાર તથા હલાક થનારાઓની આ લિસ્ટને જોઈને તે જંગોના સુરમાઓને ઈન્સાનિયતના કયા ખાનામાં ફિટ કરવામાં આવે અને જે કૌમોનાં આ કારનામાં છે તે કયા મોઢે ઈસ્લામી જેહાદની પાકીઝા ચળવળ પર આંગળી ચીંધી શકે છે ?! જે લોકોએ પોતાના નીચ મકસદને ખાતર દુનિયાની આબાદીને એક જ સાથે આગની ભઠ્ઠીમાં ઝોંકી દીધી, યુધ્ધના અગ્નિકુંડ પર ઉભી કરી દીધી તે આવે, અને હવેથી ઈસ્લામના હકીકી પુર અમન, માણસાઈપૂર્ણ નિયમો પર સ્વીકૃતિનુ માથુ ઝુકાવે.

## કેટલાક અન્ય યુધ્ધને લગતા નમૂના

ઈસાઈઓની સત્તાના ઈતિહાસમાં એ વાત ખૂબ જ સામાન્ય હતી કે રોમન કેથોલીક અને પ્રોટેસ્ટનટ ફિર્કા અને અન્ય ગૃપો સદીઓ સુધી એકબીજાની ખૂનરેજી કરતા રહ્યા, એમાં દરેક ફિર્કો એકબીજાને કત્લ ગારતગરીનો એ રીતે નિશાનો બનાવતો જેવી રીતે એક દુશ્મન કૌમને બનાવવામાં આવે છે.

એ જ પ્રમાણે રોમના શાહે જ્યારે યહૂદીઓ પર પકડ જમાવી તો યહૂદીઓનાં સર્વ પ્રાર્થનાલયોને જમીન દોસ્ત કરી દીધાં, ત્યાં સુધી કે આ ખેલ જેરૂસલમમાં ખૂબ જ મોટા પ્રમાણમાં ખેલવામાં આવ્યો.

એ જ પ્રમાણે (પારસી) ઈરાનીઓએ પરવેઝના જમાનામાં એશિયાના પ્રદેશ પર કબજો કરીને ત્યાંના દેવળોને નષ્ટ કરી દીધાં હતાં. એ જ પ્રમાણે બરાબર દસ વરસ પછી ઈસાઈઓએ જ્યારે ફરી પકડ જમાવી તો પારસી પ્રાર્થનાલયોનાં નામો નિશાન સુધ્ધાં મિટાવી દીધાં અને માનવ વસ્તીઓને ઘેટાં, બકરાં કે ખેતીની ફસલોની જેમ કાપીને રાખી દીધી હતી.

મધ્ય યુગમાં જ્યારે સલીબી જંગોનો લાંબો ક્રમ મુસલમાનો પર લાદી દેવામાં આવ્યો તો મુસલમાન પોતાની ઈસ્લામી જેહાદની તાલીમાતની મર્યાદાઓમાં પોતાના વાયદાની પાબંદી કરતા રહ્યા અને સબીલીઓનો એ હાલ હતો કે ગદ્દારી થકી ખૂનરેજી તથા તબાહી ફેલાવતા રહ્યા. મુસલમાન માનવ જીવ રક્ષા તથા હિફાઝતનો ફરીઝો અંજામ દેતા રહ્યા અને સલીબી ખૂનરેજી કરીને મઝલૂમોના ગુથણ ગુથણ જેટલા લોહીમાં વિજયના જશ્નનો નાચ કરતા રહ્યા.

## કરારભંગનું દ્રષ્ટાંત

સલીબી બહાદુર પોતાના બીજા હુમલામાં જ્યારે મઅરેતુન્નોઅ્માન પહોંચ્યા અને મઅરાના મુસલમાન રહેવાસીઓએ મજબૂરીની હાલતમાં હથિયાર હેઠાં મૂકી દેવાનો ઈરાદો કર્યો તો સલીબી ફોજના સરદારો સાથે શાંતિ કરાર કર્યો કે અમે લોકો એ શરતે હથિયાર નાખી દઈએ છીએ કે મઅરાવાળાઓના જાન, માલ, ઈજ્જત, આબરૂ પર કોઈ આંચ નહીં આવે. સલીબી સરદારોએ તેને મંઝૂર કર્યું અને જ્યારે મસીહી (ઈસાઈ) ફોજો આબાદીમાં પ્રવેશી તો શું થયું ? ખૂદ તે ફૌજમાં સામેલ અંગ્રેજોનું બયાન છે કે મઅરાવાળાઓની એકધારી કત્લેઆમ શરૂ થઈ, મકાનો સળગાવવામાં આવ્યાં, પુરૂષોમાં જે લોકો તંદુરસ્ત તથા યુવાન હતા તેમને માર્યા તો ખરા પણ બાળકો, વૃધ્ધો, સ્ત્રીઓ સૌના ઉપર એક તરફથી જુલ્મો સિતમની આગ વરસાવવામાં આવી. આ પ્રમાણે એક લાખ માણસોને કત્લ કરી દેવામાં આવ્યા.

એ આબાદીને કબ્રસ્તાનમાં ફેરવ્યા બાદ સલીબી સૂરમાઓએ બયતુલ મુકદસ પર હુમલો કર્યો. ત્યાંના લોકોને પોતાની ફૌજી શકિતની ખબર હતી જેથી તેમણે સમાધાનની રજુઆત કરી. ઈસાઈ સિપેહસાલારે ત્યાંના રહેવાસીઓના જાનમાલની

રક્ષાનો કરાર કર્યો. એ કરાર કર્યા બાદ સલીબી ફોજના સરદારને શહેરમાં પ્રવેશવાની રજા મળી ગઈ. સુલેહના કરારની નિશાની રૂપે મસ્જિદે અકસા પર એક સફેદ ઝંડો લેહરાવવામાં આવ્યો.

પરંતુ અફસોસ ! અંબિયા તથા રસૂલોની આ મુકદ્દસ સરઝમીન ત્યાર બાદ દરિંદાઓના હાથે કેવી રીતે માનવ લોહીથી રંગીન કરવામાં આવી ! બયતુલ્ મુકદ્દસ શહેર તથા મસ્જિદે કુદ્સના હરમને મુસલમાનોની કત્લગાહ બનાવવામાં આવી. સિત્તેર હજાર માણસો જેમાં સાલેહ લોકો, ઉલમા, ઝાહિદો અને અહલે કમાલ હતા, મસ્જિદે અકસાની અંદર તે સૌને શહીદ કરી દેવામાં આવ્યા. શહેરની સડકો, ગલી, કૂચાઓ લાશોથી ઉભરાઈ ગઈ. માનવ અંગોને માર્ગોમાં ચિથડાંઓની જેમ વિખેરી દેવામાં આવ્યાં. ત્યાર બાદ ઈસાઈ સિપાહી પવિત્ર મસ્જિદમાં કલાકો સુધી લોહીમાં ચાલીને જશ્ને ફતહમાં નાચતા રહ્યા.

નસરાની બહાદુરોએ શહેરને પવિત્ર કરવાના માટે ત્યાંના રહેવાસીઓની કત્લેઆમ કરવી પણ જરૂરી સમજી અને મજબૂર તથા એકલા શહેરવાસીઓના ખૂન સાથે તેમની કામયાબી તથા કામરાનીનું છેલ્લુ પ્રકરણ લખવામાં આવ્યું.

## તસ્વીરની બીજી બાજુ

અને એ જ બયતુલ્ મુકદ્દસને જ્યારે ઈસ્લામી સિપેહ સાલાર સલાહુદ્દીન ઐયૂબી رضی اللہ عنہ એ તે મહાન જુલ્મના કેવળ ૯૦ (નેવુ) વરસો બાદ ફતહ કર્યું તો એ છતાં કે મઝલૂમ મુસલમાનોનો ઈતિહાસ જુનો ન થયો હતો, કત્લ થનાર તથા ઝબહ થનારના લોહીની લાલાશ બૈતુલ્ મુકદ્દસની દરોદીવાર પર મૌજૂદ હતી, મસ્જિદે અકસાના સહેનમાં તડપતી ઉલમા તથા ફુઝલાની લાશોના મન્ઝર તરોતાઝાં હતાં, (છતાં) સુલ્તાને ઈસ્લામી અખ્લાક અને માનવીય માન મર્તબા અને જેહાદના નિયમોના બરાબર હેઠળ રહીને તે શહેરવાસીઓ પર કોઈ અયોગ્ય કદમ ન ઉઠાવ્યું.

પશ્ચિમથી આવીને લગભગ એક લાખ નસરાની ત્યાં વસી ગયા હતા તેમને દરેક પ્રકારની આઝાદી આપી અને એલાન કર્યું કે જે કયાંક બીજે તબદીલ થવા ચાહે તેને સંપૂર્ણ આઝાદી છે. મિસ્કીન તથા ગરીબ લોકો પાસેથી કાંઈ લીધા વિના ત્યાંથી ચાલ્યા જવાની સરળતાઓ પૂરી પાડી અને હિફાઝતની સાથે તેમની મંઝિલ સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરી. વ્યવસ્થાના કાર્ય માટે કેવળ તેઓમાંના માલદારો પાસેથી ખૂબ જ મામૂલી રકમ વસૂલ કરી. તબદીલીની તૈયારીઓના માટે ૪૦ દિવસનો સમય મળ્યો જેમાં સંપૂર્ણ તૈયારી પછી ૮૪ હજાર માણસો અકા વગેરે અન્ય સ્થળોએ ચાલ્યા ગયા. ફિદિયાની રકમ ખૂબ જ મામૂલી હતી તેમ છતાં જે લોકો અદા ન કરી શકયા તેમના તરફથી સુલ્તાનના ભાઈએ તે પ્રકારના બે હજાર માણસોનો ફિદિયો પોતાના હાથોથી અદા કર્યો. ઈસાઈ પિટર ઓફ માર્કે જવાનો ઈરાદો કર્યો તો પોતાની અઢળક દૌલત, ઝર જવેરાત અને સામાનની સાથે સુલ્તાને બોડી ગાર્ડોના કાફલા સાથે તેની મંઝિલ સુધી તેને પહોંચાડયો. તે સમયે તમામ ઈસાઈ દુનિયા મુસલમાનોના લોહીની તરસી હતી અને હિલાલ તથા સલીબની લડાઈ પૂરા જોશમાં હતી. સુલ્તાન સલાહુદ્દીન ઐયૂબી رضی اللہ عنہ એ પોતાના કરારની પૂરી પાંબદી કરતાં ઈસાઈઓને અકા, સૂર અને સૈદાની ઈસાઈ વસ્તી સુધી જ્યાં તેઓ જવા ઈચ્છતા હતા પોતાની રક્ષક ફૌજની નિગરાનીમાં સલામતીપૂર્વક રવાના કરી દીધા.

એ જ ખલાસીના જમાનામાં કેટલીક ઈસાઈ સ્ત્રીઓ સુલ્તાનની પાસે દરખાસ્ત લાવી કે અમારા ઘરના પુરૂષો જંગમાં માર્યા ગયા છે અને કેટલાક યોધ્ધા કેદી છે તો અમારી દેખરેખ રાખનાર કોઈ નથી જેની સાથે અમે સફર કરી શકીએ. તેમની

દુ:ખભરી દાસ્તાન સાંભળીને સુલ્તાનની આંખો અશ્રુમય થઈ થઈ. તેમના પતિઓ, ભાઈઓ તથા પુત્રો જેઓ કેદમાં હતા તેમને મુકત કરી દેવામાં આવ્યા અને ખૂબ માલ આપીને તેમને વિદાય કર્યા.

એ પ્રસંગે જે નસરાનીઓ વતન ત્યજીને ત્યાંથી ઈન્તાકિયા ગયા તેમની સાથે તેમના સમ ધર્મવાળાઓએ એવો વર્તાવ કર્યો કે શહેરમાં પ્રવેશવા પણ ન દીધા. કેટલાક તરાબુલ્સની તરફ કૂચ કરનારાઓને લેટીન તરાબુલ્સવાળાઓએ મારી ભગાડયા અને તેમનો માલ સામાન જે તેઓ મુસલમાનો પાસેથી લઈને ગયા હતા તે પણ છીનવી લીધો.

એ જ પ્રમાણે સુલ્તાન મુહમ્મદ ફાતેહે જ્યારે કુસ્તુન્તુનિયા (કોન્ટેન્ટિનોપલ) ફતહ કર્યું તો ત્યાંના લોકો ઈસ્લામી અખ્લાકનો દરિયા દિલીવાળો સુલૂક કર્યો જેને ઈસ્લામી ઈતિહાસવેત્તાઓની સાથોસાથ ગેર મુસ્લિમ ઈતિહાસકારોએ પણ વખાણ્યો છે. સુલ્તાન જ્યારે અયાસુફિયાના દેવળમાં આવ્યો તો તેણે ગભરાઈ ગયેલા પાદરીઓ તથા ત્યાં પનાહ લેનારાઓને જોયા અને તે સૌને પનાહ આપી અને વિ□ાસ અપાવ્યો કે તેમના દરેક દુ:ખ દર્દનો ઈલાજ કરવામાં આવશે, જેથી ગભરાયેલાઓએ ઈત્મિનાનનો શ્વાસ લીધો અને પોતપોતાના ઘરે પાછા ફર્યા. કોઈ મુસલમાન સિપાહીએ અમ્ન પછી તેમનામાંથી કોઈનો વાળ પણ વાંકો ન વાળ્યો. ઈસાઈઓને પોતાના મઝહબના રસ્મો રિવાજની સંપૂર્ણ આઝાદી આપી. તે લોકો પોતાનો પિટર ઓફ પાર્ક ખૂદ પસંદ કરતા હતા. તેમ જ નતીનીઓના સમયમાં જેવી રીતે તે ચૂંટણીના પ્રસંગે હુકરામન શરીક થતા હતા એ રીતે સુલ્તાને પણ ખૂદ ખૂબ શાનો શૌકતની સાથે તે પ્રસંગમાં ભાગ લીધો અને તેને શાહી ઈનામોથી નવાઝયો. અને સત્તા આપી કે તમામ મઝહબી બાબતોના ફેંસલા તે કરે અને પોતાના તે હક્કો તથા અધિકારોનો ઉપયોગ કરે જે પહેલાંના પિટર ઓફ પાર્ક કરતા હતા. બાદશાહે એ પ્રસંગે પિટરને એક સુસજ્જ ઘોડો આપ્યો અને પોતાના ખાસ બોડી ગાર્ડનો એક કાફલો તેની સેવામાં નિયુકત કર્યો. એ વાત યાદ રાખશો કે સુલ્તાન મુહમ્મદ ફાતેહ એક ફાતેહની હૈસિયતથી કુસ્તુન્તુનિયામાં પ્રવેશ્યો હતો, તેની સાથે કોઈનો કરાર થયો ન હતો કે જેને પાળવું લાઝમી બને. પરંતુ વાસ્તવમાં ઈસ્લામી બંધારણમાં માનવીનો માન મર્તબો જે મહત્વ ધરાવે છે તેના એ લોકો કદરદાન હતા એટલા માટે દરેક સંજોગોમાં ઉદારવૃત્તિ, ફૈયાઝી, અખ્લાક તથા સખાવતની ચાદર ફેલાયેલી રાખતા હતા.

સુલ્તાનના આ વર્તનના કારણે કુસ્તુન્તુનિયાના ગૈર મુસ્લિમ પોતાને બાઝ નતીનીના દૌર કરતાં અધિક સુરક્ષિત સમજતા હતા અને ઈસ્લામી રાજ્ય સત્તાને અમ્નો સલામતીનુ સ્થાન સમજતા હતા.

અને એ જ કુસ્તુન્તુનિયા (ઈસ્તંબુલ) જ્યારે ઈસાઈઓના કબજામાં આવ્યું તો તે લોકોએ ખૂદ પોતાના ધર્મ ઓર્થોડોકસ ફિર્કાના ઈસાઈઓની સાથે કેવો વર્તાવ કર્યો તે વિશે અનસેન્ટ સોઈમ પાપાએ રોમનુ બયાન સાંભળો જેને અમે મશહૂર અરબ મુફક્કિર ડોકટર મુસ્તફા સબાઈની કિતાબ ''મિન્ રવાએઅ્ હઝારત્ના''થી નકલ કરીએ છીએ :–

''મસીહના માનવાવાળાઓ અને તેમના ધર્મના હામીઓની ફરજ તો એ હતી કે તેઓ પોતાની તલવારોનુ રૂખ મસીહિયતના મહા દુશ્મન (ઈસ્લામ)ની પ્રતિ ફેરવતે. પરંતુ અફસોસ ! કે તેમણે ખૂદ મસીહીઓનુ લોહી વહેડાવ્યું જેને વહાવવું તેમના માટે ધાર્મિક રીતે હરામ હતું, પરંતુ તેમણે તેની પરવા ન કરી અને લોહીના દરિયા વહાવ્યા અને ન ધર્મનો કોઈ એહતેરામ કર્યો ન સ્ત્રી પુરૂષનો કોઈ ફરક બાકી રાખ્યો અને ન વૃધ્ધોનો કોઈ લેહાઝ રાખ્યો. ધોળા દહાડે વ્યભિચારો કર્યા, રાહિબ ઔરતો, બાળકોવાળી માતાઓ અને કુંવારી છોકરીઓ તેમની હવસખોરીની સામે લાચાર હતી,

અને તે લશ્કરના બદકાર દરિન્દાઓએ તેમને ચૂંથી કાઢી. તે લોકોએ બાદશાહ અને અન્ય અમીર ઉમરાવોની દૌલત લૂટવા પર જ સંતોષ ન માન્યો બલ્કે દેવળોની જમીનો અને જાયદાદોને પણ ખૂબ લૂટી, તેમણે દેવળોની પણ બેહુર્મતી કરી, તેની મુકદસ તસ્વીરો, સલીબો અને મોતબર્રક આષારો સુધ્ધાં લૂટી લીધાં.''

મશહૂર ઈતિહાસકાર શારલ ડેલ લખે છે :–

''આ મદહોશ લશ્કર કનીસા અયા સૂફિયામાં દાખલ થયું, પવિત્ર કિતાબોને નષ્ટ કરી, શહીદોની તસ્વીરોને પોતાના પગોથી કચડી. એક બદ કિરદાર ઔરત ત્યાં પિટર ઓફ પાર્કની ખુરશી પર બેઠી અને મોટા અવાજે ગાવા લાગી. શહેરથી ઈલ્મે દીનની નિશાનીઓ નષ્ટ કરી દીધી અને સોના ચાંદીની બનેલી મૂર્તિઓને તોડવામાં આવી જેથી તેના વડે સિક્કા ઢાળવામાં આવે.'' (મિન રવાએઅ્ હઝારત્ના)

''જે રાહિબો (પાદરીઓ)એ આ દર્દનાક દ્રશ્યોને પોતની આંખો વડે જોયાં તેઓ બયાન કરે છે કે હકીકતમાં હઝરત મુહમ્મદના અનુયાયીઓએ આ શહેરની સાથે એવો વર્તાવ નથી કર્યો જેવો ખૂદ મસીહનુ નામ લેવાવાળાએ કર્યો.'' (હવાલો ઉપર મુજબ)

આ દ્રષ્ટાંતને હવે વધારે આગળ ન લંબાવતાં હું બૈતુલ મુકદસની પ્રથમવાર ફતહના પ્રસંગે સૈયદના ફારૂકે આઝમ رضی اللہ عنہ નો તે પવિત્ર ભૂમીવાળાઓને અતા કરેલ ''શાંતિનો પરવાનો'' નકલ કરીને વિષયને સમેટી લઉં છું.

ઉપરોકત તમામ મસીહી (ઈસાઈ) તથા ગૈર ઈસ્લામી તાકાતોની શૈતાનયિતને દ્રષ્ટિ સમક્ષ રાખીને તે ઉપરાંત પણ વિશ્વના નકશામાં લશ્કરી તાકાતના ભરોસા પર ઉભરનાર ફિત્નાઓને પારખો તો અમ્નો શાંતિનો એકલો કાનૂન કેવળ અને કેવળ ઈસ્લામમાં જ મળશે જેણે ઈસ્લામી જાનો માલ તથા ઈજ્જત આબરૂને પવિત્ર ઠરાવી અને ઈસ્લામના સાચા અનુયાયીઓએ સુવર્ણ યુગમાં તેના પર અમલ કર્યો.

## અહલે કુદ્સને અમ્નનો પરવાનો

હઝરત સૈયદના ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ના ખિલાફતકાળમાં બૈતુલ મુકદસ પ્રથમ વાર ઈસ્લામી પરચમ હેઠળ આવ્યું ત્યારે આપે ખિલાફતની મોહરની સાથે "અમાનનામા" બૈતુલ મુકદસવાળાઓને અતા ફર્માવ્યું હતું. તેની કેટલીક કલમો તિબરીના હવાલાથી અહીં રજુ કરવામાં આવે છે જેના થકી ઈસ્લામનો ગૈર મુસ્લિમો સાથે છૂટછાટ રાખવા વિશેનો ખયાલ સ્પષ્ટ થઈ જશે. ત્યાં સુધી કે સૈયદના હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ **અશિદ્દાઉ અલલ્ કુફ્ફાર**ના ઉત્તમ મઝહર (પ્રદર્શનકારી) હતા, પણ જ્યારે અદ્લો ઈન્સાફનુ ત્રાજવુ હાથમાં પકડે છે તો ખિલાફતે રાશિદાનો એવો નૂરાની દૌર સામે આવે છે કે કહી શકાય છે કે રસૂલે અકરમ સૈયદના મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم જે કાનૂને ખુદાવંદી લઈને આવ્યા તેના અમલી નમૂનાનો મહાન કિસ્સો સૈયદના ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ના ખિલાફતકાળમાં પરિપૂર્ણ થયો. તેનું એક દ્રષ્ટાંત બૈતુલ મુકદસની ફતહ (જીત) પણ છે. આપના કરારનામામાં છે :–

"અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન અતિ રહમવાળો. આ તે અમાન છે જે અલ્લાહના બંદા ઉમર અમીરુલ મુઅ્મિનીનને ઈલિયા (બૈતુલ મુકદસ)વાળાઓને અતા કરી. આ અમાન તેમની જાન તથા માલ તેમના દેવળો તથા ક્રોસો માટે છે, તેમના બીમારો અને તંદુરસ્તો અને તેમની આખી કૌમના માટે છે. તેમની ઈબાદતગાહો (પ્રાર્થનાલયો)માં રહેઠાણ અપનાવવામાં આવશે ન તો તોડી પાડવામાં આવશે, તેમના દેવળો તથા તેની સાથેનાં મકાનો, તેમના ક્રોસો અને તેમની જાયદાદોમાં કોઈ પ્રકારની કમી કરવામાં આવશે નહીં અને ન તો તેમાં કોઈને નુકસાન પહોંચાડવામાં આવશે. *(તિબરી, ભાગ–૧, પેજ–૨૪૫, વઅદ્દિરાયહ્ફી તખરીજે અહાદીષિલ હિદાયહ્, પ્રેસ–દિલ્હી, પેજ–૩૬૦)*

બૈતુલ મુકદ્દસ આગમનના વખતે સૈયદના ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ ઈસાઈ પેશવા બતરીકની સાથે ત્યાંના પવિત્ર સ્થળોની મુલાકાત લીધી અને રિવાયત છે કે જ્યારે આપ દેવળના રહેઠાણમાં હતા ત્યારે નમાઝનો સમય થઈ ગયો તો બતરીકે વિનંતી કરી કે દેવળમાં જ નમાઝ પઢી લે પણ અમીરુલ મો'મિનીને તેને સ્વીકાર્યું નહીં અને ફર્માવ્યું, જો આજે હું અહીં નમાઝ પઢી લઉં તો શકય છે કે આવનારા યુગમાં મુસલમાન મારી સજદાગાહના ખયાલમાં દાવો કરે કે એને ઈસ્લામી ઈબાદતગાહ બનાવી દેવામાં આવે. અલ્લાહુ અકબર ! કુર્બાન જાવ સૈયદના ફારૂકે આઝમ رضی اللہ عنہ ની ઈમાની બસીરત (દ્રષ્ટિ) પર ! અને ઈન્સાફની નિપૂણતા પર કે ગૈર મુસ્લિમ ઝિમ્મીઓનો તેમને આટલો ખયાલ તથા લેહાઝ હતો. આપના ખિલાફતકાળ દરમ્યાન મુસલમાનોની જેમ ગૈર મુસ્લિમ અપંગોને જરૂરી ખર્ચાનો વઝીફો મળતો હતો.

બેલાઝરીએ લખ્યું છે કે કેટલાક ઈસાઈ કોઢીઓને માટે આપના બૈતુલ માલમાંથી નિશ્ચિત વઝીફો રાખેલો હતો. તેમને ખોરાક તથા રોકડ રકમ સરકારી ખઝાનામાંથી આપવામાં આવતી હતી. (બેલાઝરી, પેજ–૧૨૯)

ઈસ્લામી ઈતિહાસના સોનેરી યુગમાં આ તથા આ પ્રકારના સર્વ કરારો અને માનવતાવાદી અમ્નના પરવાનાઓ (શાંતિ કરારો) હકીકતમાં ઈસ્લામના આમ વિશ્વશાંતિના સૌથી અસરકારક પ્રણેતા અને લીડર હોવાની નિશાની છે. ખુલફાએ રાશિદીનના દૌરની તમામે તમામ ઈસ્લામી ફતહો (વિજયો) અને સાલેહ (નેક) અમીરો તથા સુલ્તાનોની કોશિશો (ચળવળો) હકીકતમાં દુનિયાને શાંતિ (સલામતી) તરફ લઈ જનારી ઈસ્લામી સ્પિરિટની ચળવળો છે. હવે આવો વિચારીએ કે દુનિયાના આમ (સામાન્ય) જંગી કરારોમાં અને ઈસ્લામી કરારોમાં કેટલો મહાન તફાવત છે કે ઈસ્લામ કેવળ ટેમ્પરરી જંગને જીતવાને દષ્ટિમાં નથી રાખતો બલ્કે માનવ દિલોને આ ખેંચતાણમાં પણ પોતાના રબના સીધા માર્ગે રહેવાને પ્રાધાન્ય આપે છે. *(હવાલો : ઈસ્લામ ઔર અમ્ને આલમ)*

## ઈસ્લામી તબર્રુકાત

:: રજૂકર્તા ::
અલ્તાફ હુસૈન કુરયનવી

નીચે જણાવેલ બરકતી વસ્તુઓ ખલીફાઓને પ્રસંગોપાત હાથ લાગી છે. જેને સુલ્તાન સલીમ (પહેલાએ)એ સર્વ તબર્રુકાત કોન્સટેન્ટીનોપલ (તુર્કસ્તાનની રાજધાની)માં સલામત સાચવી રાખેલે છે : ★ હઝરત મુહમ્મદ મુસ્તફા صلی اللہ علیہ وسلمનો એક મુબારક દાંત ★ આપના નાલૈન–પગના બંને જોડા ★ ફરગલ કહેવામાં આવે છે તેવો આપનો એક લાંબો ઝભ્ભો ★ હુઝૂરનો એક મુસલ્લો ★ એક તલવાર ★ એક તીર ★ જેને અલમ શરીફ કહેવામાં આવે છે તે આપનો ઝંડો. (صلی اللہ علیہ وسلم)

ઉપરની બધી વસ્તુઓ હુઝૂર صلی اللہ علیہ وسلمના તબુર્રકાત છે. એ સિવાય કેટલાક સહાબાએ કિરામ અને પૈગંબર علیہم السلامની યાદગાર વસ્તુઓ નીચે મુજબ છે : ★ હઝરત નૂહ علیہ السلامના રોટી ઘડવાના વાસણો ★ હઝત ઈબ્રાહીમ علیہ السلامના રોટી ઘડવાના વાસણો ★ હઝરત દાઊદ علیہ السلامની તલવાર ★ કા'બા શરીફનો સોનેરી પાણીવાળો તોટીવાળો ઐતિહાસિક બદનો ★ હઝરત શોએબ علیہ السلامના બે અસા (લાકડીઓ) ★ હઝરત યૂસુફ علیہ السلام નું પહેરણ ★ મક્કા શરીફની ઐતિહાસિક કૂંચી ★ મક્કા શરીફમાં (આવેલા) તોબાહના દરવાઝાના ઐતિહાસિક પડદાઓ ★ ચારે ખલીફાના અમામા (માથાની અમામા અને ચાદરો) ★ હઝરત જા'ફર તૈયાર رضی اللہ عنہની તલવાર ★ ચારે ખલીફાઓના ઝંડા ★ હઝરત ખાલિદ ઝયાદની તલવાર ★ હઝરત ઈબ્ને હસન رضی اللہ عنہની તલવાર ★ છ સહાબાઓની તલવારોની મુંઠ ★ હઝરત મઆઝ બિન જબલનો ઝંડો ★ હઝરત ઉવૈસ કરની رضی اللہ عنہનો અમામો ★ હઝરત ઉષ્માન رضی اللہ عنہના હાથે લખાએલ કુર્આન શરીફ ★ હઝરત ઈમામ હસન رضی اللہ عنہનો અમામો ★ હઝરત અલી ઝૈનુલ આબેદિન رضی اللہ عنہના હાથે લખાયેલ કુર્આન શરીફ ★ હઝરત અલી હૈદરે કરારા کرم اللہ تعالیٰ وجہہ الکریم ના હાથે લખાયેલુ કુર્આન શરીફ.

# દીને હક્ક માટે સહાબાની કુર્બાનીઓ અને આપણે

રજૂ. મુહમ્મદ ફૈઝ કાસિમ પઠાણ-મલાડ (ઈસ્ટ) મુંબઈ

લેખ હરિફાઈમાં પ્રથમ આવનાર લેખ

પ્યારા ઈસ્લામી ભાઈઓ ! સહાબા رضوان الله تعالیٰ علیہم اجمعین ની કુર્બાનીઓ વિશે લખવા માટે કિતાબના પાનાંઓ ખૂબ જ ઓછાં છે પણ એમની કુર્બાનીઓ વિશે લખવું ખૂબ જરૂરી સમજીએ છીએ.

સૌથી પહેલાં તો આપણે એ સમજી લઈએ કે અલ્લાહ عزوجل અને તેના પ્યારા નબી صلی اللہ علیہ وسلم ને ત્યાં સહાબાનો દરજ્જો કેટલો ઉચ્ચ છે. અલ્લાહના પ્યારા નબી صلی اللہ علیہ وسلم ફર્માવે છે કે, "મારા સહાબી તારાઓની જેમ છે જેની પણ પયરવી કરશો ભલાઈ પામશો." જેમણે સહાબાની પયરવી કરી તે માણસ કામયાબ છે અને સહાબાની જ કુર્બાનીઓનો અને એમની મહેનતનો નતીજો છે કે આજે આપણે અલ્લાહ તઆલાના પ્યારા દીન અને નબીની સુન્નતોથી નવાજાયેલા છીએ અને એમની કુર્બાની, ઈસ્લામનો પ્રેમ અને લાગણીના હિસાબે જ આજે દીને ઈસ્લામ દુનિયાના બધા જ શહેરોમાં, ગલીઓમાં અને ઘરોમાં જોવા મળે છે. અલ્લાહ તઆલા આપણા બધાને સહાબાના સદકામાં દીનની પાબંદી અને સુન્નતે મુસ્તફા પર અમલ કરવાની તૌફીક આપે.

### ★ સહાબાનું ઈસ્લામ લાવવું અને કુર્બાનીઓ ★

ઈસ્લામ જેવો સારો ધર્મ અપનાવ્યા પછી સહાબાએ કિરામને જે તકલીફો વેઠવી પડી તેની પણ થોડીક વાતો લઈએ અને જે કુર્બાનીઓ એમણે આપી એને જોઈએ. જ્યારે હુઝૂર રહમતે આલમ صلی اللہ علیہ وسلم ની સાથે ગરીબ મુસલમાનો ઉપર મક્કાના કાફિરોએ જુલ્મો સિતમના એવા પહાડ તોડયા કે હરમ શરીફની ધરતી પણ દ્રવી ઉઠી અને એવા આત્મા કાંપી ઉઠે તેવા જીવલેણ અઝાબોમાં તેમને ધકેલી દીધા હતા કે સહાબાની જગ્યાએ કોઈ પર્વત પણ હોત તો વિચલિત થઈ ચૂક્યો હોત ! અરબના ધગધગતા તાપમાં જ્યારે રેતીના કણો ભઠ્ઠીની જેમ ગરમ થઈ જતા ત્યારે સહાબાએ કિરામની પીઠ ઉપર કોરડા વીંઝીને તેમને ઘાયલ કરી એ તપતી રેતી પર સૂવડાવી દેવામાં આવતા હતા અને તેમની છાતી ઉપર એવા ભારી પથ્થરો મૂકી દેવામાં આવતા કે જેથી તેઓ પાસુ ફેરવી શક્તા ન હતા. લોખંડના સળીયાને આગમાં તપાવીને નિર્દોષ સહાબાએ કિરામના શરીરે ડામ દેવામાં આવતા હતા. પાણીમાં એમને એટલી બધી ડૂબકીઓ દેવામાં આવતી કે એમનો શ્વાસ રૂંધાવા લાગતો હતો, ચટાઈઓમાં લપેટીને એમના નાકમાં ધુમાડા કરવામાં આવતા હતા જેથી તેમના માટે શ્વાસ લેવો પણ મુશ્કેલ બની જતો હતો અને તેઓ પીડા અને બેચેનીથી બેબાકળા બની જતા હતા.

### ★ હઝરત ખબ્બાબ બિન અલ અરુત અને હઝરત બિલાલ رضی اللہ عنہما ★

હઝરત ખબ્બાબ બિન અલ અરુત رضی اللہ عنہ એ જમાનામાં ઈસ્લામ લાવ્યા જ્યારે હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلم હઝરત અરકમ બિન અરકમના ઘેર રહેતા હતા અને માત્ર ગણતરીના જ લોકો મુસલમાન થયા હતા. કુરૈશના કાફિરોએ એમને પણ બહુ જ સતાવ્યા હતા એટલે સુધી કે કોલસાના અંગારા ઉપર તેમને ચત્તા સૂવડાવવામાં આવતા અને એક માણસ એમની છાતી ઉપર પગ મૂકીને ઉભો રહેતો એટલે સુધી કે એમની પીઠની ચરબી અને શરીરમાંથી થયેલા રક્ત

સ્ત્રાવથી કોલસા ઓલવાઈ જતા. જ્યારે વર્ષો પછી આ વાતનું વર્ણન અમીરુલ મો'મિનીન હઝરત ઉમર رضی اللہ عنہ સમક્ષ થયું અને હઝરત ખબ્બાબે પોતાની પીઠ ઉઘાડી કરી તો સફેદ ડાઘ પડેલા હતા એ ઈબ્રતનાક દશ્ય જોઈ અમીરુલ મો'મિનીનનું મન પણ ભરાઈ ગયું અને તેઓ રડી પડયા હતા.

અને હઝરત બિલાલ જેઓ ઉમૈયા બિન ખલ્કના ગુલામ હતા. તેમની ગરદનોમાં દોરડાં બાંધીને તેમને શેરીએ શેરીએ અને બજારમાં ઘસેડવામાં આવતા હતા. તેમની પીઠ પર લાઠીઓનો માર મારવામાં આવતો. બરાબર મધ્યાહન સમયે ભારે તડકામાં ગરમ રેતી પર સૂવડાવી એટલો ભારે પથ્થર મૂકવામાં આવતો કે જેથી તેમની જીભ બહાર નીકળી જતી. અને ઉમૈયા કાફિર કહેતો હતો કે ઈસ્લામ છોડી દે નહીંતર રુંધાઈને મરી જા ! (સુબ્હાનલ્લાહ !) પણ એવી નાઝુક સ્થિતિમાં પણ હઝરત બિલાલ رضی اللہ عنہ ઈસ્લામથી સહેજ પણ વિચલિત થયા નહીં, બલ્કે જોશથી અહદ ! અહદ !નો સુત્રોચ્ચાર કરતા. એટલે કે ખુદા એક છે ! ખુદા એક છે !

એવી જ રીતે નબી કરીમ ﷺના ગુફાના સાથી હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہએ કેવી રીતે ઈસ્લામ પર પોતાનું ધન નિછાવર કર્યું ? તેની એક ઝાંખી આ પ્રમાણે છે કે આપે ગરીબ અને વિવશ મુસલમાનોમાંથી મોટા મોટા ભાગનાઓની જાન બચાવી. આપે હઝરત બિલાલ, અમીર બિન ફુહૈરા, અબૂ ફકીહ, લુબૈના, જીન્નીરા, નહદીયા, ઉમ્મે ઉબૈસ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ આ તમામ ગુલામોને મોટી મોટી રકમો આપી ખરીદયા અને બધાને કાફિરોથી આઝાદ કરાવ્યા હતા.

અલ્લાહ પાકના કરમ અને નબી કરીમ ﷺની સાચી વાતોથી હઝરત અબૂઝર ગફ્ફારી ﷺ જ્યારે ઈસ્લામમાં દાખલ થયા ત્યારે મક્કામાં એક મુસાફરની જેમ કેટલાય દિવસો સુધી કા'બાના હરમમાં રહ્યા. તેઓ દરરોજ બૂમો પાડી પાડીને ઈસ્લામની જાહેરાત કરતા હતા અને કુરૈશના કાફિરો દરરોજ એટલું મારતા હતા કે તેઓ માર ખાતા ખાતા લોહી લુહાણ થઈ જતા હતા. અને એ દિવસોમાં આબે ઝમઝમ સિવાય કશું જ ખાવા પીવા મળતું ન હતું. *(બુખારી, ભાગ-૧, પેજ-૫૪૪, બાબ : ઈસ્લામે અબી ઝર)*

અને યાદ રહે કે મક્કાના કાફિરોનું એ વર્તન માત્ર ગરીબ સહાબા કે ગુલામો સુધી જ સીમિત ન હતું પરંતુ ઈસ્લામ અંગીકાર કરવાના ગુનાહમાં મોટા મોટા માલદારો અને ધનિકોને પણ એ અત્યાચારીઓએ છોડયા નહીં, મક્કા શહેરના ધનિક અને પ્રતિષ્ઠિત કુટુંબના સભ્ય એવા હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہને પણ કા'બાના હરમમાં કુરૈશના કાફિરોએ એવો માર માર્યો કે એમનું માથુ લોહીથી ખરડાઈ ગયું. એ જ રીતે અન્ય ધનિક અને પ્રતિષ્ઠિત એવા હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ જ્યારે મુસલમાન થયા ત્યારે પારકાઓએ નહીં પણ ખૂદ એમના જ કાકાએ એમને દોરડાથી બાંધીને ખૂબ ફટકાર્યા હતા. ઝુબૈર બિન અલ્ અવ્વામા رضی اللہ عنہ ભારે રુઆબદાર વ્યક્તિ હતા પણ જ્યારે તેમણે ઈસ્લામ અંગીકાર કર્યો ત્યારે તેમના કાકા તેમને ચટાઈમાં લપેટીને તેમના નાકમાં ધુમાડો કરતા હતા જેથી તેમનો શ્વાસ રુંધાવા લાગતો. હઝરત ઉમર رضی اللہ عنہના પિત્રાઈ ભાઈ અને બનેવી હઝરત શાહિદ બિન ઝૈદ ઈસ્લામ લાવ્યા ત્યારે હઝરત ઉમર رضی اللہ عنہએ એમને દોરડાથી બાંધીને ખૂબ ફટકાર્યા હતા. હઝરત ઉમર رضی اللہ عنہને જ્યારે ખબર થઈ કે એમના બહેન બીબી ફાતિમા બિન્તે અલ ખત્તાબ પણ ઈસ્લામ લઈ આવ્યાં છે ત્યારે હઝરત ઉમરે પોતાની બહેનને એવો તમાચો માર્યો કે એમનો કાનનો ઝુમખો તૂટી પડયો અને એમનું શરીર લોહી લુહાણ થઈ ગયું હતું. આ હતો સહાબાએ કિરામની કુર્બાનીનો જઝબો અને ઈસ્લામ પ્રતિનો પ્રેમ કે તેઓ લાખો તકલીફો હોવા છતાં પણ સહેજ ખચકાયા

નહીં, અને એમના મહોબ્બતે રસૂલ ﷺના જઝબાથી આજે ઈસ્લામ દુનિયામાં સર્વત્ર ફેલાયેલો દેખાય છે અને એમની મહેનતના પરિણામે આજે ઈસ્લામનો દીપક ખૂબ જ તીવ્રતાથી પ્રગટે છે. અલ્લાહ તઆલા અમને પણ ઈસ્લામની મહોબ્બત અને ઈશ્કે રસૂલ ﷺથી નવાજે.

## ★ દીને હક્ક માટે સહાબિયાતની કુર્બાનીઓ ★

પ્યારા દીની ભાઈઓ ! જેમ કે ઈસ્લામ એ સર્વને સમાન દરજ્જો આપતો ધર્મ છે, કોઈ નાનુ નથી કોઈ મોટુ નથી, તો જ્યાં સહાબાએ કિરામની કુર્બાનીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો ત્યાં જ સંક્ષિપ્તમાં અલ્લાહના રસૂલ ﷺ પર જાન ન્યોછાવર કરવાવાળી સહાબિયાત رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْنَની વાત પણ કરી લઈએ. કેમ કે જેટલી કુર્બાનીઓ સહાબાની છે એટલી જ કુર્બાનીઓ ઈમાન લાવવાવાળી સહાબિયાતની પણ છે અને આ જ લખાણથી અમારી માં અને બહેનો પણ બોધ ગ્રહણ કરશે અને એમની જિંદગીથી પાઠ ભણશે.

હઝરત બીબી લુબૈના رضی اللہ عنہا જેઓ દાસી હતાં. હઝરત ઉમર رضی اللہ عنہ જ્યારે કુફ્રની સ્થિતિમાં હતા ત્યારે એ ગરીબ મુસ્લિમ દાસીને એટલો માર મારતા હતા કે તેઓ પોતે પણ થાકી જતા હતા તેમ છતાં હઝરત લુબૈના رضی اللہ عنہا ઉફ પણ કરતાં ન હતાં, બલ્કે અત્યંત હિંમત અને દઢતા સાથે કહેતાં હતાં કે, હે ઉમર ! જો તમે ખુદાના સાચા રસૂલ પર ઈમાન નહીં લાવો તો ખુદા તમારાથી જરૂર બદલો વાળશે.

એવી જ રીતે હઝરત જીન્નીરા رضی اللہ عنہاપણ હઝરત ઉમરના કુટુંબનાં દાસી હતાં. તેઓ પણ ઈસ્લામ લાવી ચૂક્યાં હતાં ત્યારે કાફિરોએ એમના પર એવો અત્યાચાર ગુજાર્યો કે તેમને પોતાની આંખો ગુમાવવી પડી હતી. પરંતુ જેઓ ઈસ્લામ માટે કુર્બાનીઓ આપે છે તેઓ અલ્લાહ અને તેના રસૂલના મહબૂબ થઈ જાય છે. એટલે જ ખુદાવંદે તઆલાએ પોતાના નબી ﷺની દુઆઓથી તેમની આંખોમાં ફરીથી રોશની આપી દીધી ત્યારે કાફિરો કહેવા લાગ્યા કે આ તો ખુલ્લો જાદૂ છે ! *(ઝુર્કાની મવાહિબ, ભાગ-૧, પેજ-૨૭૦)*

એવી જ રીતે ઘણી મહાન હસ્તીઓએ ઈસ્લામ માટે કુર્બાનીઓ આપી એમાં ઉમ્મહાતુલ મો'મિનાતનો પણ ઘણો મોટો ભાગ છે, જેમણે ઈશ્કે રસૂલ અને દીને હક્ક માટે પોતાના ઘર, રિશ્તેદારી, સુખ, સગવડ, પૈસા બધી જ દુનિયવી વસ્તુ ત્યાગી દીધી અને દુનિયાને બદલે આખેરતને અપનાવી લીધી. અલ્લાહ પાક એમના સદકા તુફૈલ સર્વ મો'મિન માંઓ બહેનોને નેક તૌફીક અતા ફર્માવે અને ઈશ્કે રસૂલમાં રહીને ઈબાદતે ઈલાહી કરવાની તૌફીક અતા ફર્માવે.

## ★ ઈસ્લામિક "ગઝવહ" (જંગ) અને કુર્બાનીઓ ★

જ્યારે કાફિરોની તકલીફો અને એમની તરફથી થતા જુલ્મો સિતમથી સહાબાએ કિરામ વિવશ થઈ ચૂક્યા ત્યારે નાછૂટકે તેમણે દીને ઈસ્લામને બચાવવા અને નબીએ કરીમ ﷺની મહોબ્બતમાં અને અલ્લાહના હુકમથી તલવારો ઉપાડવી પડી અને તેઓએ પોતાની જાનની કુર્બાનીઓ પણ ઈસ્લામ માટે આપી દીધી હતી.

હિજરી સન ૩માં સૌથી મોટી ઘટના બની એ હતી જંગે ઉહદ. આ જ જંગે ઉહદમાં ઈસ્લામના મોટા મોટા જાંનિષારો શહીદ થયા. અહીં સંક્ષિપ્તમાં આ ઘટનાનું વર્ણન જોઈ લઈએ :-

## ★ હઝરત હમ્ઝા رضی اللہ عنہની શહાદત ★

સૈયદુશ્શોહદા હઝરત હમ્ઝા رضی اللہ عنہની શહાદત ખૂબ જ નિર્દયતાપૂર્વક કરવામાં આવી. વહશી કે જે એક હબ્શી ગુલામ હતો તેણે પોતાના માલિક જુબૈર બિન મુત્ઈમના વચનનું પાલન કરતાં દૂરથી એક

એવો નેજો ફેંકીને માર્યો જે આપની નાભીમાં વાગ્યો અને આપની પીઠ પાછળથી નીકળી ગયો અને આપ શહાદતથી સરફરાઝ થઈ ગયા. પરંતુ એમની શહાદત પછીનો બનાવ એ છે કે જે સાંભળીને મોટા મોટા વીર પુરૂષનાં કાળજાં મોઢામાં આવી જાય. અબૂ સુફયાનની પત્ની હિંદાએ તો નિર્દયતાનું એવું વરવું પ્રદર્શન કર્યું કે જ્યારે આપની લાશ તેને મળી તો તેનાં નાક, કાન કાપીને હાર બનાવીને પહેર્યાં હઝરત હમ્ઝાએ જંગે બદરમાં હિંદાના પિતા ઉત્બાની કત્લ કરી હતી તેથી એ પથ્થર દિલ મહિલાએ ખંજર વડે હઝરત હમ્ઝા رضی اللہ عنہનું પેટ ચીરી નાખ્યું અને એમાંથી કાળજુ કાઢી લીધું અને તેણે ચાવી ગઈ, પરંતુ એ ગળામાંથી નીચે ઉતરી શક્યું નહીં અને એણે ઓકી કાઢયું. આથી જ ઈતિહાસમાં હિંદાનો લકબ જિગર ખ્વાર છે. આ હતા શૂરવીરો જેમણે ઈસ્લામ પર પોતાની જાન ન્યોછાવર કરી દીધી. અલ્લાહ તઆલા એમની કબ્રોમાં નૂર અતા ફર્માવે અને એમની કબ્રોને જન્નતના બગીચા બનાવી દે. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૪૭ વગેરે..)*

હિંદા અને તેમના પતિ અબૂ સુફયાને હિ.સ. ૮માં પવિત્ર મક્કા પર વિજયના દિવસે ઈસ્લામ કબૂલ કર્યો હતો. (رضی اللہ عنہما)

## ★ હઝરત ઝૈદની શહાદત ★

હઝરત ઝૈદ બિન દશનાની કત્લનો તમાશો જોવા માટે કુરૈશના કાફિરો મોટી સંખ્યામાં એકઠા થયા હતા જેમાં અબૂ સુફયાન પણ હતા. જ્યારે એમને (હઝરત ઝૈદ)ને શૂળીએ ચઢાવીને હત્યારાએ હાથમાં તલવાર લીધી ત્યારે અબૂ સુફયાને કહ્યું કે, "હે ઝૈદ ! સાચુ કહેજો ! સાચુ કહેજો ! જો અત્યારે તમારા બદલે મુહમ્મદ صلی اللہ علیہ وسلمની આ રીતે કત્લ કરવામાં આવી હોત તો શું તમને એ ગમી હોત ખરી ?" સુબ્હાનલ્લાહ ! શું કુર્બાનીનો જઝબો હતો કે હઝરત ઝૈદ અબૂ સુફયાનનું આ મહેણું સાંભળી કાંપી ગયા અને ભાવુક્તાપૂર્વક બોલ્યા :–

"હે અબૂ સુફયાન ! ખુદાના સોગંદ ! મારા જીવનું બલિદાન મને વધુ વહાલુ છે, પરંતુ પ્યારા રસૂલ صلی اللہ علیہ وسلمના પવિત્ર તળીયામાં એક કાંટો ખુપી જાય એ હું ક્યારેય સહન ન કરી શકું !"

મુઝે હો નાઝ કિસ્મત પર અગર નામે મુહમ્મદ પર
યેહ સર કટ જાએ ઔર તેરા કફે પા ઉસ્કો ઠુકરાએ
યેહ સબ કુછ ગવારા હય પર યહ મુઝસે હો નહીં સક્તા
કે ઉનકે પાંવ કે તલ્વેમેં ઈક કાંટા ભી ચુભ જાએ

આ સાંભળીને અબૂ સુફયાને કહ્યું કે, મેં મોટા મોટા મહોબ્બત કરનારાઓ જોયા છે પરંતુ મુહમ્મદ صلی اللہ علیہ وسلمના આશિકોનો જોટો જડતો નથી. સફવાનના ગુલામ નસ્તાસે તલ્વારથી હઝરત ઝૈદની ગરદન ઉતારી લીધી હતી. આ છે જઝબો ઈશ્કે રસૂલનો કે દીને ઈસ્લામ માટે પોતાની જાન પણ દઈ દીધી પણ નબીની જાત પર કોઈ આંગળી પણ ઉપાડે એ સહન થતું. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૭૩)*

## ★ સહાબાની કુર્બાની અને આપણે ! ★

પ્યારા ઈસ્લામી ભાઈઓ ! આ હતી સહાબાએ કિરામની કુર્બાનીઓ જે આપણે ખૂબ જ સંક્ષિપ્તમાં વાંચી લીધી. પણ એના સિવાય પણ હજારો હદીષોથી સહાબાની કુર્બાનીઓ સાબિત થાય છે. લાખો સહાબાએ હજારો તકલીફો વેઠી પોતાના વતનને છોડી દીધાં, સુખ સગવડ ત્યાગી દીધાં, ખાવાનું પીવાનું પણ ભૂલી ગયા અને ઈસ્લામની ખાતર પોતાનું તન, મન, ધન ન્યોછાવર કરી દીધું, આ કુર્બાનીના પરિણામે જ અલ્લાહ પાક عزوجل અને તેમના પ્યારા નબી صلی اللہ علیہ وسلمએ તેમનાથી રાજી થઈ આખેરતની તમામ નેઅમતોની ખુશખબરી દુનિયામાં જ આપી દીધી અને તેઓ દુનિયામાં સર્વ માણસોમાં શ્રેષ્ઠ દરજ્જો ધરાવતા થઈ ગયા. પણ આજે આપણે જાણે એમની કુર્બાનીને વેડફી નાખી હોય એમ લાગે છે, એમની મહેનત થકી ઈસ્લામ

તો આપણા સુધી પહોંચી ગયો પણ આજે આપણી એ હાલત છે કે જાણે આપણને આ દીનની કોઈ કદર જ નથી ! નમાઝ, રોઝા હોય કે સુન્નતે રસૂલ ﷺ આપણે સૌથી દૂર દેખાઈએ છીએ. આપણી સવાર અને સાંજ ગુનાહોમાં વીતી જાય છે, ચુગલખોરી, બુરી અને બિભત્સ વાતો આપણા સમાજનું એક અંગ બની ગઈ હોય એમ લાગે છે. આપણા જ વડીલો તરફથી આપણને ધંધાકિય વાતો તો શીખવા મળે છે પણ દીની વાતોથી આપણા વડીલો પણ ખૂબ જ દૂર દેખાય છે, ઘરોમાં બેસી ટી.વી. અને સી.ડી. પર લગાડેલા ખરાબ સીન જોવા એ તો આપણને ગમે છે પણ અઝાનની અવાજ એ આપણને સંભળાતી નથી, ઈશ્કે રસૂલ અને સુન્નતે મુસ્તફાની આજે જ્યારે સૌથી વધારે જરૂર જણાઈ રહી છે એવા નાઝુક માહોલમાં આપણા નવજવાન ફિલ્મ ઈન્ડ્રસ્ટીના બેહયા અને બેશરમ કલાકારોને પોતાનો આઈડલ બનાવી બેઠા છે. આજનો મુસલમાન પોતાને મુસલમાન તો કહે છે, પણ કોઈ એવું કામ નથી જે સુન્નતે મુસ્તફાથી લાગીને હોય ! આપણું ઉઠવું, બેસવું, ખાવું, પીવું બધું જ સુન્નતે મુસ્તફાથી ખૂબ જ દૂર જણાય છે.

અને આજ વસ્તુ આપણી માં અને બહેનોમાં પણ ખૂબ જ જોર શોરથી દેખાય છે કે જે વસ્તુ આપણને આઈપણા બુઝુર્ગો પાસેથી મળી હતી એ શરમ, હયા, તેહઝીબ એ બધી વસ્તુની ઉણપ આજે આપણી માં બહેનોમાં જોવા મળે છે. આજે વગર પડદે ફરતી આપણી બહેનો ખુલ્લે આમ લોકોની નજરોનો શિકાર બની રહી છે, ઘરમાં લગ્ન હોય કે કોઈ નાનો એવો પ્રસંગ હોય પણ સૌથી વધારે બેહયાઈ આપણી બહેનોના ભાગે જાય છે. બધાનાં સામે, નાચવું, ગીત ગાવાં, શોભા ન આપે તેવા વાક્યો બોલવાં એ આજે આપણા ઘર અને સમાજનું અંગ બની ગયું છે. પણ આ બધી વસ્તુની જિમ્મેદારી તો ઘરના વડીલોના જ ફાળે જાય છે, કેમ કે અલ્લાહ તઆલાએ મર્દને હાકેમ બનાવ્યા છે પોતાના ઘરવાળાઓ ઉપર, પણ આજે આપણા વડીલો પણ આવું નાચ, ગાન સાંભળીને ખુશ થતા નજર આવે છે ! અને એવું કહીને છૂટી જાય છે કે લગ્ન પ્રસંગમાં તો આવું થતુ રહે છે ! પણ હે મુસલમાનો ! આ બધાં જ બહાનાં અલ્લાહ તઆલાને ત્યાં નકામા સાબિત થશે અને તેની સજા ઘરના વડીલોને ભોગવવી પડશે. અને આ બધું કરીને તેઓ કોને ખુશ કરી રહ્યા છે એ સમજમાં નથી આવતું ?! પોતાને અરીસામાં જુઓ અને શરમ કરો કે સહાબાની મહેનતને કેવી રીતે આપણે પાણીમાં નાખી રહ્યા છીએ. હજારો સહાબાની શહાદત અને મહેનતથી જે દીન ફેલાયો છે અને આજે આપણા સુધી પહોંચ્યો છે તેની આપણે કેવી રીતે સંભાળ લઈ રહ્યા છીએ ?!

હે મુસલમાનો ! ઈશ્કે રસૂલની જે જ્યોત આપણા દિલની અંદર જીવંત છે તેને વધુ ભડકાવો, અને સાચા આશિકે રસૂલ બનીને જિંદગી વિતાવો. નમાઝની પાબંદી કરો અને સહાબાએ કિરામના તરીકા પર ચાલી આપસમાં ભાઈ ભાઈ બનીને જિંદગી વિતાવો અને દુઆ કરો કે અલ્લાહ તઆલા પોતાના પ્રિય નબી અને સહાબાના સદકે આપણી જિંદગી બીજાના માટે પણ નમૂનો બનાવે અને ઈશ્કે રસૂલમાં જિંદગી પસાર કરવાની તૌફીક અતા ફર્માવે. (આમીન)

**લેખ હરીફાઈમાં ભાગ લેનારાઓ માટે**

આગામી લેખનો વિષય છે :–

**ઈલ્મે દીનનું મહત્વ અને આપણે**

તા. ૧૨–૪–૨૦૦૬ સુધીમાં કાર્યાલયના સરનામે આ વિષયે લેખ મોકલી આપવો.

## બરકાતે ખ્વાજાની ટપાલ

### ★ અલ્લાહ જઝાએ ખૈર આપે ★

**બોલ્ટન** : જનાબ હાફેઝ યૂનુસ ઝંઘારવાળા, હાજી અબ્દુલ્લાહભાઈ છબુ નબીપુરી તથા મક્તબાએ કાદરિયા (બોલ્ટન) થકી હિફઝ તથા તજવીદ પઢતા છોકરાઓ માટે ૫૫ નંગ કુર્આન શરીફ તજવીદવાળાં તથા કેટલીક કિતાબો અમને મોકલી છે જેને થામ, આમોદ, ચાંચવેલ, ભરૂચ, ટંકારીઆ, દયાદરાનાં દારુલ ઉલૂમોમાં તકસીમ કરવામાં આવેલ છે. મૌલા તઆલા તેના હબીબે પાક ﷺના સદકામાં આ નેક કાર્યને બેહતરીન બદલો આપે. (આમીન) *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**તીલકવાડા** : જનાબ સૈયદ હુસૈનિમિયાં બાપુ (તલાટી)ના પુત્ર જાવેદ બાપુને ત્યાં પુત્ર જન્મ તા. ૧૦–૨–૦૬ના રોજ થયો. બાળકનું નામ "મોઈનુદ્દીન" રાખેલ છે તેની ખુશીમાં બરકાતે ખ્વાજા (માસિક)ને રૂા. ૧૦૧/– ઈમદાદ મોકલેલ છે. (મુબારકબાદ ! જઝાકલ્લાહ !)

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**પાલેજ** : થી યંગ સુન્ની મુસ્લિમ કમિટીના સક્રિય કર્તાહર્તા જનાબ અ. મજીદ શેખ જણાવે છે કે "જશ્ને શોહદાએ કર્બલા" નિમિત્તે ૧૦ મુહર્રમના રોજ વિવિધ મસ્જિદોમાં તકરીરી તથા કુર્આન ખ્વાનીના પ્રોગ્રામો થયા. આઝાદ નગરી રઝા ચોકમાં ઈશા બાદ સુન્ની દા'વતે ઈસ્લામીનો શાનદાર ઈજતેમા થયો જેમાં મુબલ્લિગ ઈમ્તિયાઝભાઈ ભીવંડીવાળાએ બયાન કર્યું હતું. તેમજ બે દિવસ હાજી અ. હમીદ મેમણને ત્યાં ઔરતોના ઈજતેમા થયા જેમાં આલિમા મુબલ્લિગા અનીસાબેને બયાન કર્યું હતું.

### ★ દાહોદમાં જશ્ને મુફતીએ આ'ઝમે હિંદ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُની શાનદાર ઉજવણી ★

તા. ૧૫–૨–૦૬ના રોજ દાહોદ સુન્ની દા'વતે ઈસ્લામી દ્વારા જશ્ને મુફતીએ આ'ઝમે હિંદની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ઈન્દોરથી પધારેલા નૂરીબાબા (ખલીફાએ મુફતીએ આ'ઝમે હિંદ) (૧) અલ્હાજ હાફિઝ અબ્દુલરહીમ સાહબ–ભરૂચ (૨) જનાબ ઈમ્તેયાઝ રઝાએ પોતાના અનોખા અંદાજમાં બયાન કર્યું હતું.

પ્રોગ્રામની શરૂઆતમાં દાહોદના મુબલ્લિગ **(૧)** મોહસિન રઝા **(૨)** મુહમ્મદ ઈમરાન રઝા **(૩)** મુહમ્મદ શાહિદ રઝાએ સારી એવી નઅતો પઢી હતી. તે પછી દાહોદના જનાબ જાવેદ રઝાએ મુખ્તસર બયાન કર્યું હતું.

ત્યાર પછી હાફિઝ અબ્દુર્રહીમ સાહબે પોતાના અનોખા અંદાજમાં નઅત શરીફ રજૂ કરી લોકોની ઉપસ્થિત હજારોની મેદનીને મંત્રમુગ્ધ કરી દીધી હતી. અને ત્યાર બાદ જનાબ ઈમ્તિયાઝ રઝાએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદના અનેક કિસ્સાઓ રજૂ કર્યા હતા અને ઔરતોને ઈસ્લામમાં પર્દા વિશેની સમજ આપતું બયાન કર્યું હતું.

અને અંતમાં નૂરી બાબાએ શરૂઆતમાં નઅત શરીફ ગુનગુનાવી પછી બયાન કર્યું હતું. નૂરીબાબાએ પોતાના બયાનમાં બતાવ્યું હતું કે આ'લા હઝરત અને હુઝૂર મુફતીએ આ'ઝમની આકરી મહેનતથી આપણા સુન્ની ભાઈઓના ઈમાનની હિફાઝત થઈ છે. અને ખાસ કરીને તેમણે દુનિયામાં ફેલાતી વહાબિયતની કમ્મર તોડી નાખી. અંતમાં નૂરી બાબાએ દુઆ ફર્માવી હતી.

**રજૂકતા** : ફારૂકભાઈ પટેલ *(સુન્ની દા'વતે ઈસ્લામી દાહોદ શાખા)*

## ★ જૂનાગઢમાં શહીદે આ'ઝમ તથા મુફ્તીએ આ'ઝમ ★

જૂનાગઢ ખાનકાહે નૂરીય્યાહ રઝવિય્યાહ તરફથી તા. ૧૨–૨–૨૦૦૬, રવિવારે, રાત્રે ઈશાની નમાઝ બાદ ઈમામ અહમદ રઝા રોડ, મસ્જિદે રઝા પાસે હુઝૂર સૈયદના ઈમામે આલી મુકામ رضی اللہ عنہ તથા શેહઝાદએ આ'લા હઝરત કુત્બે આલમ હુઝૂર મુફતીએ આ'ઝમે આલમ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُના વાર્ષિક (૨૫)મા ઉર્સ શરીફ તથા મદ્રસએ અન્વારે મુસ્તફા હિફઝુલ કુર્આનના ઈફતેતાહના મુબારક મૌકા ઉપર મોહસિને આ'ઝમ કોન્ફરન્સ ઉસ્તાઝુલ ઉલ્મા, પીરે તરીકત, શૈખે શરીઅત, હઝરત અલ્લામા મુફતી સૈયદ મો. આરિફ સાહબ રઝવી (બહેરાઈચ શરીફ, યુ.પી.)ની સદારતમાં તથા જાનશીને હુઝૂરે અમીરે અહલે સુન્નત, પીરે તરીકત, હઝરત અલ્લામા ગુલઝાર અહમદ સાહબ નૂરી રઝવીની સરપરસ્તીમાં શાનો શૌકતથી મનાવવામાં આવેલ જેમાં અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના હાફિઝ મો. શાકિર રઝવી સાહબ (મુંબઈ) હઝરત અલ્લામા મલીક આરિફુલ્લાહ સાહબ–જામનગર, હઝરત મુફતી મતીઉર્રહમાન સાહબ–અહમદાબાદ, હુઝૂર સૂફી મકબૂલ રઝા સાહબ–મુરાદાબાદ વગેરે... આલિમોએ શાનદાર તકરીર ફર્માવી હતી. સુન્ની દા'વતે ઈસ્લામીના નાયબ અમીર અને વિ□ભરના જાણીતા બુલબુલે બાગે મદીના કારી મો. રિઝવાન સાહબ–મુંબઈએ નાતે રસૂલ પેશ કરી હતી. રાતે ૧.૪૦ મિનીટે કુલ શરીફ, સલાતો સલામ બાદ આમ ન્યાઝ જમાડવામાં આવી હતી. હજારોની સંખ્યામાં ગામે ગામથી અકીદતમંદોએ હાજરી આપી, ખિરાજે અકીદત પેશ કરી મોહસિને આ'ઝમ કોન્ફરન્સને કામિયાબ બનાવી ફયૂઝો બરકાત હાંસલ કરેલ તેમ ખાનકાહે રઝવિય્યહ્ નૂરીય્યહ્ વતી હાજી મો. હનીફ રઝવીની યાદી જણાવે છે. *(રજૂ. –મો. હનીફ રઝવી નૂરી)*

## ★ શાદી મુબારક થજો ! ★

**નબીપુર** : જનાબ મકબૂલ આદમ મૂસા કડુજીની નેક પુત્રી તબસ્સુમ બાનુની શાદી જનાબ મલેક યૂનુસ (હાલ : બ્લેકબર્ન, યુ.કે.)ના સુપુત્ર મોહસિન સાથે તા. ૫–૩–૨૦૦૬ના રોજ રાખવામાં આવી. (દુલ્હા દુલ્હનને મુબારકબાદ !)

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**પુરસા** : પઠાણ નિઝામખાં ઈબ્રાહીમખાંની નેક દુખ્તર વહીદાબાનુની શાદી તા. ૨–૩–૨૦૦૬ના રોજ કનાયડાવાસી નસીરખાં અહમદ ખાંના નેક ફરઝંદ ફિરોઝખાં સાથે રાખવામાં આવી. (મુબારકબાદ !)

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ભરૂચ** : અબ્દુલ્લાહ ઈબ્રાહીમ લીમડીવાળા (ઓપરેટર)ની દુખ્તરે નેક અખ્તર શબીહાની શાદી પ્રેસ્ટન યુ.કે. નિવાસી ફરીદભાઈ ઝંઘારીયાના નેક ફરઝંદ ઈદરીસ સાથે તા. ૧૨–૩–૦૬ના રોજ રવિવારે રાખવામાં આવી. (મુબારકબાદ !)

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ઈન્તેકાલ પુરમલાલ !

**બાલાસિનોર** : થી એ. એ. શેખ ગનીમત જ્યુબેલીવાલા જનાબ "ગનીમત" બાલાસિનોરી જણાવે છે કે તેમના અહલિયા મર્હૂમા હજીયાણી અમીનાબીબી ટૂંકી માંદગી બાદ તા. ૧૫–૧૨–૦૫ના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયાં છે. મૌલા કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમાની મગફેરત ફર્માવે, આ'લા જન્નત અતા કરે અને કુટુંબીજનોને સબ્રે જમીલ આપે. (આમીન)

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**સિસોદરા** : ખાતેથી ઈસ્માઈલભાઈ સોલંકી જણાવે છે કે સક્રિય કાર્યકર સેવાભાવી નવયુવાન સોલંકી ઐયૂબખાં મુહમ્મદખાં તા. ૧૧–૧–૨૦૦૬ને બુધવારે અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે. મૌલા કરીમ મગફેરત ફર્માવે. (આમીન)

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*